
ISSN-0971-8397

# યોજના

એપ્રિલ-૨૦૧૬ વિકાસને સમર્પિત માસિક ₹ ૨૨



## ઉત્તર-પૂર્વ : વિકાસની નવી ક્ષિતિજે

ઉત્તર-પૂર્વનાં રાજ્યોની શિક્ષણ અને રોજગાર તરફ આગેકૂચ

ઉત્તર-પૂર્વનો વિકાસ : શિક્ષણ, સ્વાસ્થ્ય અને મહિલાઓની સ્થિતિમાં સુધારો

ઉત્તર-પૂર્વ રાજ્યોમાં માળખાકીય સુવિધાઓ

પૂર્વોત્તર રાજ્યોમાં પડકારો અને તકો

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં સ્કિલ સંવર્ધન : વિકાસની ચાવી

વિશેષ લેખ

ઉત્તર-પૂર્વમાં આદિજાતિ વિકાસ

# PUBLICATIONS DIVISION

**website: publicationsdivision.nic.in**

# Some Prestigious Titles Now Available Online

- India 2016 (also available as eBook)
- Bharat 2016 (also available as eBook)
- Legends of Indian Silver Screen (also available as eBook)
- Abode Under The Dome
- Winged Wonders of Rashtrapati Bhavan
- Right of The Line : The President's Bodyguard
- Indra Dhanush
- The Presidential Retreats of India
- Rashtrapati Bhawan
- Belief In The Ballot (also available as eBook)
- Gandhi : Jeevan Aur Darshan (hindi)
- 1857 The Uprising
- Sardar Patel-Sachitra Jeevni(hindi) (also available as eBook)
- Sardar Patel - A Pictorial Biography (also available as eBook)
- Basohli Painting
- Kangra Painting
- Indian Women : Contemporary Essays
- Bharat Ki Ekta Ka Nirman (hindi) (also available as eBook)
- Yuva Sanyasi (hindi)
- Gazetteer of India Vol.2
- The Geet Govinda of Shri Jaydev
- **Who's Who of Indian Martyrs (Vol-I)**
- **Who's Who of Indian Martyrs (Vol-II)**
- Saga of Valour
- Some Aspects of Indian Culture
- Art & Science of Playing Tabla (also available as eBook)
- Indian Classical Dance
- Celebration of Life : Indian Folk Dance
- **Nataraja**
- Bengali Theatre: 200 Years (also available as eBook)
- Bihari Satsai (hindi)
- Bihari Satsai - A Commentary
- Eye In Art
- Looking Again At Indian Art
- The Life of Krishna In Indian Art
- Pahari Painting of Nala Damayanti Theme
- Ajanta Ka Vaibhav (hindi)
- Bharatiya Kala - Udhbhav Aur Vikas (hindi)
- Bharatiya Chitrakala Main Sangeet Tatva (hindi)
- South Indian Paintings
- Garhwal Chitrakala (hindi)
- A Moment In Time
- Samay, Cinema Aur Itihas (hindi)
- Indian Cinema Through The Century
- Bharatiya Cinema Ka Safarnama (hindi)
- A History of Socialism
- Lamps of India
- Bharat Ke Durg (hindi)
- Wood Carving of Gujarat
- Lawns And Gardens
- Paryavaran Sanrakshan : Chunotiyan Aur Samadhan (hindi)

## eBooks

- Lokmanya Bal Gangadhar Tilak
- The Gospel of Buddha
- Introduction To Indian Music
- Sardar Vallabhbhai Patel
- Sardar Vallabhbhai Patel (Adhunik Bharat Ke Nirmata Series)
- Lauh Purush Sardar Patel
- Aise They Bapu
- Mahatama Gandhi -A Pictorial Biography
- Gandhi In Champaran
- Mahatma Gandhi And One World

**Printed Books available at flipkart.com**
**eBooks at kobo.com**

**આયોજન અને વિકાસને સમર્પિત**

એપ્રિલ-૨૦૧૬

વર્ષ : ૪૪ અંક : ૦૧ સળંગ અંક : ૭૮૪

# યોજના

મુખ્યતંત્રી : દીપિકા કચ્છલ
નાયબ નિયામક : અમિતા મારુ
તંત્રી : અજય ઈન્દ્રેકર

યોજના કાર્યાલય
લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in

## વિષયસૂચિ

ઉત્તર-પૂર્વના રાજ્યોની શિક્ષણ અને રોજગાર તરફ આગેકૂચ
નેતલી વેસ્ટ ખારકોંગર ........ ૫

ઉત્તર-પૂર્વનો વિકાસ : શિક્ષણ, સ્વાસ્થ્ય અને મહિલાઓની સ્થિતિમાં સુધારો
ડૉ. અરૂણા ભટ્ટાચાર્ય ચક્રવર્તી ........ ૮

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં માળખાકીય સુવિધાઓ
ડૉ. ક્રિષ્ન દેવ ........ ૧૧

પૂર્વોત્તર રાજ્યોમાં પડકારો અને તકો
કે. રામનાથન ........ ૧૫

ઉત્તર-પૂર્વ ભારતમાં આદિજાતિ વિકાસ
એન. સી. સક્સેના........ ૧૮

કૌશલ્ય સંવર્ધન : ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યોના વિકાસની ચાવી
શ્રી સંજીવ દુગ્ગલ........ ૨૧

પૂર્વોત્તર ભારત : વિશ્વ પ્રવાસન માટે એક વણખેડાયેલ સ્વર્ગ
સૌરભકુમાર દિક્ષિત ........ ૨૪

બંધારણનું પરિશિષ્ટ ૭ : મેઘાલય રાજ્યના સંદર્ભમાં
ડૉ. ચિંતામણી રાઉત........ ૨૯

ઉત્તર-પૂર્વ ભારતમાં જળમાર્ગ
ડૉ. વિશ્વપતી ત્રિવેદી........ ૩૨

પૂર્વોત્તર રાજ્યોમાં કૃષિ વિકાસને નવો મોડ
ગૌતમ પુરોહિત........ ૩૪

ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સ્ત્રીની પરિસ્થિતિ – એક સરખામણી
ડૉ. ઋચા શાહ ........ ૩૭

ભારતના ઉત્તર-પૂર્વી રાજ્યની વિકાસયાત્રા
પ્રા. મનુભાઈ બી. શાહ ........ ૪૪

ઉત્તર-પૂર્વમાં જનસંખ્યાના વલણો
તુષાર હાથી ........ ૪૬

### ટાઈટલ

- આવરણ ડિઝાઈન : – ૧
- પ્રકાશન વિભાગની જાહેરાત : – ૨
- પ્રકાશન વિભાગની જાહેરાત : – ૩
- પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો : – ૪

**છૂટક નકલ : રૂ. ૨૨-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૨૩૦-૦૦, બે વર્ષ : રૂ. ૪૩૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૬૧૦-૦૦**
**લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)"ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે.**
**યોજના તથા કુરૂક્ષેત્રનું લવાજમ હવે ઓનલાઈન ભરી શકાશે. www.yojana.gov.in**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજના

# તંત્રીલેખ

## 'સેવન સિસ્ટર્સ'ની સમૃદ્ધિ માટે શિક્ષણ, રોજગારી અને માળખાગત સુવિધાનો ત્રિપાંખીયો અભિગમ મહત્ત્વપૂર્ણ




સામાન્ય રીતે આ રાજ્યો દેશમાં 'સેવન સિસ્ટર્સ' તરીકે જાણીતા છે - હકીકતમાં આ રાજ્યોની સાંસ્કૃતિક અને પ્રાદેશિક નિકટતાના કારણે તેમને આવી સુંદર અને લોકપ્રિય સંજ્ઞા આપવામાં આવી છે. વાત છે ઉત્તર પૂર્વના સાત રાજ્યોની - આસામ, ત્રિપુરા, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, અરૂણાચલ પ્રદેશ અને મણિપુરની તથા થોડા વર્ષ અગાઉ તેમાં સામેલ થયેલા સિક્કિમની. આ આઠ રાજ્યો આપણા દેશની ઉત્તરપૂર્વ સરહદ બનાવે છે - લાક્ષણિક અને ભૌગોલિક એમ બંને દૃષ્ટિએ. તેઓ રાજકીય અને સંરક્ષણાત્મક એમ બંને દૃષ્ટિએ અતિ મહત્ત્વપૂર્ણ છે. આ વિસ્તારના રાજ્યો ત્રણ આંતરરાષ્ટ્રીય સરહદો ધરાવે છે - મ્યાન્માર, બાંગ્લાદેશ અને સુપરપાવર ચીન સાથે.આ કારણોસર ઉત્તરપૂર્વના રાજ્યોની કોઈ પણ હિલચાલ વધુ મહત્ત્વપૂર્ણ અને વ્યૂહાત્મક છે.

આ તમામ રાજ્યોને તમામ મંચ પર સેવન સિસ્ટર્સ તરીકે ઓળખવામાં આવે છે, તેમ છતાં તેઓ તમામ ક્ષેત્રોમાં વિવિધતા ધરાવે છે - સાંસ્કૃતિક, ભૌગોલિક, વંશીય અને ભાષાકીય. જે રીતે એક બિહારી એક પંજાબીથી અલગ છે તે જ રીતે એક અસમી એક નાગાથી અલગ છે અને બોરો પોતાને ગારો ગણવામાં આવે તેવું ક્યારેય ઈચ્છતાં નથી. વસતિનો મોટો ભાગ આદિવાસીઓનો છે, જેના મૂળિયા વર્ષોથી આદિવાસી સંસ્કૃતિમાં રહેલા છે.

કુદરતી અને રળિયામણા ભૌગોલિક વિસ્તાર તથા વ્યાપક વિવિધતા સાથે આ વિસ્તાર ખરેખર પ્રવાસીઓને ખુશ કરે છે. આસામના રાષ્ટ્રીય પાર્કોથી લઈને જળધોધ અને મેઘાલય (વાદળોમાં વસેલ)ના તળાવો, કાંચનજંઘાની બરફથી લદાયેલા શિખરોથી લઈને સિક્કિમના મઠ સાથે આ રાજ્યો તમામ પ્રકારની કુદરતી સુંદરતા અને સાંસ્કૃતિક વિવિધતા ધરાવે છે. આ વિસ્તારના પરંપરાગત નૃત્યો રોમાંચ જગાવે છે, તો તેની હસ્તકળાઓ અને વસ્ત્રો સમગ્ર વિશ્વમાં લોકપ્રિય છે.

જો કે અહીં ઉગ્રવાદે ભરડો લીધો છે, જેણે તેની વિકાસની તકો આંચકી લીધી છે. શૈક્ષણિક સુવિધાઓ અને રોજગારીની તકો એ હદે ઓછી છે કે વર્ષોથી આ વિસ્તારમાંથી યુવાનો શિક્ષણ અને રોજગારી એમ બંને મેળવવા દેશના અન્ય વિસ્તારો તરફ દોટ મૂકે છે. વળી અહીંના સમાજમાં નશીલા દ્રવ્યોનું અન્ય એક જોખમ છે, જેમાં યુવાનો અને વૃદ્ધો બંને સમાન રીતે સંકળાયેલા છે. અહીં કૃષિ મહત્ત્વપૂર્ણ વ્યવસાય અને આજીવિકાનું માધ્યમ છે. આ રાજ્યો ચા, આદુ, ફળફળાદિ અને શાકભાજીઓના મુખ્ય ઉત્પાદકો છે. અહીં બાગાયતી પણ મોટા પાયે થાય છે - આ વિસ્તારમાં ઓર્ચિડ મોટા પાયે પાકે છે. પણ અહીં કૃષિની આધુનિક પદ્ધતિનો અભાવ છે એટલે ખેડૂતોને તેમના પ્રયાસનું પૂરતું ફળ મળતું નથી. વળી પૂર આ વિસ્તારની સ્થિરતા સામે મોટો ખતરો છે, જેમાં બ્રહ્મપુત્રા વિનાશક બનીને વહે છે. અહીં માળખું હજુ પર્યાપ્ત રીતે વિકસ્યું નથી - અહીં પહોંચવાનો મુખ્ય માર્ગ સિલિગુડી કોરિડોર છે, જે વિદેશી વિસ્તારોથી ઘેરાયેલ છે.

ઉત્તરપૂર્વના રાજ્યોને દેશના મુખ્ય પ્રવાહમાં લાવવા અને વિકાસના માર્ગે અગ્રેસર કરવા ઉપરોક્ત તમામ પરિબળોને ગંભીરતાપૂર્વક હાથ ધરવાની જરૂર છે, જેથી આ વિસ્તારના લોકોને ફાયદો મળી શકે અને અહીં સુખ-સમૃદ્ધિ આવી શકે.

# ઉત્તર-પૂર્વના રાજ્યોની શિક્ષણ અને રોજગાર તરફ આગેકૂચ

**નેતલી વેસ્ટ ખારકોંગર**




*મેઈક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટ અપ ઈન્ડિયા યોજનાનો લાભ મેળવવા માટે અને રોજગારીની તકો સર્જવા માટે ઉત્તર-પૂર્વના રાજ્યોએ તેમની કુદરતી ખનિજ સંપતિ, સંસાધનો તેમજ ભવિષ્યમાં વિવિધ ક્ષેત્રોમાં ઊભી થનારી રોજગારીની માંગના આંકડાઓ તૈયાર રાખવા જોઈએ. જેથી ભવિષ્યમાં કેટલી માનવ શક્તિ પૂરી પાડી શકાય તેમ છે, તેના આધારે શિક્ષણ પદ્ધતિનો અભ્યાસક્રમ નિર્ધારિત કરવામાં આવે, જેમાં ઉત્તર-પૂર્વના રાજ્યોમાં રોજગારને પ્રાધાન્ય અપાય, પડોશી દેશો અને રાજ્યોમાં રોજગારને પ્રોત્સાહન મળે, શિક્ષકોની કામગીરી અને તાલીમ તેમજ શિક્ષક વિદ્યાર્થી વચ્ચે વિચારોનું આદાનપ્રદાન કરતાં તાલીમ અને શૈક્ષણિક કાર્યક્મો કરવામાં આવે તે જરૂરી છે.*

ઉત્તર-પૂર્વના આપણા ક્ષેત્રમાં આઠ રાજ્યોનો સમાવેશ થાય છે. માર્ચ ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ આ રાજ્યોમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૭.૭૬ ટકા છે. જે આપણા દેશની ૭૪ ટકાની રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ વધારે છે. સાક્ષરતાનો ઊંચો દર છતાં ઉત્તર-પૂર્વના રાજ્યોમાં શિક્ષણની પદ્ધતિ સંપૂર્ણ અસંગઠિત અને અનેક મર્યાદાઓ અને પડકારોનો સામનો કરી રહી છે. ખાસ કરીને ટેકનિકલ શિક્ષણમાં પરિસ્થિતિ સારી નહીં હોવાથી ઘણાં ઉત્સાહી અને આશાસ્પદ યુવાનોને ઉચ્ચ શિક્ષણ માટે ઉત્તર-પૂર્વ ક્ષેત્રની બહાર જવું પડે છે. મહદ્અંશે શિક્ષણ પદ્ધતિ રાજ્ય સરકારના અંકુશમાં છે. જેની ગુણવત્તા દેશના અન્ય રાજ્યો જેટલી ચઢિયાતી નથી. આ રાજ્યો હજુ પણ શિક્ષણ આપવામાં પરંપરાગત પદ્ધતિને અનુસરે છે. આ ચીલાચાલુ શિક્ષણની પદ્ધતિથી માત્ર આ ક્ષેત્રમાંથી વિદ્યાર્થીઓનું અન્ય રાજ્યોમાં પલાયન થઈ રહ્યું છે. એટલું જ નહીં, પરંતુ શાળા અધવચ્ચેથી છોડી જતાં વિદ્યાર્થીઓના દરમાં પણ વધારો નોંધાયો છે. જે વર્ષ ૨૦૧૧-૧૨માં ધોરણ ૧ થી ૮માં ૪૦ પોઈન્ટ ૮ ટકાના દરની સામે ઉત્તર-પૂર્વમાં ૫૦ ટકાનો દર નોંધાયો છે.

ટેકનિકલ અને પ્રેક્ટિકલ અનુભવ વગરના પુસ્તકિયા અભ્યાસક્રમથી રોજગારની ક્ષમતા ઘટી છે અને બેરોજગારી વધી છે. આપણે ત્યાં એવા ઘણા બધા હાઈસ્કૂલ ગ્રેજ્યુએટ, ડિગ્રી ડિપ્લોમા ધારક કે અનુસ્નાતકો છે જેઓ કાં તો બેરોજગાર છે અથવા ઓછી રોજગારી મેળવે છે. આ ઉપરાંત દેશના અન્ય ભાગોની સરખામણીમાં ઉત્તર-પૂર્વના રાજ્યોમાં સારી ગુણવત્તાવાળી શૈક્ષણિક તકો કે વ્યવસાયિક શૈક્ષણિક સંસ્થાઓની પણ ઉણપ છે. ઉત્તર-પૂર્વના રાજ્યોમાં શિક્ષણ પદ્ધતિને માઠી અસર માત્ર આંતરિક નકારાત્મક પરિબળોને કારણે જ નથી પહોંચી પરંતુ બંધ અને હડતાલ જેવા બાહ્ય પરિબળોથી પણ તેને અસર પહોંચી છે. એવા પણ ઉદારણો છે કે, જ્યાં એક વર્ષમાં ૧૦૦ દિવસ પણ વર્ગો ચાલતા નથી. આ પરિસ્થિતિ માતા-પિતાને તેમના બાળકોને અન્ય રાજ્યોમાં મોકલવાની ફરજ પડે છે. જેમાં ઘણી વખત આવા બાળકોને માનવ-બાળ તસ્કરીનો ભોગ પણ બનવું પડતું હોય છે.

સર્વોચ્ચ અદાલતને મણિપુર રાજ્યમાંથી ૧૨ વર્ષથી નીચેના બાળકોને રાજ્યની બહાર નહીં મોકલવાનો આદેશ બહાર પાડવો પડ્યો હતો તેની પાછળના કારણોમાં એક કારણ બાળ તસ્કરીનું જ મનાય છે.

અસંતોષજનક શિક્ષણ પદ્ધતિ ઉપરાંત

આ વિસ્તારમાં ઉગ્રવાદની પ્રવૃત્તિ પણ વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તર-પૂર્વ છોડીને અન્ય રાજ્યોમાં જવાનું એક બીજું કારણ છે. ઉત્તર-પૂર્વના લગભગ તમામ રાજ્યો સીધી કે આડકતરી રીતે ઉગ્રવાદનો ભોગ બનેલા છે. અહીં આસામમાં ઉલ્ફા અને કારવત એન્ગલોંગ વચ્ચે ઘર્ષણ, નાગાલેન્ડમાં નાગલીમનો વિવાદ અને નાગાક્કકી વચ્ચેની અથડામણ, અરૂણાચલવાસીઓ વચ્ચેની અથડામણ, તેમજ ઉત્તર-પૂર્વના તમામ રાજ્યોમાં સ્થાનિક લોકો અને બહારથી આવીને વસેલા લોકો વચ્ચેની સમસ્યા પ્રવર્તે છે. સરહદ પારથી થતી દાણચોરી, ઉગ્રવાદ, અને સૈન્ય અને આતંકવાદીઓ વચ્ચે સતત ચાલતી અથડામણોથી ઉત્તર-પૂર્વના કેટલાંક રાજ્યમાં લોકોનું જીવન અત્યંત મુશ્કેલ અને પીડાદાયક બની રહ્યું છે. ઉગ્રવાદી જૂથોની સંખ્યામાં સતત વધારો લોહીયાળ અથડામણો, વારંવાર જાહેર હડતાલો, સશસ્ત્ર દળ વિશેષ સત્તા કાનૂન અને સરકારી તંત્રમાં ભ્રષ્ટાચારની બોલબાલાથી આ ક્ષેત્રમાં સામાજિક રાજકીય અસંતોષનો માહોલ છે.

વર્ષમાં ૧૦૦ દિવસની હડતાલ અને બજારો, શાળાઓ બંધ અને જાહેર વાહન વ્યવહાર ઠપ્પ જેવી ઘટનાઓથી આ ક્ષેત્રના કેટલાંક ભાગોમાં જીવન નર્ક જેવું બની રહે છે, આ ક્ષેત્રના ઘણા વિસ્તારોમાં ભાગ્યે જ દિવસમાં બે કલાક વીજળી મળે છે, પાણીનો પુરવઠો અઠવાડીયે એક કે બે વખત અપાય છે. બજાર અને દુકાનો સાંજે ૪-૦૦ વાગ્યા પછી બંધ થઈ જાય છે અને રાત્રે ૮-૦૦ વાગ્યા પછી રસ્તાઓ સુમસામ બની જાય છે અને આવી પરિસ્થિતિમાં રાત્રિ પેટ્રોલિંગ કરતી પોલીસ અથવા આતંકવાદીઓ દ્વારા કોઈની પણ સાથે હેરાનગતિ, અપહરણ, હત્યા કે લૂંટ જેવી ઘટનાઓ બની શકે છે.

ઉત્તર-પૂર્વના લોકો વર્ષોથી તેમના પોતાના ગામો કે શહેરોમાં રહેતા આવ્યા છે. અને જ્યાં સુધી ભારતના અન્ય મોટા શહેરોમાં વૈશ્વિકીકરણની અસર આવે ત્યાં સુધી તેઓ ક્યાંય પણ બહાર જવાનો ક્યારેય વિચાર કરતાં નહોતાં પરંતુ હવે વૈશ્વિકરણને પગલે રોજગારીની લાલચમાં આ વિસ્તારના યુવાનો મોટા શહેરો તરફ આકર્ષાઈ રહ્યા છે. અને શહેરોમાં કોલ સેન્ટર, શોપિંગ મોલ અને સેવા ક્ષેત્રમાં નોકરીઓ મેળવી રહ્યા છે.

આ ઉપરાંત આ ક્ષેત્રમાં સ્થાનિક કક્ષાએ સરકારી કે ખાનગી રોજગારીના અભાવથી પણ આ ક્ષેત્રના યુવાનોને રોજગારી માટે બહાર જવું પડી રહ્યું છે, વિવિધ વિજાતીય સમુદાયો અને બળવાખોરો વચ્ચેની અથડામણોથી હજાર ગામડાઓ નાશ પામ્યા છે અનેક લોકો મૃત્યુ પામ્યા છે અને અનેક લોકો ઘરવિહોણા અને અનાથ બની ગયા છે. ઘણાય લોકો આંતરિક રીતે વિસ્થાપિત થઈ ગયા છે. તો બીજા ઘણા પોતાના મિત્રો અને સગાઓ સાથે દિલ્હી, કોલકતા, મુંબઈ અને બેંગ્લોર જેવા શહેરોમાં સ્થાયી થયા છે.

આ ઉપરાંત ઉત્તર-પૂર્વના રાજ્યોમાં નાની મોટી નદીઓમાં પૂરથી વારંવાર અનેક વિસ્તારોમાં પાણી ફરી વળે છે. અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિને કારણે ઘણા ભાગોમાં વાહનવ્યવહારની સમસ્યા, સંદેશાવ્યવહારની સમસ્યા વગેરે સર્જાય છે અને લોકોની રોજગારીને માઠી અસર પડે છે. આથી શિક્ષિત બેરોજગાર યુવાનો રોજગારીની તલાશમાં વધુ સારા ક્ષેત્રો તરફ પલાયન કરે છે. આ વિસ્તારમાં વીજળી અને ઈન્ટરનેટ જેવી આધુનિક સુવિધાનો પણ અભાવ હોય છે. એવો પણ સમય હોય છે કે, જ્યારે ઘણા વિસ્તારોમાં સ્થાનિક અખબારો પણ પહોંચી શકતાં નથી અખબારો અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં કવરેજના અભાવથી આ ક્ષેત્રની મુશ્કેલીમાં વધુ વધારો નોંધાયો છે. આમ આ ક્ષેત્રમાંથી રોજગાર અને જીવનનિર્વાહ માટે પલાયન કરતાં લોકો માટે દિલ્હી આદર્શ સ્થળ બન્યું છે.

ઉત્તર-પૂર્વના રાજ્યોમાંથી દેશના અન્ય ભાગોમાં સ્થળાંતરિત થતાં લોકોને અટકાવવા માટે સૌ પ્રથમ તો અહીંની શિક્ષણ પદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર કરવાની જરૂર છે. નવી શિક્ષણ પદ્ધતિમાં ઔદ્યોગિક તાલીમ, જથ્થાને બદલે ગુણવત્તાને મહત્ત્વ, વિકસિત રાજ્યોની જેમ સંશોધન અને ઉદ્યોગ સાહસિકતાના વલણને પ્રોત્સાહન વગેરે ઉપર ધ્યાન આપવું જરૂરી છે. આ ક્ષેત્રમાં રોજગારનો દર વધારવા માટે કંપનીઓએ તેમની સામુદાયિક, સામાજિક જવાબદારી હેઠળ ટેકનિકલ અને નોનટેકનિકલ શૈક્ષણિક અને તાલીમ સંસ્થાઓની સ્થાપના માટે આગળ આવવું જોઈએ.

મેઈક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટ અપ ઈન્ડિયા યોજનાનો લાભ મેળવવા માટે અને રોજગારીની તકો સર્જવા માટે ઉત્તર-પૂર્વના રાજ્યોએ તેમની કુદરતી ખનિજ સંપતિ, સંસાધનો તેમજ ભવિષ્યમાં વિવિધ ક્ષેત્રોમાં ઊભી થનારી રોજગારીની માંગનાં આંકડાઓ તૈયાર રાખવા જોઈએ. જેથી ભવિષ્યમાં કેટલી માનવ શક્તિ પૂરી પાડી શકાય તેમ છે, તેના આધારે શિક્ષણ પદ્ધતિનો અભ્યાસક્રમ નિર્ધારિત કરવામાં આવે, જેમાં ઉત્તર-પૂર્વના રાજ્યોમાં રોજગારને પ્રાધાન્ય અપાય, પડોશી દેશો અને રાજ્યોમાં રોજગારને પ્રોત્સાહન મળે, શિક્ષકોની કામગીરી અને તાલીમ

તેમજ શિક્ષક વિદ્યાર્થી વચ્ચે વિચારોનું આદાનપ્રદાન કરતાં તાલીમ અને શૈક્ષણિક કાર્યક્રમો કરવામાં આવે તે જરૂરી છે.

ઉત્તર-પૂર્વના રાજ્યોની પાયાની શક્તિ સમાન અંગ્રેજી બોલી શકતો વિશાળ જન સમુદાય વિવિધ સંસ્કૃતિનું મિશ્રણ ધરાવતાં વિદ્યાર્થીઓ અને સાક્ષરતાનો ઊંચો દર વગેરેનો સંપૂર્ણ ફાયદો ઉઠાવવો જોઈએ. હવે કોઈ અભ્યાસ કે સર્વેક્ષણ નહીં પરંતુ આ દિશામાં નક્કર પગલાં ભરવાની જરૂર છે. અત્યાર સુધીમાં ઘણી બધી સંસ્થાઓ દ્વારા ઘણાં પરિસંવાદ કાર્યશાળાઓ અને અભ્યાસો થઈ ગયા છે. જેનું કોઈ પરિણામ આવ્યું નથી અને હવે તે દિશામાં સંસાધનોનો બગાડ અટકાવવો જોઈએ. હવે આપણે જે ઇચ્છીએ છીએ તે સાચી વ્યૂહરચના સાથે સાચો અભિગમ જરૂરી છે. સરકારના વિવિધ વિભાગો, વેપાર ઉદ્યોગની સંસ્થાઓ અને સામાજિક સંગઠનોએ સાથે મળીને ઉત્તર-પૂર્વના ક્ષેત્રને વિશ્વમાં પ્રવાસન અને શિક્ષણના મહત્ત્વપૂર્ણ કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવા આગળ આવવું જોઈએ. ઉત્તર-પૂર્વમાં પ્રવાસન ઉદ્યોગની અખૂટ સંભાવનાઓ અંગે પણ ખૂબ વાતો થયેલી છે, પરંતુ હવે આપણે આ આયોજનો ઉપર કાર્ય કરવાનો સમય આવી ગયો છે. મોટા પ્રવાસન કેન્દ્રોને એકબીજાની સાથે જોડવા માટે આપણે હવે બહુ આયામી પ્રયાસે હાથ ધરીને માળખાકીય સુવિધાઓના વિકાસ ઉપર ભાર મૂકવાની જરૂર છે.

પ્રવાસીઓ અને ટુરિઝમ માટે ટ્રેકિંગ જેવા કાર્યક્રમો યોજવા યુથ હોસ્ટેલ્સ એસોસિએશનને પ્રોત્સાહન આપવાની જરૂર છે. એ જ રીતે આ સાહસિક રમતોનો અનુભવ અને તાલીમ પૂરી પાડવા માટે વ્યવસાયિક નિષ્ણાતોની મદદથી એડવેન્ચર સ્પોર્ટસનું કેન્દ્ર બનાવવા માટે પણ પ્રયાસો થવા જોઈએ એ જ રીતે ગોવા અને કેરળની જેમ ઉત્તર-પૂર્વને કાયમી અને ટકાઉ પ્રવાસન સ્થળ બનાવવા માટે ઉત્તર-પૂર્વ પ્રવાસન નીતિ બનવી જોઈએ.

આ ક્ષેત્ર વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. બાંગ્લાદેશ અને મ્યાનમાર જેવા પડોશી દેશો અને અન્ય રાજ્યોને કારણે પૂર્વ ભારતમાં પરંપરાગત ઘરેલું બજાર મળી શકે તેમ છે. આ ક્ષેત્ર દક્ષિણ પૂર્વ એશિયાના દેશો માટે પ્રવેશ દ્વાર પણ સાબિત થઈ શકે તેમ છે. હવે આ ક્ષેત્રમાં તકોને ઓળખી કાઢી રોજગારની સુવિધાઓ ઊભી કરવા માટે નાણાકીય વ્યવહારો કરવાનું કામ દેશની નાણાકીય સંસ્થાઓનું છે.

આ ક્ષેત્રમાં ચા, કૉફી, એટોમેટિક અને ઔષધિય વનસ્પતિઓ અને બાગાયત ઉત્પાદનનો આર્થિક લાભ ઉઠાવવા માટે આ ક્ષેત્રમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોન સ્થાપી શકાય તેમ છે.

આ ક્ષેત્રની માંગને ધ્યાનમાં રાખીને એક મજબૂત સંશોધન અને વિકાસની પદ્ધતિનો વિકાસ કરવો જોઈએ. કાર્યક્ષમ બજાર માટે કાર્યક્ષમ એવી પુરવઠાની સાંકળ પણ તૈયાર કરવી જોઈએ, જેમાં આઈ.આઈ.એમ. શિલોંગ જેવી સંસ્થાનો ઉપયોગ કરી શકાય.

આ બધાથી આગળ રાજકીય ઇચ્છા શક્તિ અમલદારશાહીનો ટેકો, વચનબદ્ધતા, સુશાસન, વ્યાપાર કરવાની સરળતા અને જાહેર ખાનગી ભાગીદારી વગેરે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ઉત્તર-પૂર્વના રાજ્યોમાંથી પલાયન રોકવા અને ઉગ્રવાદને અંકુશમાં લેવા વર્તમાન શૈક્ષણિક પદ્ધતિને ઠીક કરીને રોજગારની તકો વધારવા તમામ ઉપાયોનો સંકલિત રીતે અમલ કરવો ખૂબ જરૂરી છે.

**લેખક સી.ઈ.ડી.એન.ઈ.આર. - આઈ.આઈ.એમ. શિલોંગમાં એસોસિએટ પ્રોફેસર એન્ડ ચેરપર્સન તરીકે કાર્યરત છે.**

## અગત્યની સૂચના

**યોજનાના લેખકો/વાચકો નોંધ લે.**

**યોજનામાં પ્રગટ થતા લેખો સંબંધમાં ખાસ નોંધ લેશો કે, જે તે વિષયના નિષ્ણાતો/તજજ્ઞો દ્વારા લખાયેલ લેખને પ્રાધાન્ય આપવામાં આવશે. અંકના વિષય અંગે વિશ્વસનીય વિગતો મળી રહે એવો આ પાછળનો આશય છે. લેખકોએ શક્ય હોય ત્યાં સુધી તેમનું લખાણ ગુજરાતીમાં ઈ-મેઈલ દ્વારા જ મોકલવું. ઈ-મેઈલ એડ્રેસ છે :**

**yojanagujarati@gmail.com**

# ઉત્તર-પૂર્વનો વિકાસ : શિક્ષણ, સ્વાસ્થ્ય અને મહિલાઓની સ્થિતિમાં સુધારો

ડૉ. અરૂણા ભટ્ટાચાર્ય ચક્રવર્તી



*ભારત જેવા યુવાનોની બહુમતી ધરાવતા દેશ માટે શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રો વિકાસની ચાવી છે. એટલે લાંબાગાળાને ધ્યાનમાં રાખીને આ બંને ક્ષેત્રો પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. આ જ વાત નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેને કહી છે. તેમનું માનવું છે કે 'તમારે આર્થિક વિકાસ જાળવી રાખવા શિક્ષિત, સ્વસ્થ વર્કફોર્સની જરૂર છે.' જો ભારતે લાંબાગાળે વિકાસના લક્ષ્યાંકો હાંસલ કરવા હોય તો યુવા પેઢીને ગુણવત્તાયુક્ત હેલ્થકેર અને શિક્ષણ પ્રદાન કરવા જરૂરી સ્રોતોમાં રોકાણ કરવું પડશે.*

વિકાસ પરની ચર્ચામાં જે તે વિસ્તાર, તેના વિવિધ સમુદાયો, તેની ભૂગોળ જેવા વિવિધ પાસાં, મુખ્ય ઘટકો, તેના પરિબળો અને ટૂંકાગાળા અને લાંબાગાળે વિકાસ પ્રક્રિયાની અસરોની સંપૂર્ણ સમજણને સામેલ કરવી જોઈએ. વિકાસ ખરેખર જટિલ મુદ્દો છે અને તેનું આયોજન કરવા કુશળતા અને દીર્ઘદૃષ્ટિની જરૂર છે. તેમજ યોગ્ય સમયે અને યોગ્ય સ્થળે યોગ્ય પરિણામો હાંસલ થાય તે આવશ્યક છે.

ભારત જેવા યુવાનોની બહુમતી ધરાવતા દેશ માટે શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રો વિકાસની ચાવી છે. એટલે લાંબાગાળાને ધ્યાનમાં રાખીને આ બંને ક્ષેત્રો પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. આ જ વાત નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેને કહી છે. તેમનું માનવું છે કે 'તમારે આર્થિક વિકાસ જાળવી રાખવા શિક્ષિત, સ્વસ્થ વર્કફોર્સની જરૂર છે.' જો ભારતે લાંબાગાળે વિકાસના લક્ષ્યાંકો હાંસલ કરવા હોય તો યુવા પેઢીને ગુણવત્તાયુક્ત હેલ્થકેર અને શિક્ષણ પ્રદાન કરવા જરૂરી સ્રોતોમાં રોકાણ કરવું પડશે.

**ઉત્તર-પૂર્વ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી**

ઉત્તર-પૂર્વ ભારતમાં સૈદ્ધાંતિક રીતે વિકાસના પાસાં અલગ નથી, પણ જ્યારે આ વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે ત્યારે આપણી ચર્ચા એક અલગ વળાંક લે છે. સામાન્ય રીતે કોઈ પણ પ્રદેશનો વિકાસ તેના વિવિધ પરિબળો પર આધારિત હોય છે.

ઈશાન ભારતમાં અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ અને ત્રિપુરા એમ સાત રાજ્યો સામેલ છે. આ રાજ્યોની ભૂગોળ જટિલ છે. તેઓ ભૂતાન, ચીન, મ્યાન્માર અને બાંગ્લાદેશ સાથે આંતરરાષ્ટ્રીય સરહદો ધરાવે છે, જે ૨૦૦૦ કિલોમીટરથી વધારે લાંબી છે. પણ વિચિત્ર બાબત એ છે કે તેમને ભારત સાથે ફક્ત ૨૦ કિલોમીટરનો સાંકડો કોરિડોર જ જોડે છે.

આ દરેક રાજ્યની ભાષા, સંસ્કૃતિ, જાતિઓ, પરંપરાઓ અલગ અને સૌથી વધુ વિવિધતા ધરાવે છે. ઈશાન ભારતમાં ૧૬૬થી વધારે જૂથો રહે છે અને તેમની ભાષા પણ જુદી જુદી છે. આ રાજ્યોની ભૂગોળ, સામુદાયિક વિવિધતા અને ઈકોલોજિકલ વિવિધતા ઉત્તર-પૂર્વને ઉપખંડના અન્ય વિસ્તારોથી અલગ બનાવે છે. સ્થાન, વસતિ, ભાષામાં વિવિધતા આ વિસ્તારને ભારતના મુખ્ય ભાગોથી વિશિષ્ટ બનાવે છે. આ પરિબળો વિકાસને અસરકર્તા અનેક સ્તરો ઊભા કરે છે અને તેના કારણે એક ભારતના અન્ય વિસ્તારોના વિકાસની સરખામણીમાં એક અંતર ઊભું થાય છે.

## ઉત્તર-પૂર્વના ઓછા વિકાસના કારણો

ઉત્તર-પૂર્વના રાજ્યોના ધીમા વિકાસના મુખ્યત્વે બે કારણો છેઃ એક, તેની જટિલ ભૂગોળ અને બે, આ રાજ્યોમાં સરળતાથી પહોંચવાની સમસ્યા. આ બે ઉપરાંત અનેક પરિબળો ઉત્તર-પૂર્વના રાજ્યોના વિકાસની ધીમી ગતિ માટે જવાબદાર છે. તેમાં સૌથી વધુ જવાબદાર પરિબળ સામાજિક-રાજકીય ઉથલપાથલ છે, જેના પગલે ઉદ્યોગો આ રાજ્યોમાં રોકાણ કરતા ખચકાટ અનુભવે છે. આ રાજ્યોમાં પ્રવાસન ઉદ્યોગ જબરદસ્ત રીતે વિકસી શકે તેમ છે, પણ રાજકીય પરિબળોને કારણે જોઈએ તેવી સફળતા મળતી નથી. તેના પગલે અહીં માળખાગત સુવિધાઓ નબળી છે, જે સ્થાયી વિકાસ માટે પ્રાથમિક પૂર્વ જરૂરિયાત છે.

ઉત્તર-પૂર્વમાં વિકાસ સાધવા હકારાત્મક પગલાં લેવામાં રાજકીય ઉદાસીનતાના પરિણામે માળખાગત સુવિધાની ઊણપ ઊભી થઈ છે. કોઈ પણ પ્રકારના વિકાસ માટે માળખાગત સુવિધા મૂળભૂત જરૂરિયાત છે. મુખ્ય રાજકીય બળો દ્વારા સુસ્ત અભિગમને પરિણામે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ કથળી છે, ભ્રષ્ટાચારને મોકળું મેદાન મળ્યું છે અને સામાજિક વિસંવાદિતતા ઊભી થઈ છે. આ પ્રકારની સ્થિતિથી વસતિ પર નકારાત્મક અસર થઈ છે, ખાસ કરીને યુવાનો અને કિશોરો પર.

## નશીલા દ્રવ્યોનું સેવન

ઉત્તર-પૂર્વના મોટાભાગના રાજ્યો આંતરરાષ્ટ્રીય સરહદો ધરાવે છે અને કુખ્યાત 'સોનેરી ત્રિકોણ'ની નજીક પણ છે. એટલે આ રાજ્યોમાં નશીલા દ્રવ્યોની મોટાપાયે ઘૂસણખોરી થાય છે અને દેશના અન્ય કોઈ પણ વિસ્તાર કરતાં આ રાજ્યોના યુવાનો નશીલા દ્રવ્યોની લતનો સૌથી વધુ શિકાર છે. છેલ્લાં થોડા વર્ષોમાં ઈન્જેક્શન દ્વારા નશીલા દ્રવ્યોનું સેવન કરતાં લોકોની સંખ્યામાં મોટો વધારો થયો છે. તે જ રીતે આ વિસ્તારોમાં એચઆઈવીનો પ્રસાર અને દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

નશીલા દ્રવ્યોનું સેવન જટિલ વિષય છે. હકીકતમાં ઈન્જેક્શન દ્વારા નશીલા દ્રવ્યોનું સેવન અને સેક્સ્યુઅલ નેટવર્ક એકબીજા સાથે જોડાયેલ છે. નશીલા દ્રવ્યના નેટવર્કની અંદર દરેક અને તમામ પાસાં નશીલા દ્રવ્યોની લત ધરાવતી દરેક વ્યક્તિના જીવનની જટિલતામાં વધારો કરવાની સંભવિતતા ધરાવે છે, જેમાં ઉપયોગમાં લેવાતા નશીલા દ્રવ્યોના પ્રકાર, તેની ખરીદી સામેલ છે. ભારતમાં ઈન્જેક્શન દ્વારા નશીલા દ્રવ્યોનું સેવનના ૧,૮૦,૦૦૦થી વધારે વ્યસનીઓ ધરાવે છે, જેમાંથી મોટાભાગના લોકો ઈન્જેક્શન લેવાની અસલામત પદ્ધતિઓનો ઉપયોગ કરે છે, જેમ કે સોય અને સીરિન્જનો વારંવાર એકથી વધારે વ્યક્તિ દ્વારા ઉપયોગ કરવો. વળી ઉત્તર-પૂર્વના રાજ્યોમાં આ પ્રકારના વ્યસનીઓની સંખ્યા સૌથી વધુ છે. વળી નશીલા દ્રવ્યોની લતનું એક નુકસાનકારક પરિણામ અસલામત જાતિય સંબંધો સ્વરૂપે પણ મળ્યું છે. અહીં લોકો અસુરક્ષિત જાતિય સંબંધો બાંધે છે અને તેના પગલે અહીં દેશના અન્ય કોઈ પણ રાજ્ય કરતાં એચઆઈવીનો પ્રસાર ઝડપથી અને વ્યાપકપણે થાય છે.

## જાતિ, નશીલા દ્રવ્યોનું સેવન અને સ્વાસ્થ્યનો એકબીજા સાથે સંબંધ

ભારતમાં સામાજિક માળખું પિતૃપ્રધાન છે, ખાસ કરીને સમાજમાં મહિલાઓનું સ્થાન ગૌણ છે. મોટા ભાગના કુટુંબોમાં પુરુષોનું વર્ચસ્વ હોય છે એટલે નશીલા દ્રવ્યોના સેવનને પરિણામે ઊભી થતી સમસ્યાઓનું સમાધાન કરવામાં મહિલાઓને પડકારનો સામનો કરવો પડે છે. સમાજમાં મોટાભાગના અધિકારો પુરુષો પાસે છે અને મહિલાઓને કોઈ નિર્ણય લેવામાં ભાગીદાર બનાવવામાં આવતી નથી, જેના પગલે મહિલાઓ માટે સલામત જાતિય સંબંધ સુનિશ્ચિત કરવામાં મુશ્કેલી ઊભી થાય છે. અત્યારે સમુદાયમાં આઈઈસી/બીસીસી (માહિતી-શિક્ષણ-સંચાર અને વર્તણૂંકમાં ફેરફારનો સંચાર)નું જે સ્તર છે તે મહિલાઓને આ પ્રકારના પડકારો ઝીલવા માટે સક્ષમ બનાવતું નથી. નુકસાનકારક અસર ઘટાડવા આઈઈસી/બીસીસી વ્યૂહરચનાઓ ઊભી કરવાની સારી તક છે, જે જાતિય રીતે પ્રસારિત થતા ચેપ (એસટીઆઈ) કે એચઆઈવી અને જાતિય પુનઃઉત્પાદિત સ્વાસ્થ્ય (એસઆરએચ) એમ બંનેના સંબંધમાં મહિલાઓની સુરક્ષા સંબંધિત જરૂરિયાતો પર્યાપ્ત રીતે પૂર્ણ કરશે.

ઉપરાંત ફિમેલ ઈન્જેક્ટિંગ ડ્રગ યુઝર્સ (એફઆઈડીયુ - ઈન્જેક્શન દ્વારા નશીલા દ્રવ્યોનું સેવન કરતી મહિલા વપરાશકર્તા) અને ફિમેલ સેક્સ વર્કર્સ (એફએસડબલ્યુ) ભેદભાવ અને સામાજિક બહિષ્કારનો સામનો કરે છે. જો સમુદાયમાં સાર્વત્રિક રીતે નુકસાનકારક અસરો ઘટાડવાની સેવાઓનો અમલ કરવો હોય, તો એફઆઈડીયુ સાથે સંબંધિત સમસ્યાઓ પર સમુદાયોને, સેવા પ્રદાતાઓને અને અન્ય ભાગીદારોને જાગૃત કરવાની જરૂર છે તેવું અમારું માનવું છે.

## સ્થિતિ સુધારવા શું કરી શકાશે ?

આ સ્થિતિમાં સુધારો કરવા નશીલા દ્રવ્યોની ઉત્તર-પૂર્વના રાજ્યોના વિવિધ સમુદાયોમાં જાગૃતિ લાવવી જોઈએ, નુકસાનકારક અસરો અંગે વિવિધ વિસ્તારોમાં અભિયાનો ચલાવવા જોઈએ અને જાહેરમાં ચર્ચાવિચારણા કરવી જોઈએ. તેની સાથે સાથે નશીલા દ્રવ્યોના સેવનમાંથી છૂટવા ઇચ્છતાં લોકો માટે યોગ્ય માળખાગત સુવિધાઓ ઊભી કરવી જોઈએ અને યૌન નેટવર્કમાં સંકળાયેલી

મહિલાઓને સમાજમાં સ્થાન અપાવવા પ્રયાસ કરવા જોઈએ.

નશીલા દ્રવ્યોની નુકસાનકારક અસર ઘટાડવા બહુસ્તરીય અભિગમ અપનાવવાની જરૂર છે, જેના માટે માનસિક અને સામાજિક સ્તરે વિવિધ પ્રયાસો અજમાવવા જોઈએ. અન્ય કોઈ પણ અસાધારણ વર્તણૂકની સારવારની જેમ નશીલા દ્રવ્યોના સેવનમાંથી મુક્તિ અપાવવા સાર્વત્રિક સમજણની જરૂર છે, જેમ કે નશીલા દ્રવ્યોનું સેવન કરવા પાછળ દરેક વ્યક્તિના કારણો અલગ હોઈ શકે છે, દરેક વ્યક્તિ પર તેની અસર અલગ-અલગ થાય છે, સુરક્ષિત વર્તણૂક સ્વીકારવા ઉપલબ્ધ તકો અને વિકલ્પોની ચકાસણી, કુટુંબ અને સમુદાયના પર્યાપ્ત સાથસહકારના અભાવના મુદ્દાને સમજવા જોઈએ.

ઈન્જેક્શન દ્વારા નશીલા દ્રવ્યોના સેવનની નુકસાનકારક અસરો ઘટાડવાના કાર્યક્રમો ઘણી વખત 'પ્રતિક્રિયાત્મક' પગલાં જન્માવે છે. એટલે આ પ્રકારની પહેલ કરનાર વ્યક્તિ, સંસ્થા કે સમૂહે નશીલા દ્રવ્યોના ઉપયોગમાં સંકળાયેલા જટિલ પાસાંને ધ્યાનમાં લેવા જોઈએ અને તેની સારવાર કરવાને બદલે તેનું કાયમ માટે નિવારણ કરવાનો અભિગમ દાખવવો જોઈએ.

આ માટે યુવાનોને સક્ષમ અને સશક્ત બનાવવા જોઈએ તેમજ કિશોર વયના લોકોને અટકાવવા જોઈએ. એટલે કિશોર વયના લોકોને સીધી સારવાર આપવી જોઈએ, જ્યારે યુવાનોને સમજવાનો, તેમને સમજાવવાનો અને તેમની સારવાર કરવાનો ત્રિપાંખિયો અભિગમ કેળવવો જોઈએ.

**ઉપસંહાર**

ઉત્તર-પૂર્વના વિસ્તારમાં વિકાસ પરની ચર્ચામાં વિવિધ પાસાં, પરિબળો, સમુદાયો, મજબૂત અને પ્રતિબદ્ધ રાજકીય ઈચ્છાશક્તિ અને આ રાજ્યોના લોકો સાથે સતત સંવાદ કરવાની જરૂર છે. સહભાગીતાથી સશક્તિકરણ થશે અને સ્થાનિક લોકોને સશક્ત કરવા વિકાસની ચાવી છે.

**ડૉ. અરૂણા ભટ્ટાચાર્ય ચક્રવર્તી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ-દિલ્હી, પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયામાં એસોસિએટ પ્રોફેસર છે. તેઓ પ્રશિક્ષિત તબીબી માનવશાસ્ત્રી છે અને તેમની શૈક્ષણિક અને સંશોધનાત્મક કારકિર્દી ૫૦ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. જાહેર સ્વાસ્થ્ય અને સ્વાસ્થ્ય વ્યવસ્થાઓમાં તેમનું સંશોધન જાતિ અને અધિકારના પાસાં પર આધારિત છે. આ લેખમાં વ્યક્ત કરેલા વિચારો લેખકના અંગત છે.**



# ઉત્તર-પૂર્વના રાજ્યોમાં માળખાકીય સુવિધાઓ

ડૉ. ક્રિષ્ન દેવ



*અત્યારે વિશ્વની નજર પૂર્વના વિકાસશીલ આર્થિક બજારો પર કેન્દ્રિત છે અને દક્ષિણ-પૂર્વ એશિયાનું પ્રવેશદ્વાર ભારતના ઉત્તર-પૂર્વના રાજ્યો છે. આ રાજ્યોમાં સામાજિક ગતિશીલતા અને બજારના સંકલન માટે પરિવહન અને અન્ય માળખાગત સુવિધાઓ વિકસાવવા ટોચની પ્રાથમિકતાઓ બની રહેશે. જ્યારે આંતરરાજ્ય, આંતરક્ષેત્રીય અને ભારતના મુખ્ય રાજ્યો સાથે જોડાણ જરૂરી છે. જોડાણ સુધારવા મુત્સદી દાખવવાની અને સરહદે માળખું વધારવાની અને પડોશી દેશો સાથે વેપારી સુવિધાઓમાં વધારો કરવાની જરૂર છે.*

ભારતને ૧૯૪૭માં આઝાદી મળી અને તેમાંથી પૂર્વ અને પશ્ચિમમાં પાકિસ્તાનની રચના થઈ. તેના થોડા વર્ષ પછી પાકિસ્તાનના બે ટુકડાં થઈ ગયા અને પૂર્વ પાકિસ્તાનમાં બાંગ્લાદેશ નામના નવા રાષ્ટ્રનો જન્મ થયો. આ રાજકીય ઊથલપાથલના કારણે, પૂર્વ એશિયાના અન્ય નાનાં-નાનાં દેશો સાથે સરહદથી જોડાયેલા હોવાથી અને વિશિષ્ટ ભૂગોળના કારણે ઉત્તર-પૂર્વના રાજ્યોમાં માળખાગત સુવિધાઓનો પર્યાપ્ત વિકાસ થઈ શક્યો નથી. આઝાદી પૂર્વે ઉત્તર-પૂર્વના રાજ્યો હાલના બાંગ્લાદેશ મારફતે ભારતના બાકીના રાજ્યો સાથે જોડાયેલા હતાં. વળી તે સમયે બર્મા અંગ્રેજોના કબજામાં હોવાથી આ રાજ્યો તેની સાથે પણ સારો સંપર્ક ધરાવતા હતા. પણ આઝાદી પછી રાજકીય ભૂગોળ બદલાઈ જવાથી ઉત્તર-પૂર્વના રાજ્યો ભારતના અન્ય તમામ રાજ્યોથી લગભગ અલગ પડી ગયા છે અને અત્યારે ભારત આ રાજ્યો સાથે ૨૭ કિલોમીટર પહોળા સિલીગુડી 'ચિકન્સ નેક' તરીકે ઓળખાતા કોરિડોર સાથે જોડાયેલ છે. અધૂરામાં પૂરું ચિત્તાગોંગ બંદર બાંગ્લાદેશમાં જવાથી આ રાજ્યો જળમાર્ગે પણ ભારતના અન્ય રાજ્યોથી અલગ પડી ગયા છે. આ તમામ પરિબળોને પગલે ઉત્તર-પૂર્વના રાજ્યોનો આર્થિક વિકાસ રૂંધાઈ ગયો છે અને આ રાજ્યોના લોકોની આજીવિકા પર નુકસાનકારક અસર થઈ છે.

અત્યારે ઉત્તર-પૂર્વ વિસ્તાર (એનઇઆર)ની સરહદો (૯૬ ટકા) ઉત્તરે ચીન અને ભૂતાન, પૂર્વમાં મ્યાન્માર (બર્મા), દક્ષિણ અને પશ્ચિમમાં બાંગ્લાદેશ અને સિક્કિમની પશ્ચિમે નેપાળ સાથે જોડાયેલ છે. વળી આ રાજ્યોની રાજકીય સમસ્યાઓ પણ અલગ છે અને ત્યાંના ભૂરાજકીય પરિબળોને પગલે તેઓ ભારતના મુખ્ય બજારો સાથે જોડાઈ શક્યાં નથી, જેના પગલે આ રાજ્યોના અર્થતંત્રને માળખાકીય નુકસાન થયું છે.

અત્યારે વિશ્વની નજર પૂર્વના વિકાસશીલ આર્થિક બજારો પર કેન્દ્રિત છે અને દક્ષિણ-પૂર્વ એશિયાનું પ્રવેશદ્વાર ભારતના ઉત્તર-પૂર્વના રાજ્યો છે. આ રાજ્યોમાં સામાજિક ગતિશીલતા અને બજારના સંકલન માટે પરિવહન અને અન્ય માળખાગત સુવિધાઓ વિકસાવવા ટોચની પ્રાથમિકતાઓ બની રહેશે. જ્યારે આંતરરાજ્ય, આંતરક્ષેત્રીય અને ભારતના મુખ્ય રાજ્યો સાથે જોડાણ જરૂરી છે, ત્યારે જોડાણ સુધારવા મુત્સદી દાખવવાની અને સરહદે માળખું વધારવાની અને પડોશી દેશો સાથે વેપારી સુવિધાઓમાં વધારો કરવાની જરૂર છે.

ઉત્તર-પૂર્વના રાજ્યો હજુ પણ

કૃષિપ્રધાન છે અને ઔદ્યોગિક પ્રવૃત્તિ મુખ્યત્વે ચા, પેટ્રોલિયમ (ક્રૂડ), કુદરતી ગેસ, ખાણ અને સ્ટીલ જેવા ક્ષેત્રો પર કેન્દ્રિત છે, પણ હજુ પૂરતો ઔદ્યોગિક વિકાસ થયો નથી. અપૂરતી ઔદ્યોગિક વૃદ્ધિને કારણે આ રાજ્યોમાં સંસાધનોના ઉપલબ્ધ વ્યાપક આધારનો પૂરતો ઉપયોગ થયો નથી અને રોજગારી માટે સેવા ક્ષેત્ર પર આધાર રાખવામાં આવે છે. પરિવહનની સુવિધામાં વધારો કરવામાં આવે તો ઔદ્યોગિક વિકાસને વેગ મળી શકે છે અને વધુ સંતુલિત વૃદ્ધિને પ્રોત્સાહન મળશે.

૧૯૯૧માં 'લૂક ઈસ્ટ પોલિસી' અને ૨૦૦૭માં નોર્થ ઈસ્ટ ઇન્ડસ્ટ્રીઅલ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન પોલિસી (એનઈઆઈઆઈપીપી) અને ૨૦૦૮માં જાહેર થયેલ એનઈઆર વિઝન ૨૦૨૦ જેવી વિવિધ સરકારી પહેલો સાચી દિશામાં થયેલા પ્રયાસો છે, પણ આ તમામ પ્રયાસો અલગ રીતે થયા છે, જેને સંયુક્તપણે હાથ ધરવાની જરૂર છે. અગાઉ આયોજિત રોકાણ થયું હોવા છતાં ઉત્તર-પૂર્વમાં માળખાગત સુવિધાઓ નબળી છે, જેને એનઈઆર વિઝન ડોક્યુમેન્ટમાં વૃદ્ધિ આડેનો સૌથી મોટો અવરોધ ગણાવ્યો છે.

હાલની સરકાર ભારતની લૂક ઈસ્ટ પોલિસીને પ્રાથમિકતા આપે છે. ઇન્ડિયા-એસોસિએશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન (આસિયાન) નવેમ્બર, ૨૦૧૪માં મ્યાન્માર માં યોજાઈ હતી. તેમાં વડાપ્રધાને આર્થિક વિકાસ, વેપાર, રોકાણ અને ઔદ્યોગિકરણના નવા યુગમાં ૧૦-રાષ્ટ્રોના આસિયન જૂથના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. આ નીતિના ત્રણ આધાર ત્રણ સી એટલે કે કોમર્સ (વાણિજ્ય), કલ્ચર (સંસ્કૃતિ) અને કનેક્ટિવિટી (જોડાણ) છે. તેમણે દુનિયાને જણાવ્યું હતું કે, ભારત ફક્ત પૂર્વ પર જોતું જ નથી, પણ પૂર્વના દેશો સાથે સહકાર વધારવા સક્રિય છે અને એટલે આ પોલિસીનું નામ બદલીને હવે ભારતની 'એક્ટ-ઈસ્ટ પોલિસી (એઈપી)' કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ દ્વિપક્ષીય, પ્રાદેશિક અને બહુપક્ષીય સ્તરે સતત ભાગીદારી મારફતે એશિયા-પ્રશાંત વિસ્તારના દેશો સાથે આર્થિક સહકાર, સાંસ્કૃતિક જોડાણ અને વ્યૂહાત્મક સંબંધોને પ્રોત્સાહન આપવાનો છે, જેથી અરૂણાચલ પ્રદેશ સહિત ઉત્તર-પૂર્વના રાજ્યોના આર્થિક વિયોજનનો અંત આવે.

પડોશી દેશો સાથે અને ઉત્તર-પૂર્વના રાજ્યોના આંતરિક જોડાણમાં સુધારો તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ એક્ટ ઈસ્ટ પોલિસીનું અભિન્ન અંગ છે. પડોશી દેશો સાથે જોડાણ સ્થાપિત ન થાય અને ઉત્તર-પૂર્વ રાજ્યોની અંદર ઈન્ફ્રાસ્ટ્રક્ચર (રોડ, રેલ, આંતરિક જળ પરિવહન, ટેલીકોમ, એરપોર્ટ, વીજળી, વગેરે) સંપૂર્ણપણે સ્થાપિત ન થાય ત્યાં સુધી આ નીતિના લઘુ અને વ્યાપક ફાયદા ન મળી શકે.

''મેક ઈન ઈન્ડિયા'' પહેલથી પ્રેરિત થઈને ''મેક ઈન નોર્થઈસ્ટ'' શીર્ષક ધરાવતી વિભાવના પણ તૈયાર કરવામાં આવી છે. ''મેક ઈન નોર્થઈસ્ટ'' પહેલ ઉત્તર-પૂર્વ માટે આવક જ ઊભી નહીં કરે, પણ યુવાનો માટે રોજગારીની તકોનું સર્જન કરશે, જેઓ અત્યારે દેશના અન્ય વિસ્તારોમાં રોજગારી મેળવે છે. આ પહેલથી ઉદ્યોગ અને વ્યવસાયોને પ્રોત્સાહન મળવાની સાથે માનસિક અવરોધો પણ દૂર થશે અને ઉત્તરભારતના સમુદાયો ભારતના મુખ્ય પ્રવાહમાં સામેલ થશે અને આ રીતે વિકાસનો માર્ગ પ્રશસ્ત થશે.

ઉપરાંત ઉત્તર-પૂર્વ નવા સ્ટાર્ટઅપ્સ માટે નવા વિકાસ કેન્દ્ર તરીકે વિકસશે. આ યોજનાની વિશિષ્ટતા બે વર્ષ કરમુક્તિની સુવિધા અને ૩ મહિનાનો એક્ઝિટ પીરિયડ છે. ઉપરાંત ઉદ્યોગસાહસિકોને નાણાકીય જવાબદારીઓમાંથી રાહત પ્રદાન કરવા વેન્ચર ફંડ સ્વરૂપે પ્રોત્સાહન પણ મળે છે. તેના પગલે આ રાજ્યોમાં રોજગારદક્ષતા અને આવકને જ પ્રોત્સાહન નહીં મળે, પણ દેશના અન્ય વિસ્તારના યુવાનો આ વિસ્તાર તરફ આકર્ષાશે અને ઉત્તર-પૂર્વના રાજ્યોના વિકાસમાં સહભાગી બનશે.

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં રોડ, રેલવે, ઉડ્ડયન અને જળમાર્ગોમાં જોડાણ માટે શરૂ કરવામાં આવેલ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ કે યોજનાઓની સ્થિત નીચે મુજબ છે :

**રોડ :**

**(એ) ઉત્તર-પૂર્વ માટે વિશેષ ઝડપી રોડ (એસએઆરડીપી-એનઈ)**

ઉત્તર-પૂર્વ વિસ્તાર માટે વિશેષ ઝડપી રોડ (એસએઆરડીપી-એનઈ)નો ઉદ્દેશ ઉત્તર-પૂર્વના રાજ્યોની રાજધાની અને જિલ્લા હેડક્વાર્ટર્સ અને અંતરિયાળ વિસ્તારો વચ્ચે જોડાણ વિકસાવવાનો છે - આ ત્રણ તબક્કાનો પ્રોજેક્ટ છે, જે ઉત્તર-પૂર્વના રાજ્યમાં ૮૮ જિલ્લા હેડક્વાર્ટર્સનું નજીકના નેશનલ હાઈવેઝ સાથે જોડાણ કરે છે. આ ઉત્તર-પૂર્વના રાજ્ય માટે મહત્ત્વાકાંક્ષી રોડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ છે. એનએચએઆઈની, રાજ્યના પીડબલ્યુડી અને બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ) અમલીકરણ એજન્સીઓ છે. તેના ઉદ્દેશ નીચે મુજબ છે :

- રાજ્યોની રાજધાનીઓથી નેશનલ હાઈવેઝને ટૂ કે ફોર લેનમાં અપગ્રેડ કરવા.
- ઉત્તર-પૂર્વના રાજ્યોના તમામ ૮૮ જિલ્લા હેડક્વાર્ટર શહેરોને ઓછામાં ઓછા ટૂ-લેન રોડની કનેક્ટિવિટી પ્રદાન કરવી.

- ઉત્તર-પૂર્વના રાજ્યોના પછાત અને અંતરિયાળ વિસ્તારોને રોડ કનેક્ટિવિટી પ્રદાન કરવી.
- સરહદી વિસ્તારમાં વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતા વિસ્તારોના રોડમાં સુધારો કરવો.
- પડોશી દેશો સાથે જોડાણમાં સુધારો કરવો.

આ કાર્યક્રમની નીચે મુજબ ત્રણ ભાગમાં વિચારણા કરવામાં આવી છે :

૧. સરકાર દ્વારા મંજૂર એસએઆરડીપી-એનઈના તબક્કા 'એ'માં આશરે ૪,૦૯૯ કિમીની લંબાઈ ધરાવતા રોડમાં સુધારો કરવો (૨,૦૪૧ કિમીનો નેશનલ હાઈવે અને ૨,૦૫૮ કિમીનો સ્ટેટ હાઈવે). ઓગસ્ટ, ૨૦૧૫ સુધીમાં ૨,૯૮૯ કિમીની લંબાઈના રોડને મંજૂરી આપવામાં આવી હતી અને ૧,૫૬૫ કિમી રોડનું નિર્માણ પૂર્ણ થયું હતું. એસએઆરડીપી-એનઈનો તબક્કો એ માર્ચ, ૨૦૧૭ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

૨. એસએઆરડીપી-એનઈના તબક્કો 'બી'માં ૩,૭૨૩ કિમી (૧,૨૮૫ કિમીનો નેશનલ હાઈવે અને ૨,૪૩૮ કિમીનો સ્ટેટ રોડ) આવરી લેવામાં આવ્યો છે. તબક્કો 'એ' પૂર્ણ થયા પછી તબક્કો 'એ' હાથ ધરવામાં આવશે, જે માર્ચ, ૨૦૧૭માં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે.

૩. રોડ અને હાઈવે માટે અરૂણાચલ પ્રદેશના પેકેજમાં ૨,૩૧૯ કિમીના રોડ (૧,૪૭૨ કિમીનો નેશનલ હાઈવે અને ૮૪૭ કિમીનો સ્ટેટ કે જનરલ સ્ટાફ કે સ્ટ્રેટેજિક રોડ)નો વિકાસ સંકળાયેલો છે, જેને સરકારે મંજૂરી આપી છે. બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર (બીઓટી) (વાર્ષિક) ધોરણે ૭૭૬ કિમી પર પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યાં છે અને બાકીના રોડ આઈટમ રેટના કોન્ટ્રાક્ટ આધારે વિકસાવવામાં આવશે. ઓગસ્ટ, ૨૦૧૫ સુધી ૧૫૫૨ કિમીની લંબાઈને મંજૂરી આપવામાં આવી છે અને ૨૩૦ કિમીના રોડ પૂર્ણ થયા છે. સંપૂર્ણ અરૂણાચલ પ્રદેશ પેકેજ માર્ચ, ૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે.

**(બી) ઈસ્ટ વેસ્ટ કોરિડોર**

એસએઆરડીપી-એનઈ ઉપરાંત એનએચએઆઈ (નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) શ્રીરામપુર (આસામ/પશ્ચિમ બંગાળની સરહદ)થી આસામમાં સિલ્ચર સુધી ૬૭૦ કિમીનો ફોર લેન બનાવે છે અને એનએચડીપી-થ્રી હેઠળ મેઘાલયમાં જોવાઈથી રાટ્ટેચેરા (૧૦૪ કિમી) સુધી ટૂ લેન હાઈવે બનાવે છે. કોરિડોર ડિસેમ્બર, ૨૦૧૪ સુધીમાં પૂર્ણ થવાનો અંદાજ હતો. પણ જમીન સંપાદન, સ્થાનિક સંસ્થાઓ દ્વારા હેતુફેર કરવામાં વિલંબ, વૃક્ષોનું છેદન, અવારનવાર બંધ, કાયદો અને વ્યવસ્થાની નબળી સ્થિતિ, આરઓબી ક્લીઅરન્સ, અપૂરતો માનવ શ્રમ અને કોન્ટ્રાક્ટ દ્વારા ઓછી મશીનરી, જંગલોનું ક્લીયરન્સ, કન્સ્ટ્રક્શન સામગ્રી એકત્ર કરવા સ્થાનિક વહીવટીતંત્ર માટે અવારનવાર નિયંત્રણો વગેરે જેવા કારણોને લીધે આસામમાં ઈસ્ટ વેસ્ટ કોરિડોર પ્રોજેક્ટની કામગીરી ધીમી ગતિએ ચાલુ છે. આસામમાં ઈસ્ટ-વેસ્ટ કોરિડોર પ્રોજેક્ટની કુલ લંબાઈ ૬૭૦ કિમી છે, જેમાંથી ૫૭૦ કિમીનું નિર્માણ પૂર્ણ થઈ ગયું છે. બાકીનું કામકાજ ડિસેમ્બર, ૨૦૧૬ સુધીમાં પૂર્ણ થઈ જશે.

**રેલવે :**

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં રેલ નેટવર્ક (૧ એપ્રિલ, ૨૦૧૨ સુધી) ૨,૬૬૧ કિમી હતું, જેમાંથી ૧,૬૦૧ કિમી (૬૦ ટકા) બ્રોડગેજ (ગેજ કન્વર્ઝનના કારણે) છે. એક વખત ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ પૂર્ણ થઈ જશે પછી ફક્ત ૨૦ કિમીની મીટર ગેજને ઐતિહાસિક વારસા તરીકે જાળવી રાખવામાં આવશે.

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ઈકો-ટૂરિઝમ અને એજ્યુકેશન ટૂરિઝમની શરૂઆત પર ભાર મૂકવામાં આવે છે એટલે રેલ પ્રવાસન નવી શરૂઆત કરવા આતુર છે. દેવી સર્કિટ, જ્યોતિર્લિંગ સર્કિટ, જૈન સર્કિટ, ખ્રિસ્તી સર્કિટ, સુફી સર્કિટ, શીખ સર્કિટ, બુદ્ધિસ્ટ સર્કિટ અને ટેમ્પલ સર્કિટ જેવી ધાર્મિક સર્કિટની ઓળખ કરવામાં આવી છે. આ વિવિધ સર્કિટ માટે ખાસ પેકેજ ટ્રેનની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે અને ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવશે.

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે માસ્ટર પ્લાન બનાવવામાં આવ્યો છે, જેમાં તમામ રાજ્યોની રાજધાનીઓ સાથે જોડાણ, વિસ્તારમાં યુનિગેજ બ્રોડગેજ નેટવર્ક, ભવિષ્યમાં ટ્રાફિકની વૃદ્ધિનું સંચાલન કરવા નેટવર્કની ક્ષમતામાં વૃદ્ધિ, વિસ્તારના જોડાયેલા ન હોય તેવા વિસ્તારો સુધી નેટવર્કનો વ્યાપ વધારવો, આંતરરાષ્ટ્રીય સરહદો મજબૂત કરવી અને પડોશી દેશો સાથે વેપાર અને જોડાણ વધારવા જેવી બાબતો સામેલ છે.

૧૧મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ દુભનોઈ-મેન્દિપાથર લાઇન્સ પૂર્ણ થતા મેઘાલયને રેલવે જોડાણ મળી ગયું છે. ચાલુ વર્ષે આ વિસ્તારમાં વધુ ત્રણ લાઈન પૂર્ણ થશે. આસામના દક્ષિણના છેડાને ટૂંક સમયમાં બ્રોડ ગેજ નેટવર્ક હેઠળ લાવવામાં આવશે અને લુમ્બિંડગ અને સિલ્ચર વચ્ચે ૨૧૦ કિમીનો ગેજ કન્વર્ઝન

પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે, જે અત્યાર સુધીનો સૌથી મોટો ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ હશે.

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં નવી લાઇન, ડબલિંગ અને ગેજ કન્વર્ઝન માટે ૨૧ મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યાં છે અને તેના પર કામકાજ ચાલી રહ્યું છે. તેમાં ૧૦ રાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ સામેલ છે. સંયુક્તપણે આ પ્રોજેક્ટ્સની લંબાઈ ૨૯૧૯ કિમી છે, જેનો ખર્ચ રૂ. ૩૮૩૧૦ કરોડ છે. રેલવેને માર્ચ, ૨૦૨૦ સુધીમાં ઉત્તર-પૂર્વના રાજ્યોમાં તમામ રાજ્યોની રાજધાની સુધી પહોંચવાની આશા છે.

**ઉડ્ડયન :**

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં અત્યારે ૧૨ એરપોર્ટ કાર્યરત છે અને આટલા જ એરપોર્ટ બંધ છે. આ વિસ્તારમાં હવાઈ સુવિધા વધારવાના પ્રયાસો વિવિધ સ્તરે થઈ રહ્યાં છે. ઉત્તર-પૂર્વ પરિષદ, શિલોંગે વર્ષ ૨૦૦૨થી ૨૦૧૧ વચ્ચે એર ઈન્ડિયાની પેટાકંપની એલાયન્સ એરને વાયાબિલિટી ગેપ ફંડિંગ પ્રદાન કર્યું હતું. જેણે ઉત્તર-પૂર્વના રાજ્યો વચ્ચે જોડાણ વધારવા એટીઆર-૪૨ વિમાન કાર્યરત કર્યું હતું, ખાસ કરીને જે સ્ટેશન પર વાણિજ્યિક સેવાઓ અપર્યાપ્ત છે. અત્યારે તેઝપુર, દિમાપુર અને લીલાબારી એર ઈન્ડિયા (એલાયન્સ એર)ની સેવા મેળવે છે. ઉત્તર-પૂર્વ પરિષદ દ્વારા ભંડોળ બંધ કરી દેવાયું છે. આ પરિષદે ઓગસ્ટ, ૨૦૧૩માં આ બારાપાની સાથે આ તમામ એરપોર્ટની સેવાઓ ફરી શરૂ કરવા વાયાબિલિટી ગેપ ફંડિંગ(વીજીએફ)ની ઓફર કરી હતી.

સરકારે તાજેતરમાં દેશમાં આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક ઉડ્ડયન કેન્દ્રો ઊભા કરવાનો ધ્યેય ધરાવતી નીતિને મંજૂરી આપી છે. તેમાં ભારતમાં વિવિધ એરપોર્ટ પર ઉડ્ડયન કેન્દ્રો વિકસાવવા આડેના અવરોધો દૂર કરવા વિવિધ પગલાં સૂચવવા માટે નાગરિક ઉડ્ડયનના સચિવની અધ્યક્ષતામાં પ્રધાનોની એક સમિતિ બનાવવાની મંજૂરી પણ આપવામાં આવી છે.

નવી નીતિ ભારતમાં વૈશ્વિક કેન્દ્રો વિકસાવવાની સાથે ઉત્તર-પૂર્વ સહિત અંતરિયાળ વિસ્તારોમાં બિન-મેટ્રો સ્થાનોમાંથી વધતા એર ટ્રાફિકને સેવા પૂરી પાડવા પ્રાદેશિક કેન્દ્રો સ્થાપિત કરવા ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. સરકારે દેશના અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોને હવાઈ જોડાણ પ્રદાન કરવા પ્રાથમિકતા આપી છે અને ટાયર-ટૂ અને ટાયર-થ્રી શહેરોમાં એરપોર્ટના નિર્માણ અને આધુનિકરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

**આંતરિક જળમાર્ગો :**

ભારતીય આંતરિક જળમાર્ગ સત્તામંડળ (આઈડબલ્યુએઆઈ)એ રાષ્ટ્રીય જળમાર્ગો વિકસાવવાનો નિર્ણય લીધો છે, જેમાં બાંગ્લાદેશની સરહદ (ધુબરી નજીક)થી સાડિયા સુધી રાષ્ટ્રીય જળમાર્ગ-૨ (બ્રહ્મપુત્રા નદી) સામેલ છે, જેનો હેતુ લખીપુરથી ભંગા (૧૨૧ કિમી) સુધી બરાક નદીમાં આંતરિક જળમાર્ગને રાષ્ટ્રીય જળમાર્ગમાં વિકસાવવાનો છે. માળખાકીય વિકાસની યોજનામાં રાષ્ટ્રીય જળમાર્ગ-૨ સાથે જોડતા અન્ય આંતરિક જળમાર્ગોનું વિસ્તરણ કરવાની દરખાસ્ત પણ સામેલ છે.

રાષ્ટ્રીય જળમાર્ગ-૨ ઉપરાંત અન્ય જળમાર્ગો પણ વિકસાવવામાં આવશે, જે ઉત્તર-પૂર્વની આર્થિક વૃદ્ધિમાં મદદરૂપ થશે અને ભારત-બર્મા વચ્ચેના વેપારને પ્રોત્સાહન આપશે.

**ભારત-બાંગ્લાદેશ પ્રોટોકોલ :** આ પ્રોટોકોલમાં આંતર જળમાર્ગ પરિવહન અને વેપારી માર્ગો (૧૭૦૦ કિમી)ની દરખાસ્ત છે, જે રાષ્ટ્રીય જળમાર્ગ-૧ (ગંગા)ને રાષ્ટ્રીય જળમાર્ગ-૨ (બ્રહ્મપુત્રા) અને પ્રસ્તાવિત રાષ્ટ્રીય જળમાર્ગ-૬ (બરાક) સાથે જોડશે. આ માર્ગનો વિકાસ સુંદરવન અને બાંગ્લાદેશ મારફતે ઉત્તર-પૂર્વની અંદર અને દેશના અન્ય ભાગોમાં ચીજવસ્તુઓનું પરિવહન વધારશે અને તેના પગલે ઉત્તર-પૂર્વ વિસ્તારની સુલભતામાં વધારો થશે.

**કાલાદણ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ :** આ પ્રોજેક્ટ વિદેશ મંત્રાલયે મિઝોરમને કોલકાતા કે હલ્દિયા બંદરોને મ્યાન્મારમાં કાલાદણ નદી મારફતે જોડવા વિચાર્યો છે, જે હલ્દિયાથી સિતવે સુધી દરિયાઈ પરિવહનનો માર્ગ પ્રશસ્ત કરે છે. આ યોજના મુજબ સિતવેથી મ્યાન્મારમાં પાલેત્વા સુધી આંતરિક જળમાર્ગ અને પછી પાલેત્વાથી મિઝોરમ સુધી રોડ બનાવવામાં આવશે. તેને ભંડોળ વિદેશ મંત્રાલય પ્રદાન કરશે, જેણે પ્રોજેક્ટ ડેવપમેન્ટ કન્સલ્ટન્ટ (પીડીસી) તરીકે આઈડબલ્યુએઆઈની નિમણૂક કરી છે. સિતવે પર નિર્માણકાર્ય ચાલુ છે.

વિકાસલક્ષી અભિગમ અને સ્થાનિક કુશળ કામદારોની ભાગીદારીથી પૂર્ણ થનાર આ પ્રોજેક્ટને પગલે વિકાસ થવાની સાથે અલગતાની ભાવના દૂર થશે.

**ડૉ. ક્રિષ્ન દેવ પરિવહન ક્ષેત્રમાં સ્વતંત્ર સલાહકાર તરીકે કાર્યરત છે. તેઓ દાયકાથી વધુ સમયગાળાનો અનુભવ ધરાવે છે. તેઓ આયોજન પંચના સલાહકાર તરીકે કાર્યરત છે. તેઓ રાષ્ટ્રીય પરિવહન નીતિ પર ઉચ્ચ સ્તરીય સમિતિમાં પણ કામ કરે છે અને વર્ષ ૨૦૩૨ માટે લાંબાગાળાની નીતિ બનાવવા માટે મદદ કરી હતી. તેઓ વિશ્વ બેંકના સલાહકાર પણ છે.**

# પૂર્વોત્તર રાજ્યોમાં પડકારો અને તકો

કે. રામનાથન



*પૂર્વોત્તર પ્રદેશમાં વીજક્ષેત્રનો ટકાઉ વિકાસ એ ઘણી તકો અને તેની સાથે પડકારો પણ દર્શાવે છે. તેને પહોંચી વળવા માટે બહુકોણિય રણનીતિની જરૂર છે. કેટલાક ચાવીરૂપ વિસ્તારો કે ક્ષેત્રો એવા છે કે જેમાં જળવિદ્યુતનો વિકાસ અને અન્ય પુનઃપ્રાપ્ય વીજળી સંસાધનો, વીજપ્રવહન અને વહેંચણી (ટી એન્ડ ડી)નું મોટાપાયે વિસ્તરણ કે જે બજાર તકોને ધ્યાનમાં રાખી થઈ શકે, કાર્યક્ષમતામાં વધારો, સર્વસમાવેશક નીતિ અને નિયંત્રિત માળખું તથા કાર્યક્ષમ શાસનતંત્ર અને માનવસંસાધન વિકાસ વગેરેનો સમાવેશ થાય છે. દેશની ઊર્જા સુરક્ષામાં વધારો કરવાની બાબતે પૂર્વોત્તર પ્રદેશમાં વીજક્ષેત્રમાં ટકાઉ વિકાસ જરૂરી છે. ઉપરાંત ગ્રીનહાઉસ ગેસમાં ઘટાડાનો લક્ષ્યાંક મેળવવો તથા સોલાર અને પવનઊર્જામાં મોટાપાયે ગ્રીડ સંકલિત સેવા પૂરી પાડવામાં સહાય આપવી વગેરે મુખ્ય પરિબળો છે.*

વિશ્વના કોઈ પણ ભાગ કે પ્રદેશના સામાજિક-આર્થિક વિકાસ માટે સક્રિય ઊર્જા ક્ષેત્ર એક નિર્ણાયક બાબત હોય છે. આ બાબત ખાસ કરીને નોર્થ-ઈસ્ટ પ્રદેશ કે જેને પૂર્વોત્તર વિસ્તાર કહી શકાય તેના માટે યોગ્ય લાગુ પડે છે. કેમ કે, આ પ્રદેશ દેશના અન્ય પ્રદેશો કરતાં ઘણી બાબતોમાં પછાત છે, જેમ કે, માથાદીઠ આવક, વીજ વપરાશ, ઔદ્યોગિકરણ વગેરેમાં પાછળ છે અને આ ક્ષેત્રો સામાજિક - આર્થિક માપદંડમાં મહત્ત્વના મનાય છે. આ વિસ્તારના પ્રદેશોમાં સિક્કિમ સિવાયના અન્ય વિસ્તારો રાષ્ટ્રીય સરેરાશ કરતાં સૌથી વધુ વીજળીની તંગી અનુભવે છે. આ એક સત્ય હકીકત છે કે આ વિસ્તારમાં જળવિદ્યુત ઉત્પાદનની સૌથી વધુ ક્ષમતા અને પુનઃપ્રાપ્ય ઊર્જામાં પણ સૌથી વધુ આગળ છે. ઉપરાંત આ વિસ્તારોમાં સાક્ષરતાનો દર ઊંચો છે અને કેન્દ્રની નાણાકીય સહાય મેળવનારા રાજ્યોમાં ખાસ દરજ્જો ધરાવે છે. આ સંદર્ભમાં આ વિસ્તારમાં વીજક્ષેત્ર માટે એક ટકાઉ વિકાસની તકો રહેલી છે. સમગ્ર દેશ પણ તેમાંથી ખૂબ મેળવી શકે છે.

જો કે ખાતરીબંધ ઊર્જા ટકાઉપણું એ કાંઈ સરળ કાર્ય નથી. આ સંદર્ભમાં બહુહેતુ-બહુકોણિય રણનીતિ કે જેમાં પડકારો અને તકો રહેલી છે, તેની આવશ્યકતા છે. જે કેટલાક ચાવીરૂપ વિસ્તારો પર પ્રકાશ ફેંકી શકાય તેમ છે. તેમાં હજુ સુધી જે ઊર્જા સંસાધનોનો ઉપયોગ થયો નથી તેનો ઉપયોગ કરવો વીજપ્રવહન અને વહેંચણી (ટી એન્ડ ડી) પદ્ધતિ અને નિયંત્રણ સુવિધાઓ, કાર્યક્ષમતા વધારો, નીતિ અને નિયંત્રણકારી માળખું, સંચાલન માળખું અને માનવ સંસાધન વિકાસનો સમાવેશ થાય છે.

**જળવિદ્યુતની વિકાસની તકો**

પૂર્વોત્તર પ્રદેશમાં અંદાજિત જળવિદ્યુત જે ૫૬ હજાર મેગાવોટ જેટલી છે તેની ૯૦ ટકા વીજળી હજુ સુધી પ્રાપ્ય થઈ શકી નથી. આ ઊર્જાનો ટકાઉ વિકાસ પૂર્વોત્તર પ્રદેશની ઊર્જા જરૂરિયાતને પહોંચી વળવામાં મદદ કરવાની સાથે સાથે દેશના બીજા ભાગને હરિયાળી અને ચલાયમાન વીજળી પૂરી પાડી શકે છે. આ પ્રોજેક્ટનો આધાર એવી ડિઝાઈન ઉપર આધાર રાખે છે. કે જે પૂરનિયંત્રણ અને સિંચાઈની જરૂરિયાતોમાં મદદરૂપ થઈ શકે છે.

જળવિદ્યુત વિકસાવવામાં જે પડકારોનો અનુભવ થાય છે તેમાં ઊંચો મૂડી ખર્ચ, લાંબો સમયગાળો, જળ વિસ્તાર પ્રદેશોમાં થતાં ફેરફારોની ચિંતા, જળવિસ્તારમાં વસતાં લોકો પર થનારી

અસરો, જાહેર સુખાકારી અને તટવર્તીય અધિકારોના મુદ્દાઓ, ભૂકંપ સંબંધિત નુકસાનીનો અંદાજ, પુનઃવસનના મુદ્દાઓ, કાયદો-વ્યવસ્થાની બાબત અને અન્ય બાબતોમાં જમીનના રેકોર્ડની અપ્રાપ્યતા કે જેમાંથી પ્રોજેક્ટ અસરકર્તા લોકોની ઓળખમાં પડનારી મુશ્કેલીઓ, મંજૂરી મેળવવામાં વિલંબ, નબળી સડકો, નબળું સંદેશાવ્યવહાર વગેરેને કારણે જે-તે વિદ્યુત પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં સમય માંગે છે અને તેનાથી પ્રોજેક્ટના ખર્ચમાં વધારો થઈ શકે છે. ઉપરાંત આ તમામ પ્રક્રિયાઓમાં મૂડીરોકાણકારો ઉપર પણ અવળી અસરો પેદા કરી શકે તેમ છે. 'તેરી' દ્વારા તાજેતરમાં કરાયેલા એક અભ્યાસમાં એવું બહાર આવ્યું કે એક પ્રોજેક્ટના વિકાસકાર દ્વારા એવો ભય વ્યક્ત કરાયો હતો કે જે તે પ્રોજેક્ટથી સ્થાનિક લોકોની આગવી સંસ્કૃતિ અને પરંપરા લુપ્ત થઈ જશે. ઉપરાંત તેનાથી લોકોની આવક ઉપર પણ અસર થઈ શકે છે અને આ બધા ખૂબ જ સંવેદનશીલ મુદ્દાઓ છે. વાતાવરણમાં થતાં ફેરફારો (ક્લાઈમેન્ટ ચેન્જ)ને કારણે જળવિદ્યુત મથક માટે જરૂરી એવા પાણીના જથ્થામાં થતાં ફેરફારો એટલે કે વધઘટ વગેરેને કારણે આવા પ્રોજેક્ટની ડિઝાઈન બનાવવામાં પણ મુશ્કેલીઓ પડતી હોય છે.

ઉપરોક્ત પડકારો જટિલ અને સામાજિક-રાજકીય રીતે સંવેદનશીલ છે. આ સંદર્ભમાં રણનીતિ એવી હોવી જોઈએ કે જે (એ) પાયા પ્રમાણે આયોજનની રચના અને સંકલિત અમલીકરણ (બી) સર્વગ્રાહી સંસાધનોનું નકશાકરણ, (સી) પ્રોજેક્ટનું ટકાઉ મૂલ્યાંકન તમામ કક્ષાએ કરવું જે આંતરરાષ્ટ્રીય જળવિદ્યુત સંગઠનના પ્રોટોકોલ મુજબ અને સ્થાનિક જરૂરિયાત સંતોષે તેવી હોવી જોઈશે. (ડી) પર્યાવરણીય અસરોના મૂલ્યાંકન અભ્યાસમાં પારદર્શકતા અને વ્યવસાયીકરણ (ઈ) ઝડપી મંજૂરી પ્રક્રિયા (એફ) નાગરિક અને સાર્વજનિક સમાજના સંપર્ક માટે સામે ચાલીને મળવાનો અભિગમ હોવો જોઈએ. નદીના તટ વિસ્તારોમાં અને હેઠવાસમાં રહેતા લોકોના અધિકારોનું રક્ષણ કરવા માટે રાજકીય સ્વીકાર્ય ઉકેલ લાવવો જોઈએ.

**અન્ય પુનઃપ્રાપ્ય સંસાધનોનો વિકાસ**

દૂર અંતરિયાળ વિસ્તારોમાં રહેતાં લોકોને ટકાઉ અને નિરંતર વીજળી પૂરી પાડવા માટે અન્ય પુનઃપ્રાપ્ય ઊર્જાઓમાં નાના જળવિદ્યુત મથકો (એસએચપી) બાયોમાસ, સૂર્ય ઊર્જા વગેરેનો સમાવેશ થઈ શકે છે. એક એવો અંદાજ છે કે પૂર્વોત્તર પ્રદેશમાં ૨૨૦૦ મેગાવોટ વીજળી મળી શકે તેટલી એક હજાર નાના જળ વિદ્યુત યોજનાઓની શક્યતા રહેલી છે. ઉપરાંત આ વિસ્તારોમાં મોટા પાયે બાયોમાસ ઊર્જાની પણ વ્યાપક ક્ષમતા રહેલી છે અને જો તેને અમલમાં મૂકાય તો ગ્રામીણ વીજળીકરણમાં તે મોટા પાયે મદદ કરી શકે તેમ છે. વળી, સૂર્ય ઊર્જા પણ એક ઉજળી તક પૂરી પાડે છે. કેન્દ્રના નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય દ્વારા સોલાર સિટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ જે આઠ શહેરોનો માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે. તેમાં અગરતલા અને ઐઝવાલ શહેરોનો પણ સમાવેશ કરાયો છે. આ શહેરોને સોલાર સિટી પાયલોટ પ્રોજેક્ટ તરીકે વિકસાવવામાં આવશે.

આ સંસાધનોના ઝડપી વિકાસ આડે જે અંતરાયો છે તેમાં પ્રોજેક્ટનું સ્થળ દૂર અંતરિયાળ વિસ્તારમાં હોય છે. પ્રોજેક્ટના કારણે જેમને ત્યાંથી ખસેડવા પડે તે સમસ્યા, મૂડીરોકાણકારમાં પ્રોજેક્ટ માટે રસનો અને અમલીકરણ માટે વ્યવસાયનો અભાવ મુખ્ય છે. આ સંદર્ભમાં જેમને વીજળીની જરૂર છે તેવા સ્થાનિક લોકોનું સર્વગ્રાહી મૂલ્યાંકન, જે સંસાધનોનો ઉપયોગ થવાનો હોય તેનું સર્વગ્રાહી મૂલ્યાંકન જરૂરી છે. પ્રોજેક્ટની ડિઝાઈન સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે વીજલાઈન કઈ રીતે નાંખવી, વસ્તીની ગીચતા અને વીજળીની અલગ અલગ જરૂરિયાત તથા વીજ ગ્રીડમાંથી કેટલી વીજળી મેળવાશે વગેરે પ્રમાણે તૈયાર કરવી પડે. આ પ્રોજેક્ટમાંથી નફો મેળવી શકાય તેવા વ્યવસાયી નમૂનાનું પણ ગુણવત્તા મુજબ ધ્યાન આપવું પડે તેમ છે.

**પૂરતી નિયંત્રણ સુવિધા સાથે સારી રીતે ગૂંથાયેલી વીજપ્રવાહ અને ટી. એન્ડ ડી. સિસ્ટમનો વિકાસ :**

માંગ કેન્દ્રો મુજબ દૂર અંતરિયાળ વિસ્તારોમાં આવેલા પ્રોજેક્ટમાંથી વીજળી મેળવવી અને સમગ્ર વિસ્તારમાં તેનો ફેલાવો કરવા માટે ટી એન્ડ ડી સિસ્ટમનું મોટા પાયે વિસ્તરણ અને મોટા મૂડીરોકાણની જરૂર પડી શકે. પ્રોજેક્ટના પ્રારંભિક વર્ષોમાં પદ્ધતિનો ઉપયોગ કરવાથી વીજળીના ઊંચા દર રાખવા પડે. ઉપરાંત વીજઉત્પાદન ક્ષમતામાં અચોક્કસતા, પહાડી વિસ્તારોમાં અડચણો, કામ કરવાનો ગાળો અને સ્થાનિક મોસમ વગેરે પરિબળો અંતરાયરૂપ બની શકે તેમ છે.

પરિણામે, ટી. એન્ડ ટી.નું આયોજન કરતી વખતે આ બાબતો ઉપર ખાસ ભાર આપવો જોઈએ. જેમ કે, (એ)

લાંબાગાળાનું ઉત્પાદન વિસ્તરણ આયોજન (બી) માંગ વૃદ્ધિ અને બજાર મૂલ્યાંકન પ્રવાહોની પદ્ધતિ (સી) તળેટી મુજબ વિકાસ માટેનું આયોજન (ડી) માર્ગ અધિકાર કેન્દ્રિત (ઈ) નુકસાનમાં ઘટાડો (એફ) આધુનિક ટેક્નોલોજી, જેમાં સ્માર્ટ ગ્રીડ ટેક્નોલોજીનો સમાવેશ થાય, અને (જી) દશ્ય આધારિત પૃથક્કરણનો સમાવેશ થાય છે. મોટા પાયે પુનઃ પ્રાપ્ય વીજળીમાં ગ્રીડ રચનામાં સર્વગ્રાહી જરૂરિયાતની બાબતનો સમાવેશ થવો જોઈએ. આ સંદર્ભમાં સુસજજ પદ્ધતિવાળા નિયંત્રણ કેન્દ્રોની સ્થાપના મહત્ત્વની બાબત છે.

**કાર્યક્ષમતામાં વધારો :**

કોઈપણ ઊર્જાપદ્ધતિમાં આશાસ્પદ વિકાસ અને કામગીરી દેખાવ એ માંગ-પુરવઠા સાંકળમાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. વીજળી કાયદો, વીજ સંરક્ષણ કાયદો અને ઊર્જા રાષ્ટ્રીય મિશન વગેરે. આ બાબતે ધારાકીય આદેશ અને સહાય કરી શકે તેમ છે. પ્રદેશમાં કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે વિશાળ તકો રહેલી છે અને તેથી તેને અમલમાં મૂકતી વખતે અગ્રતા આપવી પડે તેમ છે. આ સંદર્ભમાં સાર્વજનિક જાગરૂકતાનું સર્જન અને યોગ્ય વ્યવસાયનો વિકાસ જરૂરી છે.

**નીતિ અને નિયંત્રણકારી સહાય :**

ટકાઉ-ખાતરીબદ્ધ વિકાસ માટે સહાયકારી નીતિઓ અને નિયમનો તથા સુશાસનતંત્ર એ પૂર્વ શરત છે. અને તેથી બહુકોણિય રણનીતિમાં ખાસ ધ્યાન આપવું જરૂરી છે. નીતિઓ એવી હોવી જોઈએ કે જે જ્યાં જરૂર હોય ત્યાં ખાનગી અને સાર્વજનિક ભાગીદારીની સુવિધાઓ આપી શકે. તેનાથી નાણાકીય ભંડોળ માટે મદદ મળી શકે અને વ્યવસ્થાપન કાર્યક્ષમતામાં પણ સુધારો કરી શકે. પ્રાથમિક નીતિ અને નિયંત્રિત મૂલ્યાંકન અભ્યાસો એ બાબત સમજવા માટે જરૂરી છે કે છેવટનો હેતુ કઈ રીતે સિદ્ધ થાય અને જ્યાં જરૂર હોય ત્યાં તેમાં ફેરફારો પણ કરી શકે. કેમ કે છેવટનો હેતુ એ જ છે કે પૂર્વોત્તર વિસ્તારના લોકોને નિરંતર વીજ પુરવઠો મળી શકે.

**માનવસંસાધન વિકાસ**

પૂરતા પ્રમાણમાં કુશળ માનવશક્તિની ઉપલબ્ધતા એ આ ક્ષેત્રનું એક અગત્યનું ધ્યાન કેન્દ્રીત કરે તેવું અગત્યનું પરિબળ છે. ઈજનેરી કુશળતા, પ્રોજેક્ટ વ્યવસ્થાપન અને નિયમિતતા વગેરે પણ ગુણવત્તાયુક્ત ધ્યાન માંગે તેમ છે.

**ઉપસંહાર :**

પૂર્વોત્તર પ્રદેશમાં વીજક્ષેત્રનો ટકાઉ વિકાસ એ ઘણી તકો અને તેની સાથે પડકારો પણ દર્શાવે છે. તેને પહોંચી વળવા માટે બહુકોણિય રણનીતિની જરૂર છે. કેટલાક ચાવીરૂપ વિસ્તારો કે ક્ષેત્રો એવા છે કે જેમાં જળવિદ્યુતનો વિકાસ અને અન્ય પુનઃપ્રાપ્ય વીજળી સંસાધનો, વીજપ્રવહન અને વહેંચણી (ટી એન્ડ ડી)નું મોટાપાયે વિસ્તરણ કે જે બજાર તકોને ધ્યાનમાં રાખી શકે, કાર્યક્ષમતામાં વધારો, સર્વસમાવેશક નીતિ અને નિયંત્રિત માળખું તથા કાર્યક્ષમ શાસનતંત્ર અને માનવસંસાધન વિકાસ વગેરેનો સમાવેશ થાય છે. દેશની ઊર્જા સુરક્ષામાં વધારો કરવાની બાબતે પૂર્વોત્તર પ્રદેશમાં વીજક્ષેત્રમાં ટકાઉ વિકાસ જરૂરી છે. ઉપરાંત ગ્રીનહાઉસ ગેસમાં ઘટાડાનો લક્ષ્યાંક મેળવવો તથા સોલાર અને પવનઊર્જામાં મોટાપાયે ગ્રીડ સંકલિત સેવા પૂરી પાડવામાં સહાય આપવી વગેરે મુખ્ય પરિબળો છે.

**લેખક ધી એનર્જી એન્ડ રિસોર્સિસ, ઈન્સ્ટિટ્યૂટ (તેરી) નવી દિલ્હી ખાતે કાર્યરત છે.**

## અગત્યની સૂચના

### યોજનાના લેખકો/વાચકો

**યોજના મેગેઝિનના વાર્ષિક લવાજમ / છૂટક નકલના દરમાં ૧ માર્ચ, ૨૦૧૬થી અમલમાં આવે તે રીતે વધારો કરવામાં આવ્યો છે. લવાજમના દર નીચે મુજબ છે :**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૨૩૦ |
| દ્વિવાર્ષિક લવાજમ | : | રૂ. ૪૩૦ |
| ત્રિવાર્ષિક લવાજમ | : | રૂ. ૬૧૦ |
| છૂટક નકલ | : | રૂ. ૨૨ |
| વિશેષાંક | : | રૂ. ૩૦ |

# ઉત્તર-પૂર્વ ભારતમાં આદિજાતિ વિકાસ

**એન. સી. સક્સેના**



*કેવળ આદિજાતિ પ્રદેશ જ નહિ, સમગ્ર ઉત્તર-પૂર્વી પ્રદેશ (સિક્કિમને બાદ કરતાં)માં માથાદીઠ ઓછી આવક, ખાનગી રોકાણનો અભાવ, ઓછી મૂડીનું સર્જન, અપૂરતી માળખાકીય સવલતો, ભૌગોલિક રીતે અલગતાપણું અને સંદેશાવ્યવહારને લગતી મુશ્કેલીઓ જેવી વિશેષ પ્રકારની સમસ્યાઓ નડે છે. પ્રાથમિક રીતે જોતાં આ પ્રદેશ માર્ગ, રેલ તથા વિમાની સેવા જેવી સેવાઓના અભાવને કારણે પાછળ રહી ગયા છે. વીજળી એ સૌથી મોટો અવરોધ છે, આથી લઘુ જળવિદ્યુત અને બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતને અહીં વિકસાવવાની જરૂર છે. તેની પોતાની વેરાની આવક અને આંતરિક સંસાધનો ઓછાં હોવાને લીધે તેને કેન્દ્રીય સહાય પર નિર્ભર રહેવું પડે છે.*

ભારતમાં આદિજાતિની કુલ વસ્તીમાંથી કેવળ ૧૨ ટકા વસ્તી આઠ ઉત્તર-પૂર્વી રાજ્યોમાં વસે છે. પરંતુ ભારતના મધ્યભાગના રાજ્યોમાં, દરેક રાજ્યોમાં તેઓ લઘુમતિમાં છે. મિઝોરમ, મેઘાલય અને નાગાલેન્ડમાં રાજ્યની ૮૦ ટકાથી વધુ વસ્તી આદિજાતિ લોકોની છે. આથી રાજકીય રીતે આ રાજ્યોમાં વધુ ધ્યાન આપવામાં આવે છે. આમ છતાં છેલ્લા કેટલાંક દાયકાઓથી ઉત્તર-પૂર્વ વિસ્તારના કેટલાંક રાજ્યોમાં પડોશી રાજ્યો તેમ જ બાંગ્લાદેશમાંથી આર્થિક શરણાર્થીઓનો સતત પ્રવાહ આવતો રહે છે અને પરિણામે વસ્તીને લગતું સમતોલન દેશની વસ્તીની સામે જોખમાય છે. ત્રિપુરામાં આદિજાતિની વસ્તી ૧૯૫૧માં ૫૬ ટકા ઘટી હતી અને ૨૦૦૧માં આમાં ૩૦ ટકાથી ઓછો ઘટાડો નોંધાયો હતો. અરૂણાચલ પ્રદેશમાં આ ગાળામાં ઘટાડાનું પ્રમાણ અનુક્રમે ૯૦ ટકા અને ૬૪ ટકા નોંધાયું હતું. આસામની બોડો આદિજાતિ બોડો સ્વાયત્ત કાઉન્સિલના ઘણા જિલ્લાઓમાં લઘુમતી બની ગઈ છે. બહારથી આવનારા શરણાર્થીઓ તેમની જમીન પડાવી લે છે અને પરિણામે મોટા પાયે હિંસક ઘટનાઓ બને છે.

વસ્તીનો આવો હિસ્સો, આદિજાતિ તેમજ બિન-આદિજાતિ (આસામમાં અહોમ્સ, મણિપુરમાં મૈટીઝ અને ત્રિપુરામાં બંગાળીઓ) વચ્ચે અસમાન સત્તા સંબંધો જન્માવે છે, જે રાજકીય અને આર્થિક સત્તા કબજે કરવા લાગે છે. આદિજાતિમાં પણ ઘણા ભાગલા છે. ઉત્તર-પૂર્વી ભારતમાં ૨૨૦થી વધુ એથનીક જૂથો છે, જેમની પોતાની સંસ્કૃતિ અને પરંપરા છે. તેઓની ભાષા પણ અલગ-અલગ છે. આ પ્રદેશની સાંસ્કૃતિક વિવિધતાને કારણે ઘણા રાજ્યોમાં આદિજાતિઓમાં અંદર અંદર જ ઘર્ષણ થાય છે જે શાંતિ અને વિકાસને અવરોધે છે.

**છઠ્ઠું પરિશિષ્ટ**

ભારતના બંધારણમાં છઠ્ઠા પરિશિષ્ટનો સમાવેશ કરવામાં આવ્યો જેથી આદિજાતિઓ, કે જેઓ ૧૯૬૦ના દાયકાના અવિભાજિત આસામમાં લઘુમતીનો દરજ્જો ધરાવતા. તેઓ તેમના પોતાના વિકાસ મોડેલ અંગે નિર્ણય લઈ શકે અને તેમના રીતિ-રિવાજ, પ્રણાલિઓને સાચવી શકે જેથી તેઓને એક અલગ ઓળખ મળે. આદિજાતિની વધુ વસ્તી ધરાવતાં નાગાલેન્ડ, મિઝોરમ અને મેઘાલય રાજ્યની રચના પછી આખો સંદર્ભ બદલાઈ ગયો. એકવાર રાજ્યનો દરજ્જો મળી ગયો એ પછી નાગાલેન્ડે છઠ્ઠા શિડ્યુલ્ડને પડતો મૂક્યો. મિઝોરમ રાજ્યની અંદર જે લઘુમતી આદિજાતિ છે તેના સંબંધમાં જ છઠ્ઠા શિડ્યુલ્ડ માટે મિઝોએ અરજી કરી. આમ

છતાં મેઘાલય સ્વાયત્ત જિલ્લા કાઉન્સિલ માટે ચાલુ રહેલ છે, કારણ કે અન્ય રાજકીય સંસ્થા, ગૌણ ધારાગૃહ (Legislature) (એક એવી જગ્યા જ્યાં જે પક્ષ રાજ્ય ધારાગૃહમાં જવા નિષ્ફળ જાય તો તે હંગામી ધોરણે રદ થઈ જાય છે) જેવી છે. જ્યારે મેઘાલય આસામનો હિસ્સો હતું ત્યારે આ કાઉન્સિલો પ્રસ્તુત હતી, જેથી આદિજાતિ વિસ્તારોમાં સ્વ-રાજ્યની ભાવના આવી શકે અને આસપાસની બિન-આદિજાતિની બહુમતી વસ્તીમાં ખોવાઈ ન જાય, પોતાની આગવી ઓળખ જાળવી શકે. હવે જ્યારે મેઘાલય ૮૫ ટકાથી વધુ આદિજાતિની વસ્તી સાથે એક અલગ રાજ્ય છે, ત્યારે રાજ્યની સત્તા દ્વારા તેઓના પ્રશ્નોને યોગ્ય સ્થાન મળે છે. આથી સ્વાયત્ત જિલ્લા કાઉન્સિલ ચાલુ રાખવાથી તો ગૂંચવણ ઊભી થાય.

છઠ્ઠા શિડ્યુલ્ડ વિસ્તારોમાં અન્ય સમસ્યા એ છે કે કાઉન્સિલથી નીચલા સ્તરની કોઈ અન્ય ચૂંટાયેલ સંગઠન નથી. નીચલા સ્તરે આવું સંગઠન ન હોવાથી દુર્ગમ અને ગ્રામીણ વિસ્તારોનો વિકાસ અવરોધાય છે. સ્વાયત્ત કાઉન્સિલથી નીચે ગ્રામીણ સ્તરે પ્રણાલિગત સંગઠન/બોડી કાર્યરત છે પરંતુ તે વસ્તીને લગતું નથી.

આ સંજોગોમાં અન્ય રાજ્યોમાં હોય છે તે રીતે ગ્રામ પંચાયત જેવી ચૂંટાયેલી સંસ્થા હોવી જરૂરી છે. જો કે આ બાબતે સર્વાનુમતિ સાધવાની પણ બાકી છે.

**આર્થિક અસમાનતા**

આદિજાતિના લોકો મોટે ભાગે પર્વતીય અને વન્ય વિસ્તારોમાં રહે છે અને ત્યાંથી જ આવક મેળવે છે. કૃષિ ઉપરાંત વણાટકામ અને ઊન આપતાં પશુઓ દ્વારા ઊન મેળવીને આજીવિકા રળે છે. ઉત્તર-પૂર્વી વિસ્તારોની મોટા ભાગની પર્વતીય જાતિઓ શિફ્ટીંગ વાવેતરનો અમલ કરે છે અને તેઓનું સામાજિક-રાજકીય જીવન પ્રણાલિગત કાયદાઓ અને રીતિ-રિવાજોથી નિયંત્રિત થાય છે. આમ છતાં સમય જતાં બજારોના પ્રવેશથી કેટલીક પર્વતીય જાતિઓ સેટલ્ડ વાવેતર પદ્ધતિ અપનાવતી થઈ છે. ઉત્પાદનની તેઓની સમૂહ માલિકી સમયાંતરે વ્યક્તિગત માલિકીમાં ફેરવાતી ગઈ છે, જેને કારણે આર્થિક અસમાનતા પેદા થઈ છે. સ્થાનિક રહીશોના હિતની જાળવણી માટે કાયદાઓની જોગવાઈ છે પરંતુ આ કાયદાઓ અંદરોઅંદર વધતા જતા ભેદભાવ રોકી શકતા નથી. પર્વતો પર રહેતી જાતિઓમાં આજે કેટલાક લખપતિ છે જ્યારે અન્ય મોટાભાગની વસ્તી પાસે વાવેતર લાયક એક એકર જમીન પણ નથી અને અમીર આદિજાતિઓ તેમની જ જાતિના ગરીબોના અધિકાર માટે કશું નથી કરતા પરંતુ તેમનું પોતાનું જ હિત જાળવે છે અને શોષિત ગરીબને કચડાયેલા જ રાખે છે.

વ્યાપારી ધોરણે બાગાયતી અને અન્ય પાકને પ્રોત્સાહન મળવાથી ઘણીવાર જ્ઞાતિઓની જમીનનું ખાનગીકરણ થાય છે. નજીકના શહેરો તેમજ ધોરીમાર્ગ નજીકની જમીનની કિંમત વધવાથી પણ જમીનનું ખાનગીકરણ થાય છે. જો કે આદિજાતિના લોકો ટેલેન્ટને અભાવે ઉદ્યોગ સ્થાપવા સક્ષમ હોતા નથી. મોટા ભાગનું રોકાણ રીઅલ એસ્ટેટમાં જ થાય છે.

ખાનગીકરણને પરિણામે મહિલાઓની હાલત વધુ કફોડી બની છે. દાખલા તરીકે નાગા જાતિના પરંપરાગત કાનૂન મુજબ મહિલાઓને જમીન, મિલકત કે વારસાનો અધિકાર નથી મળતો. ઘણા એવા બનાવ નોંધાયા છે કે જો મહિલાઓ જમીન પર અધિકાર જતાવે તો તેને ડાકણ ગણવામાં આવે છે અને જ્ઞાતિને નુકસાન પહોંચાડવા બદલ ગુનેગાર ઠેરવવામાં આવે છે. આવી મહિલાઓને શારીરિક અને માનસિક યાતના આપવામાં આવે છે, તેઓને જીવતી સળગાવવામાં આવે છે. આવા બનાવ ખાસ કરીને ગોલપારા, બોન્ગાઈગાંવ, કોક્રાજાર, નલબારી અને ધુબ્રી જિલ્લાઓમાં નોંધાયા છે.

**જમીન દસ્તાવેજોનો અભાવ**

નાગાલેન્ડ, અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ, મેઘાલય, મણિપુરના પર્વતીય વિસ્તારો અને આસામના કેટલાક આદિજાતિ વિસ્તારોમાં લેખિત જમીન રેકર્ડની પદ્ધતિ જ અમલમાં નથી કે જમીન મહેસૂલ ચૂકવણીની પદ્ધતિ અમલી નથી. જમીન દસ્તાવેજોનાં અભાવે જમીનની માલિકી કેટલાક લોકોના હાથમાં રહે છે. ''બધાના ઉપયોગ માટે'' - સ્ટેટ્સ અનુસાર તે જમીનમાં વાવેતર કરવામાં આવે છે. જેને પરિણામે મોટા ભાગનું સરકારી ભંડોળ જમીનનો કબજો રાખનાર અમીરોના હાથમાં રહે છે. જેથી ગરીબીના પ્રમાણમાં વધારો જ થતો રહે છે અને આ રાજ્યોમાં અસમાનતાનું પ્રમાણ વધતું રહે છે.

**ભંડોળ વાપરવાની ક્ષમતાનો અભાવ**

સ્વાયત્ત વિકાસ કાઉન્સિલને કેટલીક બાબતોમાં સ્વાયત્તતા સાથે બંધારણીય દરજ્જો મળેલો છે, આમ છતાં તે કાઉન્સિલોને પૂરતું ભંડોળ નથી મળતું. આથી તે બિનઅસરકારક બની ગઈ છે. કાઉન્સિલોને એડહોક ગ્રાન્ટ આપીને કે રાજ્યની યોજનાકીય ફાળવણીમાં ભંડોળ ફાળવીને આ સમસ્યાનો ઉકેલ લાવવા સરકાર પ્રયાસ કરી રહી છે. આમ છતાં કાઉન્સિલની તથા રાજ્ય સરકારોની ભંડોળ વાપરી શકવાની ક્ષમતાના

અભાવને કારણે સમગ્ર રીતે જોતાં ખર્ચ ઓછું રહે છે. ઉદાહરણ તરીકે કેન્દ્રીય મંત્રાલયના અંદાજપત્રમાં ઓછામાં ઓછી ૧૦ ટકા રકમ ઉત્તર-પૂર્વી રાજ્યોના વિકાસ માટે ફાળવવામાં આવે છે અને નહિ ખર્ચાયેલ રકમ નોન-લેપ્સેબલ ભંડોળમાં તબદિલ થાય છે. આમ છતાં વાસ્તવિક રીતે, કુલ ઉપલબ્ધ ભંડોળમાંથી છૂટી કરાતી રકમ સંતોષકારક નથી. રાજ્યો તરફથી વહીવટી મંત્રાલયને સારી દરખાસ્તો મોકલવામાં આવતી નથી અથવા તો ખર્ચ થતો નથી અને પરિણામે સંતોષકારક કામગીરી નથી થતી.

એ જ રીતે ઘણા વિદેશી પ્રોજેક્ટ્સ વિવિધ પ્રકારની જરૂરિયાતો જેવી કે જમીન સંપાદન, પર્યાવરણલક્ષી મંજૂરી વગેરેના અભાવે પડતા મૂકવા પડે છે, જેથી આ પ્રોજેક્ટમાં ખર્ચ ઓછો થાય છે. આ ઉપરાંત ભંડોળ ઓછું છૂટું થવાનાં અન્ય કારણોમાં ઉપયોગ પ્રમાણપત્રની સોંપણી ના થવી. પ્રોજેક્ટ અથવા કાર્ય યોજનાની વિગતો ન આપવી. રાજ્ય સ્તરની મંજૂરી સમિતિની બેઠકો યોજવામાં વિલંબ વગેરેનો સમાવેશ થાય છે. ભંડોળના ઉપયોગ માટે જરૂરી છે કે પ્રાદેશિક સ્તરે યોગ્ય સમયે ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવે તેમજ ખાલી જગ્યાઓને મંજૂરી આપવી. જરૂરી સામગ્રી સંપાદન કરવી અને સંબંધિત સ્થળે મોકલવી અને એ પહેલાં ટેન્ડરને લગતી કામગીરી પૂર્ણ કરવી વગેરે પ્રકારના પગલાં સમયસર લેવાં પણ જરૂરી છે જેમ કે 'નરેગા' હેઠળનું ભંડોળ. મણિપુર અને નાગાલેન્ડ જેવા રાજ્યોમાં ઓછું છૂટું થવાનાં કારણમાં નબળા નેટવર્કને હિસાબે જિલ્લા સ્તરે ઓનલાઇન વિગતો મોકલવામાં આવતી મુશ્કેલી હતી.

રાજ્યો તેના આયોજન વિભાગને મજબૂત બનાવે તો આ વિલંબ નિવારી શકાય તેમ છે. કડવી વાસ્તવિકતા એ છે કે રાજ્યના આયોજન વિભાગો પાસે વિદેશી સહાય માટે સારી દરખાસ્તો તૈયાર કરવાની ક્ષમતાનો અભાવ છે. આ વિભાગો ભારત સરકાર પાસેથી પણ વધુ ભંડોળ મેળવવા માટે યોગ્ય દરખાસ્તો તૈયાર નથી કરી શકતા અને આથી કેન્દ્રીય સહાયથી વંચિત રહે છે.

એક કાર્યક્ષમ આયોજન વિભાગ હોય તો તે રાજ્યની આદિજાતિઓની જરૂરિયાતો અને આકાંક્ષાઓને ધ્યાનમાં રાખે, તેઓ માટે લાંબાગાળાની વ્યૂહરચના તથા અગ્રતા નિયત કરે, વાર્ષિક અને પંચવર્ષીય યોજના તૈયાર કરે, નિયમિત દેખરેખ રાખે તથા યોજના મુજબ કાર્યો થયાં કે નહિ તેની સમીક્ષા થતી રહે.

કેવળ આદિજાતિ પ્રદેશ જ નહિ, સમગ્ર ઉત્તર-પૂર્વી પ્રદેશ (સિક્કિમને બાદ કરતાં)માં માથાદીઠ ઓછી આવક, ખાનગી રોકાણનો અભાવ, ઓછી મૂડીનું સર્જન, અપૂરતી માળખાકીય સવલતો, ભૌગોલિક રીતે અલગતાપણું અને સંદેશાવ્યવહારને લગતી મુશ્કેલીઓ જેવી વિશેષ પ્રકારની સમસ્યાઓ નડે છે. પ્રાથમિક રીતે જોતાં આ પ્રદેશ માર્ગ, રેલ તથા વિમાની સેવા જેવી સેવાઓના અભાવને કારણે પાછળ રહી ગયા છે. વીજળી એ સૌથી મોટો અવરોધ છે, આથી લઘુ જળવિદ્યુત અને બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોતને અહીં વિકસાવવાની જરૂર છે. તેની પોતાની વેરાની આવક અને આંતરિક સંસાધનો ઓછાં હોવાને લીધે તેને કેન્દ્રીય સહાય પર નિર્ભર રહેવું પડે છે. સ્થાનિક આદિજાતિ જે અમીર છે, તે જમીન મિલકતોમાં જ મોટા ભાગે રોકાણ કરે છે.

આ પ્રદેશના સર્વાંગી વિકાસ માટે ભારત સરકાર દ્વારા રોકાણ વધારવાની જરૂર હોવા ઉપરાંત રાજ્યોએ તેમનો વહીવટ અને વિતરણ વ્યવસ્થા/માળખું સુદૃઢ બનાવવાની જરૂર છે. સરકારી સ્ટાફમાં ડી અને સી વર્ગની સંખ્યા વધુ હોવાને કારણે આ પ્રદેશનો બિન-યોજનાકીય ખર્ચ વધુ અને આંતરિક આવક ઓછી છે. આને પરિણામે કેન્દ્ર તરફથી ઉદાર ફાળવણી છતાં તેને યોજનાકીય ખર્ચ માટે ભંડોળ અપૂરતું થાય છે. દાખલા તરીકે આસામની માથાદીઠ વાર્ષિક ફાળવણી ૨૦૧૪-૧૫ માટે રૂ. ૫૭૭૫ હતી, જ્યારે આ જ પ્રકારની ગરીબ વસ્તી ધરાવતા છત્તીસગઢની માથાદીઠ યોજનાકીય ફાળવણી રૂ. ૧૨૭૦૮ હતી.

આ રાજ્યોએ તેની કામગીરીમાં સુધારો લાવવા, સારા-ખરાબ પરિણામ માટે સરકારી સ્ટાફને જવાબદાર ગણવો જોઈએ. સરકારી સ્ટાફ ઘણીવાર પોતાની ખામી છુપાવવા ખોટા રિપોર્ટ તૈયાર કરે છે. કુપોષણથી પીડાતાં બાળકોની સંખ્યા અંગે હાથ ધરાતી વિવિધ મોજણીમાં ઘણો તફાવત જણાય છે. આથી વિશ્વસનીય અને પ્રમાણિક ડેટા તૈયાર કરવાની જરૂર છે જેથી સાચું ચિત્ર સામે આવે.

આ ઉપરાંત નાણાકીય સ્રોતની ઉપલબ્ધિ હોય પરંતુ સંસ્થાગત માળખાં અને લોકોમાં તે સ્રોતનો ઉપયોગ કરવાની ક્ષમતા ન હોવી - એ પણ વિકાસ આડે આવતો એક અવરોધ છે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને મજબૂત બનાવવી એ પણ અતિ મહત્ત્વની બાબત છે.

**લેખકશ્રી યોજના પંચ તેમજ લઘુમતી પંચ અને ગ્રામવિકાસ મંત્રાલયમાં સચિવ તરીકે રહી ચૂક્યા છે. સુપ્રિમકોર્ટ વતી તેઓએ ભારતમાં ભૂખ આધારિત કાર્યક્રમનું મોનિટરિંગ કરેલ હતું.**

# કૌશલ્ય સંવર્ધન : ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યોના વિકાસની ચાવી

શ્રી સંજીવ દુગ્ગલ

Skill India
कौशल भारत - कुशल भारत

*કેન્દ્ર સરકારે તાજેતરમાં ઉત્તર-પૂર્વમાં સ્કિલ ઈન્ડિયા પહેલ મોટા પાયે હાથ ધરવાની જાહેરાત કરી છે. આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો આ રાજ્યોના જિલ્લાઓમાં કૌશલ્ય વિકાસ કેન્દ્રો અને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈટીઆઈ) સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. કેન્દ્રિય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા પ્રધાન શ્રી રાજીવ પ્રતાપ રૂડીએ ઉત્તર-પૂર્વ વિસ્તારના ઉદ્યોગોને વિસ્તારમાં કૌશલ્ય સંવર્ધનમાં સક્રિયતાપૂર્વક સહભાગી થવાની અપીલ કરી છે તેમજ ઉત્તર-પૂર્વ વિસ્તારના ઉદ્યોગ અને વાણિજ્ય સંઘ (એફઆઈએનઈઆર)ની તમામ સેક્ટર સ્કિલ કાઉન્સિલના એક-એક સભ્યને આ દિશામાં પહેલ કરવા આહવાન કર્યું છે. તેમણે રાષ્ટ્રીય કુશળતા વિકાસ નિગમ (એનએસડીસી)ના પુનર્ગઠન અને તેને એફઆઈએનઈઆરના સભ્ય તરીકે સામેલ થવાની દરખાસ્ત પણ મૂકી છે.*

**ઉત્તર-પૂર્વ ભારતમાં વિકાસ માટે જરૂરી પગલાં :**

- ઉત્તર-પૂર્વના દરેક રાજ્યમાં કુશળતા વધારવા પ્રતિબદ્ધ સરકારી સિંગલ પોઈન્ટ ઓફ કોન્ટેક્ટ(એસપીઓસી)
- અમલીકરણ ભાગીદાર (એનએસડીએ, એનએસડીસી વગેરે)માંથી દરેક રાજ્ય માટે પ્રતિબદ્ધ પ્રોજેક્ટ લીડની જરૂર
- કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓને પ્રોત્સાહન કે અસરકારક ભંડોળ ઊભું કરવું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્કિલ ઈન્ડિયાની મહત્ત્વાકાંક્ષી યોજનાને સાકાર કરવા આ અભિયાન દેશના દરેક ખૂણે પહોંચે અને તેના પર અમલ થાય એ જરૂરી છે. દેશના સંતુલિત વિકાસ માટે ઉત્તર-પૂર્વના રાજ્યોનો વિકાસ જરૂરી હોવાથી તેના પર કેન્દ્ર સરકારે સવિશેષ ધ્યાન આપ્યું હોવાથી સ્કિલ ઈન્ડિયા અભિયાન આ વિસ્તારમાં મજબૂત થાય એ જરૂરી છે. ઉત્તર-પૂર્વના રાજ્યો વિકાસ માટે ઊંચી સંભવિતતા ધરાવે છે. આ રાજ્યો ભારતના સ્વનિર્ભર આર્થિક એકમ બનવાની સાથે દેશના વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં ઉત્તર-પૂર્વમાં સ્કિલ ઈન્ડિયા પહેલ મોટા પાયે હાથ ધરવાની જાહેરાત કરી છે. આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો આ રાજ્યોના જિલ્લાઓમાં કૌશલ્ય વિકાસ કેન્દ્રો અને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈટીઆઈ) સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. કેન્દ્રિય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા પ્રધાન શ્રી રાજીવ પ્રતાપ રૂડીએ ઉત્તર-પૂર્વ વિસ્તારના ઉદ્યોગોને વિસ્તારમાં કૌશલ્ય સંવર્ધનમાં સક્રિયતાપૂર્વક સહભાગી થવાની અપીલ કરી છે તેમજ ઉત્તર-પૂર્વ વિસ્તારના ઉદ્યોગ અને વાણિજ્ય સંઘ (એફઆઈએન ઈઆર)ની તમામ સેક્ટર સ્કિલ કાઉન્સિલના એક-એક સભ્યને આ દિશામાં પહેલ કરવા આહવાન કર્યું છે. તેમણે રાષ્ટ્રીય કુશળતા વિકાસ નિગમ (એનએસડીસી)ના પુનર્ગઠન અને તેને એફઆઈએનઈઆરના સભ્ય તરીકે સામેલ થવાની દરખાસ્ત પણ મૂકી છે.

ઉત્તર-પૂર્વના આઠ રાજ્યો અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ (વર્ષ ૨૦૦૨માં ઉમેરાયું હતું) અને ત્રિપુરાનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. ભારતના અન્ય રાજ્યો કરતાં અહીંના લોકોમાં સાક્ષરતાનો દર વધુ ઝડપથી વધી રહ્યો છે અને તેના પગલે તેમની કૃષિ પરની નિર્ભરતામાં ઘટાડો થઈ રહ્યો છે. અહીં શિક્ષણની સાથે સમૃદ્ધિ આવી રહી છે. પણ કમનસીબે વૃદ્ધિ થવા છતાં પર્યાપ્ત રીતે રોજગારીનું સર્જન થયું નથી અને આજીવિકાની તકો ઊભી થઈ નથી. પ્રદેશની માળખાગત સહિત વિકાસલક્ષી સમસ્યાઓનું સમાધાન કરવા કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૦૪માં ઉત્તર-પૂર્વના વિકાસ માટે અલગ મંત્રાલયની રચના કરી છે, જેને વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂ. ૨,૩૬૨ કરોડનું બજેટ ફાળવ્યું છે.

આ વિસ્તાર કેટલાંક વિશિષ્ટ ફાયદા ધરાવે છે, જેમ કે તે પૂર્વ ભારતના પરંપરાગત સ્થાનિક બજારની સુલભતા ધરાવતા વ્યૂહાત્મક સ્થાને છે. ઉપરાંત પૂર્વમાં મોટા રાજ્યો અને બાંગ્લાદેશ અને મ્યાન્માર જેવા સરહદી દેશો સાથે નિકટતા ધરાવે છે તેમજ દક્ષિણ-પૂર્વ એશિયાના બજારો માટે પ્રવેશદ્વાર સમાન છે. વિવિધ સંસાધનોથી સમૃદ્ધ ઉત્તર-પૂર્વના આ રાજ્યો ખેતીલાયક ફળદ્રુપ જમીન ધરાવે છે અને સાથે સાથે પ્રતિભાશાળી યુવાનોની મોટી સંખ્યા ધરાવે છે, જે તેને ભારતના સૌથી સમૃદ્ધ વિસ્તારોમાંનો એક વિસ્તાર બનાવી શકે તેવી ક્ષમતા ધરાવે છે.

આ વિસ્તારની આર્થિક સંભવિતતાને વાસ્તવિક બનાવવા તેના તમામ પ્રકારના સંસાધનોનો અસરકારક ઉપયોગ કરવો જરૂરી છે. વળી આ સંસાધનો અને ઉત્પાદન ચીજવસ્તુઓને બજાર સાથે જોડાવી આવશ્યક છે. જોકે અહીં પરંપરાગત બજાર આધારિત સોલ્યુશન્સ કામ ન કરી શકે તેવી શક્યતા છે, કારણ કે અહીં માળખાગત સુવિધાઓ અને જોડાણની સુવિધા નબળી છે તેમજ આર્થિક વિકાસ ઓછો થયો છે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ નબળી છે.

ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે તેમ છતાં ગુણવત્તાયુક્ત કુશળતાની સ્થિતિ હજુ પણ પડકારજનક છે. વર્ષ ૨૦૧૪માં એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં સર્વેમાં સામેલ કરાયેલી ૭૮ ટકા કંપનીઓએ જણાવ્યું હતું કે જ્યારે તેઓ ભારતમાં કુશળતામાં વૃદ્ધિ સાથે સંબંધિત સમસ્યાથી ચિંતિત છે, ત્યારે ૫૭ ટકા કંપનીએ જણાવ્યું હતું કે, ભારતમાં તાલીમબદ્ધ અને કુશળ માનવશ્રમની ઊભી થઈ રહેલી ખેંચ પર ચિંતા વ્યક્ત કરી હતી. દર વર્ષે ૧.૪ કરોડ લોકો રોજગારી મેળવવા બજારમાં ઉમેરાય છે, પણ તમને જાણીને નવાઈ લાગશે કે તેમાંથી ફક્ત ૨૦ લાખ લોકો ઔપચારિક રીતે તાલીમબદ્ધ અને કુશળ છે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના આંકડા જણાવે છે કે નેશનલ સેમ્પલ સર્વેના નવા આંકડા પ્રમાણે દર ૧૦૦૦ વ્યક્તિમાંથી ફક્ત ૪.૫ લોકો જ કાર્યકુશળતા ધરાવે છે અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં કાર્યકુશળતા ધરાવતા લોકોની ટકાવારી ઓછી હશે. કોરિયા જેવા દેશો ૯૬ ટકા કાર્યકુશળ લોકો ધરાવે છે અને જાપાન ૮૦ ટકા કુશળ માનવશ્રમ ધરાવે છે. આ દેશોએ કાર્યકુશળ માનવઊર્જાને બળે જ હરણફાળ પ્રગતિ કરી છે.

ઉત્તર-પૂર્વના વિસ્તારમાં કુશળતા વિકસાવવા અસરકારક નીવડી શકે અને અભ્યાસ કરી શકાય તેવા મોડલ્સનો અભાવ મુખ્ય અવરોધરૂપ છે. ઘણી સંસ્થાઓ વિવિધ અભિગમ સાથે કુશળતા વિકસાવવામાં કાર્યરત હોવા છતાં તેમાંથી મોટા ભાગની સંસ્થાઓ નવીન અભિગમ ધરાવે છે તથા તેમના અભિગમનો વ્યાપ વધારી શકાય તેવો નથી.

**ઉત્તર-પૂર્વમાં કુશળતા સાથે સંબંધિત પડકારો**

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં "સ્કિલ યુનિવર્સિટી"ની સ્થાપના કરવાની તાતી જરૂરિયાત છે, કારણ કે ભારતના યુવાન અને મહત્ત્વાકાંક્ષી લોકો સાથે જોડાવું પડકારજનક છે. મોટા કેન્દ્રોમાં "માઈગ્રેશન સપોર્ટ સેન્ટર્સ"ની સ્થાપના ઉમેદવારો માટે કારકિર્દીની સારી તક ઊભી કરી શકે છે અને તેમાં તેઓ લાંબો સમય કામ પણ કરી શકે છે. આ પગલું ઉત્તર-પૂર્વ, પર્વતીય વિસ્તારો અને અન્ય દુર્ગમ વિસ્તારો, ખાસ કરીને નક્સલવાદગ્રસ્ત જિલ્લાઓમાંથી આવતા તાલીમાર્થીઓ માટે વધારે મહત્ત્વપૂર્ણ અને આવશ્યક બનશે.

મેઘાલયમાં અગરવૂડનું તબક્કાવાર વાવેતર કરીને રોજગારીની તકો વધારી શકાશે અને આ રીતે સ્થાનિક લોકો માટે આજીવિકા ઊભી કરી શકાશે. દક્ષિણ પૂર્વ એશિયાના દેશોનું વાવેતરની પદ્ધતિથી સંકલિત વ્યવસાય ઊભું કરવા આધારિત માળખું ઊભું કરી શકાશે, જેમાં વાવેતરથી લઈને, ખાતર આપવા, ડિસ્ટિલિંગ અને અગરવૂડની કાચી સામગ્રીનું પ્રોસેસિંગથી અંતિમ ઉત્પાદનોની બનાવટ સામેલ છે. આ બનાવટોમાં અતિ કિંમતી ઔડનું તેલ પણ સામેલ છે.

ઉત્તર-પૂર્વના રાજ્યોની વિકાસ અને રોજગાર સર્જનની સંભવિતતા પર અભ્યાસ મુજબ, ૨૦૧૧ અને ૨૦૨૧ વચ્ચે આ રાજ્યોમાં ૨૬ લાખ રોજગારીનું સર્જન થશે. તેમાંથી અડધી માગ તો એકલા આસામમાં હશે, જ્યાં અત્યારે ૧૨,૩૪,૩૫૬ રોજગારી છે. ઓછી માગથી વિપરીત ૨૦૧૧થી ૨૦૨૨ વચ્ચે ૧.૭ કરોડ લોકોનો ઉમેરો થશે, જેમાં ૧.૪ કરોડ લોકો રોજગાર વાંચ્છુઓ હશે. વિસ્તારમાં ૨૬ લાખ રોજગારીનું સર્જન થશે, પણ માનવઊર્જાનો પુરવઠો ૧.૬૮ કરોડ વ્યક્તિઓનો હશે. એટલે સ્થાનિક રોજગારી અને સ્થળાંતર કરવા ઈચ્છતાં લોકો માટે કુશળતા વધારવા માટે દ્વિપાંખીયો અભિગમ અપનાવવાની જરૂર પડશે.

કુશળતા વિકસાવવા સાથે સંબંધિત કોઈ પણ યોજનાના અમલીકરણ આડે અન્ય એક મોટો પડકાર દેશના ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોના યુવાનો સુધી પહોંચવાનો, તેમને તાલીમ આપવાનો અને પ્રોત્સાહન આપવાનો છે. જાણકારી અને વિકાસમાં ૩૦ વર્ષના અનુભવ સાથે અમને અહેસાસ છે કે કોર્પોરેટ ક્ષેત્રમાં કર્મચારીઓની કાર્યદક્ષતા વધારવાનો એકમાત્ર માર્ગ તાલીમની નવીન પદ્ધતિઓ છે, જેમાં સમયે સમયે સુધારો કરવાની જરૂર છે.

મેં આ વિશે વિવિધ પ્લેટફોર્મ પર વાત કરી છે કે સરકારે કેવી રીતે મહિલાઓ માટે વ્યાવસાયિક શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ, ખાસ કરીને પૂર્ણકાલિન શિક્ષણ ન મેળવવા ઈચ્છતી મહિલાઓ માટે. ભારતમાં રોજગારી અને ભરતી કરવાની પ્રક્રિયા લાયકાતને બદલે કુશળતા આધારિત હોવી જોઈએ. સરકારે 'બેટી બચાવો, બેટી પઢાવો' અને 'ડિજિટલ ઇન્ડિયા' યોજનાઓ શરૂ કરતા યુવાનો અને ખાસ કરીને મહિલાઓને કમ્પ્યુટરનો ઉપયોગ ફરજિયાત શીખવવો જોઈએ અને કોઈ પણ ક્ષેત્રમાં કુશળતા

મેળવવાની તાલીમ આપવી જોઈએ. સરકારે વિકલાંગ લોકો માટે વિશિષ્ટ પગલાં લેવાની અને કંપનીઓ અને ઔદ્યોગિક જૂથો સાથે સંબંધોનું નિર્માણ કરીને તેમના માટે રોજગારીની તકો ઊભી કરવાની પણ જરૂર છે. જો સરકાર તેના કાર્યક્ષેત્રમાં લક્ષિત જૂથોને સામેલ કરી શકે તો નાગરિકોને સશક્ત કરવાનું અને તેમના જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકવાનું સ્વપ્ન ઘણી બધી રીતે સાકાર થશે.

ઉત્તર-પૂર્વના રાજ્યો માટે વિવિધ કુશળતાની તાલીમ આપતી સંસ્થાઓને શરૂ કરવાની તાતી જરૂર છે. તેની સાથે આ રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણને તાલીમ સાથે જોડવી જોઈએ. કાર્ય આધારિત શિક્ષણ કારકિર્દીના માર્ગ તરફ દોરી જશે. કુશળતાને આકર્ષક બનાવવાની, પ્રસ્તુત બનાવવાની જરૂર છે અને સ્થળાંતરના મોટા પડકારને ઉકેલવા માગને પૂર્ણ કરવા સક્ષમ બનાવવાની જરૂર છે.

ઉત્તર-પૂર્વના વિસ્તારમાં કુશળતાના સંવર્ધન માટેની પહેલોને અલગ નજરથી જોવાની જરૂર છે. આ વિસ્તારના લોકો હજુ પણ કૃષિ આધારિત છે. ઉત્તર-પૂર્વના વિસ્તારમાં કૌશલ્ય સંવર્ધન અને ઉદ્યોગસાહસિકતાના પ્રોત્સાહન આધારિત તકો ઊભી કરવાની આવશ્યકતા છે. આ વિસ્તારની યુવાન પેઢી ભવિષ્યની મૂડી છે અને આ વિસ્તારની આર્થિક સંભવિતતાને વાસ્તવિક બનાવવા વસતિવિષયક અને સંસાધનોના ફાયદાનો ઉપયોગ કરવો જરૂરી છે.

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં પ્રતિભાઓ સ્થાનિક વિકાસ માટે કાર્યરત થાય અને રોજગાર માટે સ્થળાંતર ન કરે એ માટે રોજગાર માટેની ક્ષમતાની સમસ્યાનું સમાધાન કરવું જરૂરી છે તેમજ ક્ષમતા સંવર્ધન અને કુશળતાને અદ્યતન બનાવવા યોજના બનાવવાની આવશ્યકતા છે. આ વિસ્તારમાં અનેક ક્ષેત્રો રોજગારીના મહત્ત્વપૂર્ણ સ્રોતો તરીકે વિકસી શકે છે અને શિક્ષણના પ્રસ્તુત પ્રવાહોને ઓળખવા મહત્ત્વપૂર્ણ છે તેમજ લોકોની રોજગારદક્ષતા વધારવા લોકો વચ્ચે કુશળતા વિકસાવવાની જરૂર છે.

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં વિવિધ પ્રકારના ફળફળાદિ અને અન્ય પાકોનું ઉત્પાદન થાય છે. અહીં મોટા પાયે ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ વિકસી શકે છે અને આ રાજ્યો ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગના કેન્દ્રો બની શકે છે, જે અહીંના યુવાનો માટે રોજગારીની વિશાળ તકોનું સર્જન કરી શકે છે. એક અન્ય ક્ષેત્ર રોજગારીની મોટી સંભવિતતા ધરાવે છે અને એ હાથવણાટનું ક્ષેત્ર છે, જેનો ઉપયોગ સ્થાનિક વપરાશ તેમજ સમગ્ર દેશમાં પુરવઠો પૂરો પાડવા થશે. કુશળતા વિકસાવવા યોગ્ય પ્રકારની ટેકનોલોજીની જાણકારી વિસ્તારના સંપૂર્ણ વૃદ્ધિદરમાં વધારો કરી શકે છે અને તેની સાથે સાથે સ્થાનિક પ્રતિભા અને વારસાનું જતન પણ થશે.

ઉત્તર-પૂર્વના રાજ્યોમાં સ્ટાર્ટઅપ કંપનીઓને પ્રોત્સાહન આપવા અને ઉદ્યોગસાહસિકતાને વિકસાવવાના પ્રયાસોથી આ વિસ્તારમાં ઉદ્યોગસાહસિકતાની સ્થિતિમાં અનુકૂળ ફેરફારો થયા છે. સ્ટાર્ટઅપ્સ માટે યોગ્ય ઈકોસિસ્ટમ, યોગ્ય કુશળતા, સ્માર્ટ મૂડી, નેટવર્કિંગ અને એક્સચેન્જ, ઉદ્યોગસાહસિકતાની કાર્યશૈલી અને મજબૂત માર્કેટિંગ વ્યૂહરચનાઓની સુલભતા સાથે ઊભી થશે.

આ વિસ્તારમાં રોજગારદક્ષતા અને કુશળતા વધારી શકે તેવા અન્ય ક્ષેત્રો હોટેલ અને હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, મેડિકલ અને પેરામેડિકલ ડિગ્રી, કૃષિ વ્યવસાયનું મેનેજમેન્ટ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, બીપીઓ અને કેપીઓ કૌશલ્ય, ઈજનેરી ડિગ્રીઓ, બિઝનેસ મેનેજમેન્ટ, ઓટોમોબાઈલ્સ, નિર્માણ, ઈલેક્ટ્રોનિક્સ, પ્લમ્બિંગ, ટેક્સ્ટાઈલ્સ અને એપેલ્સ વગેરેમાં વ્યાવસાયિક કુશળતાના છે.

જ્યારે મોટા રોકાણો સંપૂર્ણપણે સ્થિતિ બદલી શકે છે, ત્યારે ગ્રામીણ સમુદાયને સશક્ત કરવા ટકાઉક્ષમ સંસ્થાઓ ઊભી કરવી મહત્ત્વપૂર્ણ છે, જેથી તેઓ માઈક્રોફાઈનાન્સ, આજીવિકા અને કુદરતી સંસાધનોના મેનેજમેન્ટ સાથે સંબંધિત પ્રવૃત્તિ કરવા સક્ષમ બને. આ તમામ પહેલ માટે સરકારી અને ખાનગી બંને સ્તરીય પ્રયાસો સંયુક્ત અસર કરતા હોવાથી આર્થિક સશક્તિકરણ અને ભાગીદારીના વિકાસની આવશ્યકતા છે.

**ઉત્તર-પૂર્વ પરિષદ (એનઈસી) અને ઉત્તર-પૂર્વ વિસ્તારના વિકાસ મંત્રાલય દ્વારા 'વિઝન ૨૦૨૦'ના લક્ષ્યાંકો :**

- ૨૦૦૭-૦૯થી ૨૦૧૯-૨૦ વચ્ચે કુલ સ્થાનિક ઉત્પાદનમાં ૧૧.૬૪ ટકાના ચક્રવૃદ્ધિ દરે વૃદ્ધિ કરવી.
- ૨૦૦૭-૦૯થી ૨૦૧૯-૨૦ વચ્ચે માથાદીઠ આવકમાં ૧૨.૯૫ ટકાની વૃદ્ધિ.

**'વિઝન ૨૦૨૦'ને ટેકો આપવા ઉત્તર-પૂર્વ વિસ્તાર વિકાસ મંત્રાલયે વ્યૂહાત્મક યોજના (૨૦૧૦-૧૬) બનાવી છે, જેની મુખ્ય જોગવાઈઓ :**

- મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ક્ષમતાનું નિર્માણ કરવા અને સક્ષમતા વધારવા યોજના તૈયાર કરવી.
- વિસ્તારમાં તાલીમ આપવા અને ક્ષમતા વધારવા સંસ્થાઓની ઓળખ કરવી.
- મંત્રાલયો, એનઈસી કે રાજ્યો મારફતે મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો માટે તાલીમ સંસ્થાઓની સ્થાપના.
- ઉત્તર-પૂર્વના રાજ્યોમાં તાલીમ સંસ્થાઓની ક્ષમતામાં વધારો કરવા
- કુશળતા વધારવા ટૂલ તરીકે આઈટીનો ઉપયોગ.

**શ્રી સંજીવ દુગ્ગલ વિશિષ્ટ નફાકારક તાલીમ એમએનસીના સીઈઓ અને એમડી છે. મૂળ સમાજશાસ્ત્રી દુગ્ગલે ભારતમાં વિકાસ માટે જરૂરી કૌશલ્ય સંવર્ધનની વિભાવના બદલવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે વર્ષ ૨૦૦૬માં સેન્ટુમ લર્નિંગની સ્થાપના કરી હતી, જેથી લોકોમાં ઉદ્યોગસાહસિકતા વિકસાવી શકાય. કંપની અત્યારે ૨૧ દેશોમાં કાર્યરત છે.**

# પૂર્વોત્તર ભારત : વિશ્વપ્રવાસન માટે એક વણખેડાયેલ સ્વર્ગ

**સૌરભકુમાર દિક્ષિત**




*પૂર્વોત્તર ભારતના આ ક્ષેત્રોમાં પ્રવાસનના વિકાસ માટેની ખૂબ મોટી ક્ષમતા રહેલી છે, જે સ્થાનિક આર્થિક પગભર માટે તો છે જ, ઉપરાંત દેશની સદ્ધરતા માટે પણ મહત્ત્વનો ફાળો આપી શકે તેમ હોવાથી વડાપ્રધાન દ્વારા આ પ્રદેશ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આમ છતાં, આ વિસ્તાર તેનામાં રહેલી ક્ષમતાને પુરવાર કરવામાં કે તેના સફળ લક્ષ્યાંકો મેળવવામાં જે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તેટલું કરી શકાયું નથી. તેમાં આંતરમાળખાકીય સુવિધાનો અભાવ, યોગ્ય બજાર અને પ્રચાર-પ્રસારનો અભાવ, પ્રવાસ મંજૂરી પ્રક્રિયાઓ, કુશળ માનવ-બળની તંગી અને વિશાળ પ્રવાસન નીતિની ગેરહાજરી એ એવા પરિબળો છે કે જેના કારણે સમગ્ર પ્રદેશને અસર થાય છે.*

પ્રકૃતિની દૃષ્ટિએ પૂર્વોત્તર ભારતના પ્રદેશોમાં સૃષ્ટિએ છૂટા હાથે પોતાનું વૈવિધ્યપૂર્ણ સૌંદર્ય વેર્યું છે. જૈવ-ભૌગોલિક રીતે તે વિશ્વના જાણીતા આવા સ્થળો પૈકીનો એક કેન્દ્રવર્તી વિસ્તાર છે. નોર્થ-ઈસ્ટ ઉત્તર-પૂર્વ કે જેને પૂર્વોત્તર પણ કહી શકાય તેવા આ વિસ્તારમાં આવક અને રોજગારી રળવા માટે પ્રવાસન એક સૌથી વધુ ખમતીધર પરિબળ છે કેમ કે, પૂર્વોત્તર ભારત માત્ર સમૃદ્ધ વનસ્પતિઓ અને વૈવિધ્યપૂર્ણ જીવજંતુઓની જાતિઓ-પ્રજાતિઓ જ ધરાવનાર વિસ્તાર નથી, પરંતુ આ ક્ષેત્રમાં જૈવ વિવિધતા સંસાધનો પણ પ્રચૂર માત્રામાં ઉપલબ્ધ છે. તે વિવિધ આર્થિક સંસાધનોનો એક ખજાનો પણ છે. આ ક્ષેત્ર પાસે પારંપારિક સંસ્કૃતિ અને પ્રાચીન વારસો છે કે જે તેને એક સમૃદ્ધ પર્યટન સ્થળ બનાવે છે. પૂર્વોત્તર ભારતમાં આવેલા રાષ્ટ્રીય ઉદ્યાનો અને વન્યપ્રાણી અભ્યારણ્યો સમગ્ર વિશ્વભરમાંથી પ્રવાસીઓને આકર્ષે છે. ઉપરાંત પૂર્વોત્તર ભારતમાં આ પ્રવાસન, ગ્રામીણ પ્રવાસન અને ગોલ્ફ પ્રવાસન પ્રવૃત્તિઓ પ્રવાસીઓને કંઈક જુદી જ રીતે આવકાર આપવા માટે સક્ષમ છે.

પ્રાચીન અને ભાષાકીય સહિત વિવિધ પરિબળો આ ક્ષેત્રને અલગ અલગ આઠ પ્રદેશોમાં વિભાજીત કરે છે. જેમાં આસામ, અરૂણાચલ પ્રદેશ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને સિક્કિમનો સમાવેશ થાય છે. ઘણી બધી રીતે જોતાં પૂર્વોત્તર ભારત એ દેશના બીજા વિસ્તારોની જેમ નથી. આ વિસ્તારો મોટી સંખ્યામાં આદિજાતિઓથી ભરપૂર છે અને આદિજાતિઓ સેંકડો પ્રકારની વિવિધ લોકબોલીઓ અને ભાષાનો પ્રયોગ કરે છે. એકલા અરૂણાચલ પ્રદેશમાં જ ૫૦ કરતાં વધુ વિશિષ્ટ પ્રકારની ભાષાઓનો ઉપયોગ થાય છે. આ વિસ્તારમાં રહેતા આદિજાતિ લોકો બર્મા, થાઈલેન્ડ અને લાઓસમાં રહેતા લોકોની સાથે સામ્યતા ધરાવે છે. આ ક્ષેત્રોની અદ્‌ભુત વૈવિધ્યપૂર્ણ ભૌગોલિક સંરચના, ઉચ્ચપ્રદેશ, વિવિધ વનસ્પતિઓ અને જીવજંતુઓની પ્રજાતિઓ તથા જીવન, દુર્લભ ચીડના વૃક્ષો અને પતંગિયાઓ, ચમકતા રંગીન સ્તુપો, પડકારજનક નદીઓ, પ્રાચીન પરંપરા અને પ્રાચીન જીવનશૈલીનો ઈતિહાસ, તેના તહેવારો અને હસ્તકલા વગેરે. આ વિસ્તારોને રજા ગાળવા માટેનું એક આદર્શ સ્થળ બનાવવા સક્ષમ છે.



પ્રવાસન મંત્રાલયની આંકડાકીય માહિતી પ્રમાણે, પૂર્વોત્તર રાજ્યોમાં વિદેશી સહેલાણીઓ-પર્યટકોની સંખ્યામાં ૨૦૧૧થી સતત વધારો થયો છે. ૨૦૧૩માં તો તેના આગળના વર્ષ એટલે કે ૨૦૧૨ કરતાં બમણો ધસારો જોવા મળ્યો હતો. ૨૦૧૧ની સામે ૨૦૧૨માં આ ક્ષેત્રમાં વિદેશી પર્યટકોની સંખ્યામાં એક સાથે ૧૨.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જે ત્યારબાદ ૨૦૧૩માં, ૨૦૧૨ની સરખામણીએ ૧૦૦ ટકા વધારો નોંધાયો. ટકાવારીની રીતે જોઈએ તો ૨૭.૯ ટકાનો વધારો નોંધાયો હતો. ૨૦૧૧માં પૂર્વોત્તર ભારતના રાજ્યોમાં કુલ ૫૮૯૨૦ વિદેશી પર્યટકો આવ્યા, જે ૨૦૧૨માં વધીને ૬૬૩૦૨ નોંધાયા હતા. એ જ રીતે ૨૦૧૩માં વિદેશી પર્યટકોની સંખ્યા ૬૬૩૦૨થી વધીને ૮૪૮૨૦ અને તે પછી ૨૦૧૪માં ૧,૧૮,૫૫૨ આવ્યા હતા. આસામમાં ૨૦૧૧માં વિદેશી પર્યટકોની સંખ્યા ૧૬૪૦૦ નોંધાઈ હતી, તો ૨૦૧૨માં તે વધીને ૧૭૫૪૩ થઈ હતી. તે પછીના વર્ષ ૨૦૧૩માં આ આંકડો વધીને ૧૭૬૩૮ થયો હતો. આંકડા પ્રમાણે સિક્કિમમાં ૨૦૧૩માં ૩૧૬૯૮ અને ૨૦૧૨માં ૨૬૪૮૯ વિદેશી સહેલાણીઓ આવ્યા હતા. જ્યારે સિક્કિમમાં ૨૦૧૧માં ૨૩૬૦૨ વિદેશી પર્યટકો આવ્યા હતા.

તેની ભૌગોલિક સંરચના, પ્રાકૃતિક સંસાધનોની સમૃદ્ધિ અને પૂર્વના વિસ્તાર પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરાતાં આ પ્રદેશો ભારતના નવા ચાલકબળ (ગ્રોથ એન્જિન) બની શકવાની ક્ષમતા ધરાવે છે. ભારતનો નોર્થ-ઈસ્ટ રિજીયન એટલે કે પૂર્વોત્તર ક્ષેત્ર (એનઈઆર-નેટ) તેના વણખેડાયેલા પ્રાકૃતિક સંસાધનોને કારણે તેને દેશની એક્ટ ઈસ્ટ પોલિસીમાં પૂર્વીય દ્વાર તરીકે નોંધવામાં આવ્યો છે. સીમા પારના વ્યાપારનો લાભ સેવા માટે આ વિસ્તારમાં પ્રવાસન ઉદ્યોગને વિકસાવવા પડોશી દેશોનો સહકાર જરૂરી છે. આ ક્ષેત્ર ઉત્તરમાં ચીન સાથે સરહદ ધરાવે છે, પૂર્વમાં મ્યાનમાર (બર્મા), દક્ષિણ પશ્ચિમમાં બાંગ્લાદેશ અને ઉત્તર-પશ્ચિમમાં ભૂતાન સાથે સરહદથી જોડાયેલું છે. ભારતના અન્ય વિસ્તારોની સાથે જમીન દ્વારા આ ક્ષેત્રના અપૂરતાં જોડાણને કારણે આ ક્ષેત્રની ૪૫૦૦ કિમી. લાંબા આંતર સરહદી વિસ્તારો પ્રવાસન માટે ખૂબ જ લાભદાયી છે અને સમગ્ર વિસ્તારની આર્થિક કાયાપલટ કરવાની ક્ષમતા ધરાવે છે.

**રમણીય હવા ખાવાના સ્થળો :**

પૂર્વોત્તર ભારત દેશના સૌથી સારા અગ્રગણ્ય હવા ખાવાના સ્થળો ધરાવે છે. આ હિલ સ્ટેશનો અજોડ પણ છે. કારણ કે તે અભૂતપૂર્વ સંસ્કૃતિ અને વિવિધ વાનગીઓનો ભંડાર છે અને એકબીજાથી અલગ પ્રકારની ભાત ધરાવે છે. ગંગટોક એ સિક્કિમનું પાટનગર અને સૌથી મોટું શહેર છે, જ્યાં ઠેરઠેર મઠો આવેલા છે. ઉપરાંત પૂર્વ સિક્કિમ જિલ્લાનું મુખ્ય મથક પણ છે. પૂર્વોત્તર ભારતમાં ગંગટોક એક સૌથી વધુ જાણીતું સ્થળ છે. ઈટાનગર એ અરૂણાચલ પ્રદેશનું પાટનગર છે. ૨૦ એપ્રિલ, ૧૯૭૪માં તેને પાટનગરનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ઈટાનગર હિમાલયની તળેટીમાં આવેલું એક એવું સ્થળ છે કે જે વણખેડાયેલું છે



અને એવા પ્રવાસીઓ કે જેઓ આવા વણખેડાયેલા વિસ્તારોમાં જવાનું પસંદ કરે છે તેઓ માટેનું આ સ્થળ છે.

અરૂણાચલ પ્રદેશ રાજ્યમાં તવાંગ એ ૩૦૪૮ મીટર (૧૦ હજાર ફૂટ)ની ઊંચાઈએ આવેલું શહેર છે. તવાંગ નોર્થ-ઈસ્ટમાં તિબેટ સાથે ૨૦૮૫ ચો.કિ.મી.ની સરહદ ધરાવે છે તો દક્ષિણ-પૂર્વમાં ભૂતાન સાથે જોડાયેલું છે. શિલોંગ એ મેઘાલયની રાજધાની છે અને વિશ્વના સૌથી વધુ ભેજ ધરાવનાર સ્થળ મેવ્સીન્ટામથી માત્ર ૫૫ કિ.મી દૂર આવેલું છે. તેને પૂર્વના સ્કોટલેન્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે. કેમ કે મૂળ સ્કોટિશ ઉચ્ચ પર્વતીય સ્થળની સાથે ઘણી સામ્યતા ધરાવે છે. પ્રવાસીઓને આકર્ષે તેવા રમણીય સ્થળોમાં ડોન બોસ્કો મ્યુઝિયમ, પતંગિયું મ્યુઝિયમ, વનસ્પતિશાસ્ત્ર બગીચો, શિલોંગ શિખર, ઉમીયામ તળાવ અને વોર્ડઝ તળાવ વગેરેનો સમાવેશ થાય છે.

**ઉત્તેજિત વનસ્પતિઓ-જીવજંતુઓની પ્રજાતિઓ :**

ભારતનો પૂર્વોત્તર પ્રદેશ ભારતીય, ભારત-મલપાન અને ભારત-ચીન જૈવ ભૌગોલિક પ્રદેશોની વચ્ચે સંવાહક વિસ્તાર તરીકે કાર્ય કરે છે અને તે ભારતના વનસ્પતિ-જીવજંતુઓ માટે ભૌગોલિક પ્રવેશદ્વાર સમાન છે. તેના કારણે, સમગ્ર વિસ્તાર જૈવિક મૂલ્યોની સમૃદ્ધિ ધરાવે છે. તો જે ફુલર્જા જાતિઓ-પ્રજાતિઓ લુપ્ત થવાનો ખતરો છે તે મોટા પ્રમાણમાં ધરાવે છે. પૂર્વોત્તર ભારત ઉષ્ણકટિબંધીય જંગલોની એક આખી હારમાળાની સંરચના પણ કરે છે. ખાસ કરીને પ્રજાતિઓથી સમૃદ્ધ ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલો આવેલા છે. ઉષ્ણકટિબંધીય અને ગાઢ ભેજ ધરાવતાં જમીની વિસ્તારમાં આવેલા જંગલો ઉપખંડના દક્ષિણ અને પશ્ચિમ તરફ વિસ્તરેલા છે તો પૂર્વમાં દક્ષિણ ચીન તરફ અને દક્ષિણ-પૂર્વ એશિયા તરફ પણ અડીને આવેલા છે. આ ક્ષેત્રમાં આવેલી સમૃદ્ધ પ્રાકૃતિક સુંદરતા, મોહક વનસ્પતિઓ અને જીવજંતુઓની પ્રજાતિઓ ઈકો ટુરિઝમ એટલે કે પર્યાવરણીય પ્રવાસનના વિકાસ માટે અતુલ્ય સંસાધનો સમાન છે. પૂર્વોત્તર ભારત માટે ૧૩ મોટા રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૩૦ વન્યપ્રાણી અભ્યારણ્યો પ્રાકૃતિક ખજાના અને પ્રાચીન વારસા સમાન છે. કાંચનજંઘા બાયોસપર રિઝર્વ (સિક્કિમ) નમડાફા નેશનલ પાર્ક (અરૂણાચલ પ્રદેશ), કાઝીરંગા અને માનસ નેશનલ પાર્ક (આસામ) કેઈબુલ નેશનલ પાર્ક (મિઝોરમ) તંગાકી નેશનલ પાર્ક (નાગાલેન્ડ) અને નોક્રેક નેશનલ પાર્ક (મેઘાલય) એ એવા કેટલાક વન્યપ્રાણી અભ્યારણ્યો છે કે જેની પ્રવાસીઓ મોટી સંખ્યામાં મુલાકાત લે છે. હાલમાં રાજ્ય સરકારો સ્થાનિક લોકોને ઓર્ગેનિક ખેતી અને આર્ગેનિક ઉત્પાદનો માટે શિક્ષણ આપી રહી છે. કેમ કે આ પ્રકારની ખેતી ગ્રામીણ અને પારંપારિક પ્રવાસનને પ્રોત્સાહન આપવામાં પોતાનો મહત્ત્વનો ફાળો આપી રહી છે.

**સાંસ્કૃતિક આકર્ષણો :**

અત્યાર સુધી વણખેડાયેલ રહેલા ભારતના સ્વર્ગ સમાન આ ક્ષેત્ર તેની અતુલ્ય, મહત્ત્વની લોકસંસ્કૃતિઓ અને પારંપારિક જીવનશૈલી માટે જગજાહેર છે. પૂર્વોત્તર પ્રદેશમાં હિન્દુ, ખ્રિસ્તી, મુસ્લિમ અને બૌદ્ધ ધર્મ એમ મિશ્ર સંસ્કૃતિ






ધરાવે છે. બીજા પ્રદેશોની સરખામણીએ બૌદ્ધ સાંસ્કૃતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. અને મોટી સંખ્યામાં પ્રાચીન જૂથો ફેલાયેલા જોવા મળે છે. આ રાજ્યોના દરેક આદિજાતિ જૂથ પોતાની આગવી સંસ્કૃતિ, લોકનૃત્યો, મેળા, ઉત્સવો, તહેવારો, વાનગીઓ અને કલા-સંસ્કૃતિ ધરાવે છે. પારંપારિક નૃત્ય અને લોકસંગીતની સાથે મેળા અને ઉત્સવો આ આદિજાતિના લોકોના જીવનનો એક આંતરિક ભાગ બની ગયો છે. જુદા જુદા રાજ્યોમાં વર્ષ દરમિયાન વિવિધ આદિજાતિઓ દ્વારા કોઈને કોઈ મેળાવડા કે ઉત્સવો યોજાતા હોય છે. પૂર્વોત્તર ભારતની આગવી ઓળખ જોવી હોય, માણવી હોય તો તેમના ઉત્સવોની ઋતુઓ દરમિયાન મુલાકાત લેવી તે યોગ્ય સમય કહી શકાય. પૂર્વોત્તર ભારતના મુખ્ય તહેવારોમાં બિહુ ઉત્સવ, આસામમાં ઉજવાય છે તો નાગાલેન્ડમાં હોર્નબિલ અને સેક્રેન્યી ઉત્સવ, અરૂણાચલ પ્રદેશમાં રોગ્યાં મોનેસ્ટરી ઉત્સવ, મેઘાલયમાં મોનોલિથ ઉત્સવ, મણિપુરમાં એપચર કૂટ, નિંગોર ચકૌબા ઉત્સવ અને ત્રિપુરામાં ખર્ચી પૂજા ઉત્સવ મુખ્ય તહેવારો છે.

સમગ્ર રાજ્યોમાં સંગીત અને નૃત્ય ઉત્સવો યોજાય છે. જેમ કે હોર્નબિલ નેશનલ રોક સ્પર્ધા અને લોકસંગીત અને આદિજાતિ નૃત્ય ઉત્સવો યોજાય છે. પૂર્વોત્તર ભારતના આદિજાતિઓ આ ઉત્સવો દરમિયાન જે સંગીતના વાદ્યોનો ઉપયોગ કરે છે તેમાં તમલ લોક ઢોલ, વાંસળીનો સમાવેશ થાય છે. જે બામ્બુ (વાંસ)માંથી બનાવવામાં આવે છે. આ ક્ષેત્રોમાં જે મુખ્ય જોવાલાયક પર્યટન સ્થળો છે, તેમાં ડોન બોસ્કો કેન્દ્ર (શિલોંગ), કામખ્યા મંદિર (ગૌહાટી), ત્રિપુરાસુંદરી મંદિર (દક્ષિણ ત્રિપુરા જિલ્લો), સિક્કિમના મઠો, ભગવાન શ્રીકૃષ્ણ મંદિર (ઈમ્ફાલ), કેથોલિક કેથેડ્રલ વગેરેનો સમાવેશ થાય છે.

**વૈવિધ્યપૂર્ણ વાનગીઓ :**

પૂર્વોત્તર ભારત જે લોકપ્રિય વાનગીઓનો સંપૂટ છે તે આ પ્રદેશમાં રહેતા લોકોની સંસ્કૃતિ અને જીવનશૈલીનું પ્રતિબિંબ પાડે છે. દેશના આ ભાગની અન્ન સંસ્કૃતિ ભારતના અન્ય ભાગો કરતાં વૈવિધ્યપૂર્ણ રીતે અલગ છે. કારણ કે આ ક્ષેત્રના મૂળ-વંશીય આદિજાતિ વસ્તીના લોકો પારંપારિક ખોરાક લેવા માટે ટેવાયેલા છે. આ પ્રદેશની વાનગીઓ તૈલીય કે તીખી હોતી નથી, છતાં તે ખાવામાં લહેજતદાર હોય છે. સ્થાનિક ઉત્પાદિત સુગંધિત જડીબુટીઓ તેમની વાનગીઓને ખાવા માટે પ્રેરે છે. હલકી ફુલકી, બનાવવામાં સહેલી અને છતાં સાદી વાનગીઓ આ ક્ષેત્રની એક આગવી ઓળખ છે. પૂર્વોત્તર ભારતના આ ક્ષેત્રમાં આસામી, મણિપુરી, ત્રિપુરી, નાગા, અરૂણાચલી, સિક્કિમ, મિઝો અને

મેઘાલયથી વિવિધ વાનગીઓની વિશાળતા ધરાવે છે. આ રાજ્યોનો મુખ્ય ખોરાક સુકી માછલી, મસાલેદાર માંસ, સ્થાનિક જડિબુટ્ટીઓ, મોટા પ્રમાણમાં હરિયાળી શાકભાજીઓ છે. આ ક્ષેત્રમાં વિવિધ રાઈસ બિયરની સાથે મુર્ગી, મટન, ડક, ભૂંડ અને કૂતરાનું માંસ એ કેટલીક માંસાહારી લોકપ્રિય વાનગીઓ છે. આ ક્ષેત્રની અજોડ-બેજોડ ખાદ્ય વાનગીઓમાં જદોહ, મોમોસ, કિ ક્યુ, આખોલ ધ ઑર, બાઈ, સવાચેર, તુંગ-રીમ્બાઈ અને બાંબુ અથાણાનો સમાવેશ થાય છે.

**પૂર્વોત્તર ભારતમાં પ્રવાસન વિકાસ માટે ભારત સરકારના પ્રયાસો :**

વૈશ્વિક નકશામાં પૂર્વોત્તર ભારતના વિસ્તારોને પ્રવાસનધામ તરીકે રજૂ કરવા ભારત સરકાર દ્વારા અથાગ પ્રવાસો કરવામાં આવી રહ્યા છે. દેશમાં પ્રવાસન આંતરમાળખાકીય વિકાસ માટે પ્રવાસન મંત્રાલય દ્વારા ૨૦૧૪-૧૫માં બે યોજનાઓ જાહેર કરવામાં આવી હતી. જેમાં ખાસ થીમ આધારિત ''સ્વદેશ દર્શન'' અને પવિત્ર યાત્રાધામોને આવરી લેતી ''પ્રસાદ''નો સમાવેશ થાય છે. દર્શન યોજના હેઠળ તટીય સર્કિટ, બુદ્ધિસ્ટ સર્કિટ, નોર્થ-ઈસ્ટ ઈન્ડિયા સર્કિટ, હિમાલયા સર્કિટ અને ક્રિષ્ણા સર્કિટનો સમાવેશ થાય છે. ઉપરાંત આ યોજના હેઠળ વધુ સાત સર્કિટ જાહેર કરવામાં આવી છે જેમાં ડેઝર્ટ સર્કિટ, સ્પીરીચ્યુલ, રામાયણ, ટ્રાઈબલ, ઈકો, વાઈલ્ડ લાઈફ અને રૂરલ સર્કિટનો સમાવેશ થાય છે. 'પ્રસાદ' યોજના હેઠળ ૧૨ શહેરોને અલગ તારવવામાં આવ્યા છે. આસામમાં કામાખ્યા મંદિરનો પ્રસાદ હેઠળ સમાવેશ થાય છે. ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા જે નાણાં ફાળવવામાં આવ્યા છે તેના ૧૦ ટકા નાણાં પૂર્વોત્તર ભારત માટે અલગ ફાળવવામાં આવ્યા છે. છેલ્લાં ત્રણ વર્ષમાં મંત્રાલય દ્વારા પૂર્વોત્તર પ્રદેશ માટે જે નાણાં ફાળવવા, અને જે નાણાં ખર્ચાયા તે આ મુજબ છે.

| વર્ષ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|---|
| આયોજન ફાળવણી | ૧૦૫૦ | ૯૫૦ | ૯૮૦ |
| પૂર્વોત્તર માટે ૧૦ ટકા ફાળવણી | ૧૦૫ | ૯૫ | ૯૮ |
| રકમ ફાળવાઈ | ૧૪૫.૯૩ | ૧૧૩.૭૨ | ૧૪૯.૧૬* |
| ટકા % | ૧૩.૮૯ | ૧૧.૯૭ | ૧૫.૨૨* |

* કામચલાઉ.

**સોર્સ :** પીઆઈબી, ભારત સરકાર, પ્રવાસન મંત્રાલય

પૂર્વોત્તર ભારતના આ ક્ષેત્રોમાં પ્રવાસનના વિકાસ માટેની ખૂબ મોટી ક્ષમતા રહેલી છે, જે સ્થાનિક આર્થિક પગભર માટે તો છે જ, ઉપરાંત દેશની સદ્ધરતા માટે પણ મહત્ત્વનો ફાળો આપી શકે તેમ હોવાથી વડાપ્રધાન દ્વારા આ પ્રદેશ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આમ છતાં, આ વિસ્તાર તેનામાં રહેલી ક્ષમતાને પુરવાર કરવામાં કે તેના સફળ લક્ષ્યાંકો મેળવવામાં જે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તેટલું કરી શકાયું નથી. તેમાં આંતરમાળખાકીય સુવિધાનો અભાવ, યોગ્ય બજાર અને પ્રચાર-પ્રસારનો અભાવ, પ્રવાસ મંજૂરી પ્રક્રિયાઓ, કુશળ માનવ-બળની તંગી અને વિશાળ પ્રવાસન નીતિની ગેરહાજરી એ એવા પરિબળો છે કે જેના કારણે સમગ્ર પ્રદેશને અસર થાય છે.

**લેખક નોર્થ-ઈસ્ટર્ન હિલ યુનિ. શિલોંગના પ્રવાસન અને હોટલ વ્યવસ્થાપન વિભાગના વડા અને પ્રોફેસર છે. તેઓ સંખ્યાબંધ યુનિ.ઓ સાથે કામ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. સરભરા અને પ્રવાસન સંબંધિત વિવિધ પુસ્તકો તેમણે લખ્યા છે.**



# બંધારણનું પરિશિષ્ટ છ : મેઘાલય રાજ્યના સંદર્ભમાં

ડૉ. ચિંતામણી રાઉત



*મેઘાલયનું સર્જન યુનાઈટેડ ખાસી-જૈન્તિઆ હિલ્સ ડિસ્ટ્રિક્ટ અને ગારો હિલ્સ ડિસ્ટ્રિક્ટને સમાવતાં અપ્રિલ ૨, ૧૯૭૦ના રોજ સ્વાયત્ત રાજ્ય તરીકે થયું હતું. તેને જાન્યુઆરી ૨૧, ૧૯૭૨ના રોજ પૂર્ણ રાજ્યનો દરજ્જો મળ્યો હતો. સ્થાનિક સ્વરાજ લોકશાહીનો પાયો છે. ખાસી આદિવાસીઓની પોતાની પરંપરાગત સામાજિક-રાજકીય સંસ્થા છે, જેના મૂળ તેમના સમાજમાં ઊંડે સુધી હતા અને આજે પણ તે જીવંત છે. તેને પરંપરાગત સ્વરાજ સંસ્થા તરીકે ગણી શકાય છે. આ સંસ્થાઓ હજી પણ લોકોના દૈનિક વહીવટ માટે જવાબદાર છે. ખાસી હિલ્સમાં સ્વરાજની કલ્પના સદીઓ જૂની છે. આદિવાસીઓ સદીઓથી તેમની આવશ્યક સામાજિક બાબતોનું સંચાલન બહુમત, અભિવ્યક્તિની સ્વતંત્રતાના આધારે કરે છે.*

મેઘાલયનું સર્જન યુનાઈટેડ ખાસી-જૈન્તિઆ હિલ્સ ડિસ્ટ્રિક્ટ અને ગારો હિલ્સ ડિસ્ટ્રિક્ટને સમાવતાં અપ્રિલ ૨, ૧૯૭૦ના રોજ સ્વાયત્ત રાજ્ય તરીકે થયું હતું. તેને જાન્યુઆરી ૨૧, ૧૯૭૨ના રોજ પૂર્ણ રાજ્યનો દરજ્જો મળ્યો હતો. સ્થાનિક સ્વરાજ લોકશાહીનો પાયો છે. ખાસી આદિવાસીઓની પોતાની પરંપરાગત સામાજિક-રાજકીય સંસ્થા છે, જેના મૂળ તેમના સમાજમાં ઊંડે સુધી હતા અને આજે પણ તે જીવંત છે. તેને પરંપરાગત સ્વરાજ સંસ્થા તરીકે ગણી શકાય છે. આ સંસ્થાઓ હજી પણ લોકોના દૈનિક વહીવટ માટે જવાબદાર છે. ખાસી હિલ્સમાં સ્વરાજની કલ્પના સદીઓ જૂની છે. આદિવાસીઓ સદીઓથી તેમની આવશ્યક સામાજિક બાબતોનું સંચાલન બહુમત, અભિવ્યક્તિની સ્વતંત્રતાના આધારે કરે છે.

ભારતની સ્વતંત્રતા સાથે ભારતીય બંધારણે ઉત્તર પૂર્વીય ભારતના આદિવાસીઓના હિતો ખાસ કરીને જમીન અને વન્ય સંસાધનો સહિતના હિતોના રક્ષણની જરૂરિયાતને ઓળખી કાઢી છે. આથી, પરિશિષ્ટ છની રચના કરવામાં આવી હતી, જે સ્વાયત્ત જિલ્લા પરિષદોની સ્થાપના માટે સત્તા પૂરી પાડે છે.

તેથી, ભારતના બંધારણના છઠ્ઠા પરિશિષ્ટનો અમલ કરતાં યુનાઈટેડ ખાસી અને જૈન્તિઆ હિલ્સ ડિસ્ટ્રિક્ટમાં યુનાઈટેડ ખાસી-જૈન્તિઆ સ્વાયત્ત જિલ્લા પરિષદની સ્થાપના કરાઈ હતી, જેને પાછળથી ખાસી હિલ્સ ઓટોનોમસ ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલ (કેએચએડીસી) અને જૈન્તિઆ હિલ્સ ઓટોનોમસ ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલ (જેએચએડીસી) નામથી બે સ્વાયત્ત જિલ્લા પરિષદોમાં વિભાજિત કરાઈ હતી. કેએચએડીસીનું ન્યાયક્ષેત્ર પૂર્વ ખાસી હિલ્સના જિલ્લાઓ, પશ્ચિમ ખાસી હિલ્સ અને રાય ભોઈ જિલ્લાઓ છે. ગારો હિલ્સ ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલનું ન્યાયક્ષેત્ર મેઘાલય રાજ્યનો ગારો વિસ્તાર છે.

છઠ્ઠા પરિશિષ્ટ (કલમ ૨૪૪ અને ૨૭૫)નો ફકરો ૧ રાજ્યપાલને જાહેરનામા દ્વારા નવા સ્વાયત્ત જિલ્લાની રચના, કોઈપણ સ્વાયત્ત જિલ્લાના વિસ્તારને નાબૂદ કરવા, બે અથવા વધુ સ્વાયત્ત જિલ્લાઓ અથવા તેના ભાગને એક સ્વાયત્ત જિલ્લા તરીકે જોડવા, કોઈ પણ સ્વાયત્ત જિલ્લાની સરહદો નિશ્ચિત કરવાની અને કોઈપણ સ્વાયત્ત જિલ્લાનું નામ બદલવાની, જે-તે હેતુઓ માટે નિયુક્ત પંચની ભલામણો તથા તેના અહેવાલ પર નિર્ણય લેવાની સત્તા પૂરી પાડે છે. રાજ્યપાલ સ્વાયત્ત જિલ્લા પરિષદના વહીવટી વિસ્તારોને રદ કરવા અને તેમાં સુધારા માટેની અંતિમ સત્તા છે.

**જિલ્લા પરિષદો અને પ્રાદેશિક સમિતિની રચના**

કોઈપણ જિલ્લા પરિષદો માટે જિલ્લા સમિતિમાં ૩૦થી વધુ સભ્યો ન હોવા જોઈએ, એટલું જ નહીં તેમાં ચારથી વધુ સભ્યો રાજ્યપાલ દ્વારા નિયુક્ત ન હોવા જોઈએ અને બાકીના પુખ્ત રાજકીય મતાધિકારથી ચૂંટાયેલા હોવા જોઈએ. આ પરિશિષ્ટ હેઠળ રચાયેલા પ્રત્યેક સ્વાયત્ત પ્રદેશ માટે અલગ પ્રાદેશિક પરિષદ હોવી જોઈએ. પ્રત્યેક જિલ્લા પરિષદ અને પ્રત્યેક પ્રાદેશિક પરિષદમાં અનુક્રમે (જિલ્લાનું નામ) જિલ્લા પરિષદ અને (પ્રાદેશિકના નામે) પ્રાદેશિક પરિષદના નામની એક સંસ્થા હોવી જોઈએ, જે અવિરત અનુગમન અને સમાન દસ્તાવેજો ધરાવતી હોવી જોઈએ તથા તેના નામથી જ અદાલતી ફરિયાદો થવી જોઈએ. રાજ્યપાલ વર્તમાન આદિવાસી પરિષદો અથવા સ્વાયત્ત જિલ્લાઓ અને સંબંધિત પ્રદેશોમાંથી આદિવાસી સંસ્થાઓના અન્ય પ્રતિનિધિઓ સાથે ચર્ચા મસલતથી સૌપ્રથમ જિલ્લા પરિષદો અને પ્રાદેશિક પરિષદો માટે નિયમો બનાવી શકે છે. અને આ પ્રકારના નિયમો જિલ્લા પરિષદો અને પ્રાદેશિક પરિષદોની રચના, તેની બેઠકોની ફાળવણી, જિલ્લા અને પ્રાદેશિક પરિષદોમાં પ્રક્રિયા અને કામકાજ તથા જિલ્લા અને પ્રાદેશિક પરિષદોના અધિકારીઓ તથા કર્મચારીઓની નિમણૂકોની સત્તા પૂરી પાડે છે. જિલ્લા પરિષદોના ચૂંટાયેલા સભ્યો સ્થાનિક સ્વરાજની સામાન્ય ચૂંટણી બાદ પરિષદની સૌપ્રથમ બેઠક માટે નિયુક્ત તારીખથી પાંચ વર્ષના સમય માટે હોદ્દો ધરાવી શકે છે, અન્યથા જિલ્લા પરિષદને રદ કરવામાં આવી શકે છે. અને નામાંકિત ઉમેદવારો રાજ્યપાલના આદેશથી હોદ્દો ધારણ કરી શકે છે.

**કાયદો બનાવવા માટે જિલ્લા પરિષદ અને પ્રાદેશિક પરિષદની સત્તાઓ**

સ્વાયત્ત પ્રદેશ માટે પ્રદેશના બધા જ વિસ્તારોના સંદર્ભમાં પ્રાદેશિક પરિષદ અને સ્વાયત્ત જિલ્લા માટે જિલ્લાના બધા જ વિસ્તારોના સંદર્ભમાં જિલ્લા પરિષદ કોઈપણ જમીનની ફાળવણી, કબજો ધરાવવા અથવા તેના ઉપયોગના સંદર્ભમાં કાયદો બનાવવાની સત્તા ધરાવે છે, જોકે, આ જમીન કૃષિ અથવા ગોચર હેતુ માટે અથવા રહેણાંક માટે અથવા બીન કૃષિ હેતુ માટે અથવા કોઈ પણ ગામ અથવા શહેરના રહેવાસીઓના હિતોને પ્રોત્સાહન આપવા જેવા અન્ય હેતુઓ માટે અનામત જંગલ માટે ન હોવી જોઈએ. કોઈપણ જંગલના સંચાલનને અનામત જંગલ કહી શકાય નહીં. કૃષિના હેતુ માટે કોઈપણ નહેર અથવા વહેળાના ઉપયોગ ખેતીના પરિવર્તનના કોઈપણ સ્વરૂપ અથવા ઝૂમની પ્રવૃત્તિના નિયમન, ગામ અથવા શહેરની સમિતિઓ અથવા પરિષદોની સ્થાપના અને તેની સત્તાઓ, ગામ અથવા શહેરી પોલીસ અને જાહેર સ્વાસ્થ્ય અને શૌચાલય સહિત ગામ અથવા શહેરના વહીવટના સંબંધમાં કોઈપણ બાબત, વડા અથવા મુખીની નિમણૂક અથવા અનુગમન, મિલકતના વારસા, લગ્ન અને છૂટાછેડા અને સામાજિક રીત-રિવાજોના સંદર્ભમાં કાયદો બનાવવાની સત્તા ધરાવે છે.

**સ્વાયત્ત જિલ્લાઓ અને સ્વાયત્ત પ્રદેશોમાં ન્યાયિક વહીવટીતંત્ર**

સ્વાયત્ત પ્રદેશ માટે પ્રદેશના બધા જ વિસ્તારોના સંદર્ભમાં પ્રાદેશિક પરિષદ અને સ્વાયત્ત જિલ્લા માટે પ્રાદેશિક પરિષદના ન્યાયક્ષેત્ર હેઠળ આવતા ન હોય તેવા જિલ્લાના બધા જ વિસ્તારોના સંદર્ભમાં જિલ્લા પરિષદ અનૂસૂચિત આદિવાસીઓને સંબંધિત બધા જ પક્ષો વચ્ચે એવા કેસોની સુનાવણી માટે ગ્રામીણ પરિષદો અથવા અદાલતોની રચના કરી શકે છે, જે આ પરિશિષ્ટની જોગવાઈ હેઠળ રાજ્યની અદાલતમાં અમલ માટે અમલી હોય. અને તે ગ્રામ પરિષદના સભ્યો અથવા આ પ્રકારની અદાલતોના પ્રિસાઈડિંગ અધિકારીપદે યોગ્ય વ્યક્તિઓની નિમણૂકો કરી શકે છે. આ પરિશિષ્ટ હેઠળ બનાવાયેલા કાયદાના વહીવટી અમલ માટે જરૂર પડે તો નિમણૂકો કરી શકે છે. આ પરિશિષ્ટની જોગવાઈઓનો અમલ થઈ શકે તેવા કેસો પરના ન્યાયક્ષેત્ર પર હાઈકોર્ટ તેની સત્તાનો ઉપયોગ કરી શકે છે અને તે તેવો અધિકાર ધરાવે છે.

પ્રાદેશિક પરિષદ અથવા જિલ્લા પરિષદ રાજ્યપાલની પૂર્વ મંજૂરી સાથે ગામ પરિષદ અને અદાલતોની રચના અને નિયમો બનાવી શકે છે. ગામ પરિષદો અને અદાલતો દ્વારા કેસોની સુનાવણીમાં અપનાવાતી પ્રક્રિયા અને અન્ય સંસ્થાના કામકાજ અને અપીલો, આ પ્રકારના પરિષદો અને અદાલતોના નિર્ણયો અને આદેશોના અમલ, અન્ય બધી જ બાબતો આ છઠ્ઠા પરિશિષ્ટની જોગવાઈઓ હેઠળ આવરી લેવાયા છે.

**પ્રાથમિક શાળાઓ વગેરેની સ્થાપના માટે જિલ્લા પરિષદની સત્તા**

સ્વાયત્ત જિલ્લાની જિલ્લા પરિષદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓ, દવાખાના, બજારો, ફિશરીઝ માર્ગ, માર્ગ પરિવહન અને જળમાર્ગોની સ્થાપના, બાંધકામ અથવા સંચાલન કરી શકે છે અને રાજ્યપાલની પૂર્વ મંજૂરી સાથે તેના સંચાલન માટે નિયમો બનાવી શકે છે અને ખાસ કરીને જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ભાષા પણ નિશ્ચિત

કરી શકે છે. રાજ્યપાલ કોઈપણ જિલ્લા પરિષદની સંમતિ સાથે શરતી અથવા બિનશરતી રીતે કૃષિ, પશુસંવર્ધન, કોમ્યુનિટી પ્રોજેક્ટ્સ, સહકારી સંસ્થાઓ, સામાજિક કલ્યાણ, ગામડાના આયોજન અથવા અન્ય કોઈપણ એવી બાબતોને પરિષદ અથવા તેના અધિકારીઓને સોંપી શકે છે.

**જિલ્લા અને પ્રાદેશિક ભંડોળ**

બંધારણની જોગવાઈને અનુરૂપ જિલ્લા અથવા પ્રદેશના વહીવટ માટે પ્રત્યેક સ્વાયત્ત જિલ્લા પરિષદે જિલ્લા ભંડોળ અને પ્રત્યેક સ્વાયત્ત પ્રદેશે પ્રાદેશિક ભંડોળની રચના કરવી જોઈએ, જેમાં અનુક્રમે જિલ્લા માટે જિલ્લા પરિષદ અને પ્રદેશ માટે પ્રાદેશિક પરિષદ દ્વારા મેળવાતા બધા જ નાણાં જમા થઈ શકે. રાજ્યપાલ જિલ્લા ભંડોળ અથવા પ્રાદેશિક ભંડોળના સંચાલન માટે તેમજ આ ભંડોળમાં નાણાંની ચૂકવણી, તેમાંથી નાંણાંના ઉપાડ, તેમાં નાંણાંનો હવાલો અને અન્ય કોઈપણ સંબંધિત બાબતની પ્રક્રિયાને અનુસરવા માટે નિયમો બનાવી શકે છે. જિલ્લા પરિષદ અથવા પ્રાદેશિક પરિષદના ખાતા એવા સ્વરૂપમાં રાખવા જોઈએ કે રાષ્ટ્રપતિની મંજૂરી સાથે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (કેગ) તે ચકાસી શકે. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ જિલ્લા અને પ્રાદેશિક પરિષદના ખાતાઓનું ઓડીટ કરે છે. અને આ ખાતાઓ સંબંધિત અહેવાલ તે રાજ્યપાલને સોંપે છે તથા રાજ્યપાલ તે અહેવાલ પરિષદને આપે છે.

**આકલન**

જિલ્લા પરિષદ ખરા અર્થમાં એક એવી સંસ્થા છે, જે આદિવાસીઓની એકંદર વિકાસ અને સુખાકારી લાવવાની અપેક્ષા પૂરી કરી શકે છે. મેઘાલય રાજ્યમાં જિલ્લા પરિષદ અને પ્રાદેશિક પરિષદનું કામકાજ ખૂબ જ સંતોષજનક છે અને તેની બંધારણીય ફરજો પૂરી કરવા બદલ તે પ્રશંસનિય છે. જોકે, તેમાં કામકાજમાં સુધારાની તથા પરિષદમાં આદિવાસીઓના ઉત્થાન માટે કામ કરી શકે તેવા ક્વૉલિફાઈડ અને કાર્યક્ષમ લોકો ચૂંટાઈ આવે તે ખૂબ જ જરૂરી છે. જિલ્લા પરિષદ હંમેશાં આદિવાસી સમાજના હિતો માટેના કાયદા બનાવે છે અને જમીન, વન, બજાર, ટ્રેડ, કસ્ટમ અને વપરાશ સહિતની બાબતોને ધ્યાનમાં રાખે છે તથા તે કાયદેસર રીતે સંપૂર્ણપણે સ્વાયત્ત છે તથા જમીન મહેસૂલ, પ્રાથમિક શિક્ષણ, પ્રચલિત કાયદા વગેરેને આધિન આદિવાસીઓના કલ્યાણ માટે કામ કરે છે. જિલ્લા પરિષદના સભ્યોને તાલિમ આપવાની અને વધુ લોકોની ભાગીદારીની તેમજ લોકોની સામેલગીરીની જરૂર છે. અંતે સંપૂર્ણ સિસ્ટમના યોગ્ય મૂલ્યાંકન અને સમયસરની સમીક્ષાની ખૂબ જ જરૂર છે, જેથી સ્વાયત્ત જિલ્લા પરિષદોની સ્થાપનાનો આશય પૂર્ણ થઈ શકે અને તે આદિવાસીઓના હિતમાં સેવા કરી શકે અને તેમને આગળ લાવી શકે.

**સંદર્ભ :**


અગ્રવાલ આદિશ સી., ભારતીય બંધારણ, અમિષ પ્રકાશન્સ, નવી દિલ્હી, ૨૦૧૪

હંસારિઆ, બી.એલ., ભારતીય બંધારણનું છઠ્ઠુ પરિશિષ્ટ, ત્રીજી આવૃત્તિ, યુનિવર્સલ લૉ પબ્લિશિંગ કંપની, નવી દિલ્હી

જીરવા, ઈ., ધ ખાસી એન્ડ જૈન્તિઆ હિલ્સ ડિસ્ટ્રિક્ટ એન્ડ ખાસી સ્ટેટ્સ વીથઈન ધ ફ્રેમવર્ક ઓફ સિક્સ્થ શેડ્યુલ, ઓસ્મોન પબ્લિકેશન્સ, નવી દિલ્હી, ૧૯૯૭

ગાસ્સા, એલ. એસસ. ધ ઓટોનોમસ ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલ્સ ઓમસન્સ પબ્લિકેશન, નવી દિલ્હી

જૈન, એમ.પી. ઈન્ડિયન કન્સ્ટિટ્યુશનલ લૉ, લેક્સિસ નેક્સિસ બટરવર્થ, વાધવા પબ્લિકેશન, નાગપુર.

શુક્લા, વી.એન., ભારતીય બંધારણ, ઈસ્ટર્ન બૂક કં. લખનઉ

નરવાની, જી.એસ., ભારતમાં આદિવાસી કાયદો, રાવત પબ્લિકેશન, જયપુર, ૨૦૦૪.

ન્યાયિક અને અન્ય તંત્ર

ભારતીય બંધારણ

દસમી પંચવર્ષીય યોજના (૨૦૦૨ - ૨૦૦૭) માટે અનુસૂચિત આદિવાસી સશક્તિકરણ પરની સ્ટિયરિંગ સમિતિનો અહેવાલ, આયોજન પંચ, ભારત સરકાર (૨૦૦૧)



**લેખક એનઈએચયુ, શિલોંગમાં મદદનીશ અધ્યાપક અને કાયદા વિભાગના વડા છે.**



**આગામી આકર્ષણ**

**મે-૨૦૧૬**

**વિશિષ્ટ રીતે સક્ષમ-અપંગો**

**(Differently Abled)**

# ઉત્તર-પૂર્વ ભારતમાં જળમાર્ગ

ડૉ. વિશ્વપતી ત્રિવેદી




*ભારતમાં જળમાર્ગના ઉપયોગનો ખ્યાલ નવો નથી. અકબર બાદશાહના સમયથી વ્યક્તિઓ અને માલસામનની હેરફેર માટે યમુના અને ગંગા જળમાર્ગનો ઉપયોગ થતો આવ્યો છે. ત્યારબાદ બ્રિટિશ શાસન દરમ્યાન પણ ભારતમાં કેટલાક જળમાર્ગોનો વિકાસ કરવામાં આવ્યો હતો અને એમાંની ઘણી નદીઓનો ઉપયોગ જળમાર્ગ તરીકે આજે પણ કરવામાં આવે છે. ગત વર્ષ સુધી ૧૪૫૦૦ કિ.મી. ઉપલબ્ધ જળમાર્ગમાંથી માત્ર ૪૫૦૦ કિ.મી. જળમાર્ગને જ રાષ્ટ્રીય જળમાર્ગ તરીકે ઘોષિત કરાયો છે. હવે આંતરિક જળમાર્ગ પરિવહનના વિકાસ માટે સરકારે આક્રમક અભિગમ અપનાવ્યો છે અને વધારાના ૧૦૬ જળમાર્ગને રાષ્ટ્રીય જળમાર્ગ તરીકે જાહેર કર્યો છે. આથી હવે તેની સંખ્યા પાંચથી વધીને ૧૧૧ની છે. આમાંની ૧૯ નદીઓ ઉત્તર-પૂર્વી ભારતમાં આવેલી છે*

ભારતમાં જળમાર્ગના ઉપયોગનો ખ્યાલ નવો નથી. અકબર બાદશાહના સમયથી વ્યક્તિઓ અને માલસામનની હેરફેર માટે યમુના અને ગંગા જળમાર્ગનો ઉપયોગ થતો આવ્યો છે. ત્યારબાદ બ્રિટિશ શાસન દરમ્યાન પણ ભારતમાં કેટલાક જળમાર્ગોનો વિકાસ કરવામાં આવ્યો હતો અને એમાંની ઘણી નદીઓનો ઉપયોગ જળમાર્ગ તરીકે આજે પણ કરવામાં આવે છે. સ્વાતંત્ર્ય મળ્યા બાદ ખાસ કરીને રેલ અને માર્ગ પરિવહનના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું અને પરિણામે જળમાર્ગ પરિવહનનો વિકાસ અટકી ગયો. આમ છતાં ગત વર્ષ સુધી ૧૪૫૦૦ કિ.મી. ઉપલબ્ધ જળમાર્ગમાંથી માત્ર ૪૫૦૦ કિ.મી. જળમાર્ગને જ રાષ્ટ્રીય જળમાર્ગ તરીકે ઘોષિત કરાયો છે. હવે આંતરિક જળમાર્ગ પરિવહનના વિકાસ માટે સરકારે આક્રમક અભિગમ અપનાવ્યો છે અને વધારાના ૧૦૬ જળમાર્ગને રાષ્ટ્રીય જળમાર્ગ તરીકે જાહેર કર્યો છે. આથી હવે તેની સંખ્યા પાંચથી વધીને ૧૧૧ની છે. આમાંની ૧૯ નદીઓ ઉત્તર-પૂર્વી ભારતમાં આવેલી છે, જે નીચે મુજબ છે :

| રાજ્ય | નદીની સંખ્યા | નદી/નહેરનું નામ |
|---|---|---|
| અરૂણાચલ પ્રદેશ | ૧ | લોહીત |
| આસામ | ૧૪ | આઈ, બરાક, બેકી, ધનસીરી/ચાથે, દેહીંગ, દીખુ, ડોયાન્સ, ગંગાધર, જીન્જીરાય, કોપીલી, લોહીત, પુથીમારી, સુબનસીરી અને તિવાંગ (ઢાલેશ્વરી) |
| મેઘાલય | ૫ | ગણોલ, જીન્જીરાય, કીન્સી, સિયસેંગ અને ઉમનગોટ (દાવકી) |
| મિઝોરામ | ૧ | તિવાંગ (ઢાલેશ્વરી) |
| નાગાલેન્ડ | ૧ | તિઝુ-ઝુન્કી |

ઉત્તર-પૂર્વી ભારતમાં નવા જાહેર કરાયેલ આ રાષ્ટ્રીય જળમાર્ગ દ્વારા એ વિસ્તારમાં વધારાના અને વૈકલ્પિક પરિવહનને વ્યૂહાત્મક ટેકો મળશે. આ વિસ્તારમાં જળમાર્ગની નેવીગેશનલ શક્યતાઓનો મહત્તમ ઉપયોગ કરવાનો હજી બાકી છે. રાષ્ટ્રીય જળમાર્ગ નં. ૨, જે બ્રહ્મપુત્રા નદી પર છે, તે બંગ્લાદેશ સરહદ નજીક ધુબ્રીથી સાદિયા સુધીનો ૯૮૧ કિ.મી. લાંબો જળમાર્ગ છે. આ માર્ગ પર અપાર ક્ષમતા રહેલી છે પરંતુ તેનો જળમાર્ગ તરીકે સર્વાંગી વિકાસ થયો નથી. આ માર્ગ પર માલસામાન તથા માણસોની અવરજવર માટે લશ્કર આ વિભાગનો ઉપયોગ કરે જ છે. ધુબ્રી ખાતેનો આ જળમાર્ગનો શરૂઆતનો પોઈન્ટ અગાઉના સમયમાં એક બંદર હતું. આ વિસ્તારમાં મત્સ્ય અને શાકભાજીની મોટાપાયે હેરફેર થાય છે, આંતરિક માંગ અને બાંગ્લાદેશની જરૂરિયાતમાં સંતોષે છે.




**ભારત બાંગ્લાદેશ પ્રોટોકોલ રૂટ**

અગાઉ યોજના ઘડનારાઓએ સારા ઈરાદાથી ભારત-બાંગ્લાદેશ પ્રોટોકોલ રૂટ પર રાષ્ટ્રીય જળમાર્ગ-૧ અને જળમાર્ગ-૨ (હુગલી-ગંગા)ને જોડેલ હતા. આ રૂટ બાંગ્લાદેશ થઈને જાય છે. પરંતુ સરહદ પારના વિવાદો, બાંગ્લાદેશ મારફતે જળમાર્ગના વિકાસનો અભાવ તેમજ કેટલાંક ટેકનિકલ કારણોસર આ સક્ષમ જળમાર્ગનો વિકાસ થઈ ના શક્યો. હકીકતમાં જાહેર વિતરણ વ્યવસ્થાના ઘઉં અને ચોખાની હેરફેર આ પ્રદેશ માટે તે માર્ગ દ્વારા શક્ય થઈ હોત પરંતુ એમ ના થઈ શક્યું. જો આ પરિવહન શક્ય બન્યું હોત તો લાખો રૂપિયાની બચત થાત અને માર્ગ પરની પરિવહન ગીચતા ઘટાડી શકાઈ હોત. ભારતીય ખાદ્યાન્ન નિગમે ક્યારેય આ પહેલ કરી નહિ અથવા તો પહેલ કરી હશે તો, આ સસ્તા પરિવહનનો ઉપયોગ કરવામાં સફળ ના થઈ.

ભારતીય રાષ્ટ્રીય જળમાર્ગ ઓથોરિટી દ્વારા રાષ્ટ્રીય જળમાર્ગ-૨ પર માળખાગત બાંધકામ માટે આયોજન કરવામાં આવે છે પરંતુ આ દિશામાં હજી લાંબી મજલ કાપવાની છે. પાંડુ ખાતે જેટીનું બાંધકામ થઈ ગયું છે પરંતુ અહીં હજી સુધી કાર્ગોની પૂરતી હેરફેર નથી થતી. ઓથોરિટી દ્વારા ધુબ્રી ખાતે રોલ-ઓન રોલ-ઓફ જેટીનું કામ લગભગ પૂર્વ થઈ ગયું છે પરંતુ હતસીંગમાટી ખાતેના બીજા કિનારે કેટલીક ટેકનિકલ સમસ્યાઓ નડે છે.

પ્રોટોકોલ રૂટ મારફતે કરીમગંજ તથા આશુગંજ તરફનું પરિવહન એક યા બીજા કારણસર વિવાદમાં ફસાયેલ છે.

શીપીંગ મંત્રાલય દ્વારા ઉત્તર-પૂર્વ વિસ્તારના વધારાના ૧૯ જળમાર્ગને રાષ્ટ્રીય જળમાર્ગ તરીકે જાહેર કરાયા છે, આથી કેન્દ્ર સરકારનો વધુ સારા આયોજન દ્વારા આ પ્રદેશમાં કાર્યક્રમ પરિવહન વિકસાવવાની એક તક મળી છે.

**લેખકશ્રી ત્રિપાઠી નેશનલ શીપીંગ બોર્ડ, શીપીંગ મંત્રાલય, નવી દિલ્હીના અધ્યક્ષ છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# પૂર્વોત્તર રાજ્યોમાં કૃષિ વિકાસને નવો મોડ

**ગૌતમ પુરોહિત**



*"એક ભારત સમૃદ્ધ ભારત" માટે ઉત્તર પૂર્વના રાજ્યો સિમાચિહ્નરૂપ છે. ઉત્તર પૂર્વના રાજ્યો આંતરરાષ્ટ્રીય સરહદોથી ઘેરાયેલાં છે. આ વિસ્તારના ખેડૂતો અને કલાકારો પરિશ્રમ અને સંઘર્ષ દ્વારા નિપૂણ બને છે. અંગ્રેજી ભાષામાં લખાતા નમસ્તે શબ્દના કુલ સાત અક્ષરોમાં ઉત્તર-પૂર્વના તમામ રાજ્યોના પ્રથમ અક્ષરોનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર આ આઠ રાજ્યોમાં બીજી હરિત ક્રાન્તિના બીજ રોપી રહી છે.*

ભારતના નોર્થઈસ્ટ રિજીયન એનઈઆરમાં આઠ રાજ્યો અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરા આવે છે. આ વિસ્તારોમાં વસતી મોટાભાગે ગામડાઓમાં વસે છે. ભરપૂર કુદરતી સંપત્તિ ધરાવતા આ રાજ્યોમાં ભારતની એનડીએ સરકારે સંપૂર્ણ ડેવલપમેન્ટ પ્લાન બનાવ્યો છે. જે પૈકી આ રાજ્યોના કૃષિ વિકાસમાં અમૂલ્ય તકો રહેલી છે. આ રાજ્યોના વિકાસ માટે ભારત સરકારે ઉત્તર પૂર્વી ક્ષેત્ર વિકાસ મંત્રાલયની રચના કરી છે.

પ્રાચીનકાળથી આ ક્ષેત્રને સેવન સિસ્ટર્સ સાત બહેનો તરીકે ઓળખવામાં આવતો હતો અને હવે તેમાં સિક્કિમ ભળી જતાં આઠ રાજ્યો થયાં છે. કહે છે કે ભારતની સહહદોની અંદર જો બીજો કોઈ દેશ વસતો હોય તો તે પૂર્વોત્તર છે.

સિક્કિમને બાદ કરતાં પૂર્વોત્તર ક્ષેત્રના સાત રાજ્યો ૨૬ કિલોમીટરના સિલીગુડી કોરિડોરથી ભારત સાથે જોડાયેલા છે, જેને ચિકેન્સ નેકથી ઓળખાય છે. સિક્કિમ ૨૦૦૨માં આધિકારિક રીતે પૂર્વોત્તર ક્ષેત્રનો હિસ્સો બની ચૂકયું છે. આ ક્ષેત્રની સરહદોનો ૯૮ ટકા હિસ્સો ભારતના આંતરરાષ્ટ્રીય પડોશી દેશો સાથે જોડાયેલો છે. ભિન્નતા હોવા છતાં વિકાસાત્મક ચેલેન્જ આ તમામ રાજ્યોની એક જેવી જ છે. આ ક્ષેત્રોની અર્થવ્યવસ્થા કૃષિ આધારિત હોવાથી ભારત સરકારે કૃષિ વિકાસ માટેના અલગ અલગ પેકેજ જાહેર કરેલા છે. આ રાજ્યોની વિકાસ યોજનાઓ ૯૦ ટકા સહાયિત અનુદાન અને ૧૦ ટકા ઋણના આધારે નક્કી કરવામાં આવે છે. પૂર્વોત્તર પરિષદ એક પૂર્વોત્તર ક્ષેત્રના આર્થિક તેમજ સામાજિક વિકાસ માટે બનાવાયેલી એક બુનિયાદી સંસ્થા છે. આ પરિષદે વિઝન ૨૦૨૦ બનાવ્યું છે જેમાં સૌથી મોટો હિસ્સો કૃષિ સેક્ટરનો આવે છે.

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ પૂર્વોત્તર રાજ્યોને ૮૫૨.૫૭ કરોડની સહાય આપવામાં આવી છે. જે પૈકી સૌથી વધુ ૪૪૦.૦૩ કરોડ માત્ર આસામ રાજ્યને આપવામાં આવ્યા છે. ભારત સરકારે રાષ્ટ્રીય બાગાયત મિશનની ઉપ યોજનાઓ શરૂ કરી છે. જેમાં શાકભાજી, ફળો, ફુલો અને મસાલા પાકોને ઉત્તેજન આપવામાં આવે છે.

કેન્દ્રના કૃષિ પ્રધાન શ્રી રાધામોહનસિંહ કહે છે કે ઇઝરાયલના સહયોગથી સરકારે રાજ્યોમાં પાક આધારિત ઉત્કૃષ્ઠતા કેન્દ્રો શરૂ કરવાનું નક્કી કર્યું છે. દેશના વિવિધ રાજ્યોમાં



૨૭ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. કૃષિપ્રધાને કહ્યું હતું કે ખેતીવાડીમાં આપણે ભલે આત્મનિર્ભર હોઈએ પરંતુ આગામી પડકારોનો સામનો પણ કરવાનો છે તેથી આધુનિક ટેક્નોલોજીનો પૂરેપૂરો ઉપયોગ કરવાનો છે. ખેતરથી ભોજનની થાળી સુધીની એક કોલ્ડ ચેઈન ઊભી કરવાની છે.

પૂર્વોત્તર રાજ્યો માટે તેમણે કહ્યું કે આ વિસ્તારો માટે બાગાયતી ખેતીની સૌથી વધુ પોટેન્શ્યાલિટી છે, તેથી કેન્દ્રએ ખાસ ધ્યાન કેન્દ્રીત કરીને બાગાયતી ખેતીને પ્રોત્સાહનો પૂરા પાડવાનું નક્કી કર્યું છે. બાગાયતી સેક્ટરમાં ફળ, શાકભાજી, ફૂલ અને મરીમસાલાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ કરીને ઔષધિય વનસ્પતિની ખેતી પર વિશેષ ભાર મૂકવાનો નિર્ણય કર્યો છે.

ભારતમાં અત્યારે ૨.૩૦ કરોડ હેક્ટર જમીનમાં ૨૮.૧ કરોડ ટન બાગાયતી ઉત્પાદન થાય છે જે સમગ્ર દુનિયાના કુલ ઉત્પાદનના ૧૩ ટકા છે. કેરી, કેળાં, પપૈયાં, દાડમ અને લીંબુમાં ભારત અગ્રણી દેશ છે.

એક સત્ય એ પણ છે કે જડીબુટ્ટીઓ અને વન ઔષધીઓનો પણ ભંડાર ગણાતા પૂર્વોત્તર રાજ્ય સિક્કિમમાં રાસાયણિક દવાઓ અને ખાતરોને તિલાંજલી આપવા ૧૦ વર્ષથી પ્રયાસો ચાલી રહ્યા છે. ૬.૫ લાખની વસ્તી ધરાવતા રાજ્યમાં ૫૦ હજારથી પણ વધુ હેકટર જમીનમાં ડાંગર, ઈલાયચી, આદુ, શાકભાજી અને ફળફળાદિનો ઓર્ગેનિક પાક લહેરાઈ રહ્યો છે.

સિક્કિમમાં આ પરિવર્તન લાવવામાં મહિલા ખેડૂતોનો સિંહ ફાળો છે. ૨૦૦૩માં વિધાનસભામાં એક પ્રસ્તાવ પસાર કરીને રાજ્યને ઓર્ગેનિક બનાવવાની હાકલ કરવામાં આવી હતી. સરકારે રાસાયણિક દવાઓ અને ખાતરો વેચવા પર પ્રતિબંધ મુકયો હતો. સિક્કિમે સાબિત કર્યું છે સજીવ ખેતી એ ખોટનો ખાડો નથી પરંતુ પર્યાવરણ બચાવવાનો ટકાઉ વિકલ્પ પણ છે. સજીવ ખેતી અપનાવ્યા પછી સિક્કિમમાં ગરીબીરેખા નીચે જીવતા લોકોની સંખ્યા ૧.૭ લાખ હતી જે ઘટીને ૫૦ હજાર થઈ છે. રાજ્યના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો સજીવ ખેતી માટે સતત માર્ગદર્શન અને મદદ આપતા રહે છે.

આ નાનકડા રાજ્યની ૬ હજાર હેક્ટર જમીનમાં વનસ્પતિ ખાધ અને અળસિયાના જૈવિક ખાતરના ઉત્પાદન માટે સેંકડો એકમો લગાવવામાં આવ્યા છે. વર્મી કમ્પોસ્ટ, રાઈઝોબિયમ, અઝોલા જેવા ખાતરો તથા લીમડા જેવી કડવી વનસ્પતિઓમાંથી બનેલી કુદરતી દવાઓ છાંટવાથી ખેડૂતોને ફાયદો થાય છે. ખેતીનું હબ ગણાતા દક્ષિણ સિક્કિમમાં ૩ હજાર ટન ઈલાયચી અને ૫૦ હજાર ટન આદુ પાકે છે. એ ઉપરાંત ઘણાં મસાલા પાકોનું ઉત્પાદન પણ લેવામાં આવે છે.

કેન્દ્ર સરકારના સંકલ્પ પ્રમાણે સિક્કિમ રાસાયણિક દવાઓ અને કેમિકલ ફ્રી રાજ્ય બની ચૂક્યું છે. આ ઉપરાંત ૬૩૦૦ હેક્ટર વિસ્તારમાંથી ૧૭૧૯૦ ટન ફળફળાદિ પાકે છે. આ ઓર્ગેનિક પાકોની દિલ્હી સહિતના ઉત્તર ભારતમાં સારી એવી માંગ છે. રાજ્યના ઓર્ગેનિક આયોગે સિક્કિમને ભારતનું પહેલું ઓર્ગેનિક રાજ્ય બનાવી દીધું છે. રાજ્યના આ ઉપરાંત પોંગલા, ચીસોપાની. સલધારી જેવા અનેક ગામોએ સજીવખેતી અપનાવીને પરિવર્તનનો પવન ફૂંક્યો છે.

પૂર્વોત્તરના પોતાના પ્રવાસ પહેલા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર પૂર્વોત્તર ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે કામ કરી રહી છે અને આ દિશામાં કોઈ કસર છોડી નથી. સિક્કિમના તાજેતરના પ્રવાસના અંતે વડાપ્રધાને કહ્યું હતું કે અમે આ ક્ષેત્રના વિકાસ માટે ૫૩,૦૦૦ કરોડ રૂપિયા રાખ્યા છે. તેમાંથી ૨૮,૦૦૦ કરોડ નવી ૧૪ રેલવેલાઈનો પાથરવા પાછળ ખર્ચાશે. તે ઉપરાંત ૨જી મોબાઈલ સેવા અને વીજળીને સુધારવા માટે પાંચ-પાંચ હજાર કરોડ આપવામાં આવશે. અમારું લક્ષ્ય પૂર્વોત્તરમાં સાતેય દિવસ, ૨૪ કલાક

અને આખું વર્ષ વીજળી પૂરી પાડવાનું છે.

પૂર્વોત્તર માટે ભારત સરકાર મણિપુરમાં નેશનલ સ્પોટ્ર્સ યુનિ.ની સ્થાપના કરશે. પૂર્વોત્તર માટે નવી કૃષિ કોલેજ શરૂ કરાશે. પૂર્વોત્તરને જૈવિક ખેતીની રાજધાની બનાવાશે. ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓને ઇશાન ઉદય સ્પેશિયલ સ્કોલરશિપ અપાશે. પૂર્વોત્તરના તમામ રાજ્યોમાં ૨૦ કરોડ રૂપિયામાં એપેરલ ગારમેન્ટ મેન્યુફેક્ચરિંગ સેન્ટર ખોલાશે.

પૂર્વોત્તર રાજ્યોના કિસાનો મહેનતું છે. કમજોરીને તાકાત અને સફળતામાં બદલાવનું તેઓ જાણે છે. આ સિદ્ધાંતને આગળ લઇને સિક્કિમ રાજ્ય બાગાયતી ખેતીમાં ખૂબ આગળ નિકળી રહ્યું છે, જે દેશ માટે એક અભિનંદનનીય પ્રયાસ છે. વિષમ મોસમનું સ્થળ હોવા છતાં સિક્કિમની સરહદોને લાભમાં પરિવર્તિત કરવામાં આવી રહ્યો છે. ઓછા વરસાદના વિસ્તારોમાં ટામેટાંની મબલખ ખેતી થાય છે.

પૂર્વોત્તર રાજ્યોના પ્રાકૃતિક સાધનો, સારું વાતાવરણ અને શિક્ષિત યુવાનોની મોટી સંખ્યાના કારણે આ રાજ્યોમાં હરિત ક્રાન્તિ લાવી શકાય છે અને ભારત સરકાર તે માટે પ્રયત્નશીલ છે. કેન્દ્રીય કૃષિ પ્રધાન શ્રી રાધામોહનસિંહે કહ્યું હતું કે ખેતરમાં ઉત્પાદિત થતાં પાકોને બજાર આપવા તેમજ ગ્રામ્ય કક્ષાએ રોજગારી માટે સરકાર પ્રયાસ કરી રહી છે. એનડીએ સરકાર એવું માને છે કે જ્યાં સુધી પ્રત્યેક ગામ અને કિસાન વિકસિત નહીં હોય ત્યાં સુધી દેશનો વિકાસ થશે નહીં.

પૂર્વોત્તર ક્ષેત્રમાં ભારતની ૮ ટકા જમીન છે અને આબાદી ૪ ટકા છે. ૭૦ ટકા લોકો અહીં કૃષિ સાથે સંકળાયેલા છે.



મિઝોરમમાં ૫૧ ટકા લોકો કૃષિ પર આધારિત છે. સિક્કિમમાં આ આંકડો ૮૯ ટકા છે. આસામ મુખ્યત્વે ખેતીવાડીવાળું રાજ્ય છે અને ૭૫ ટકા લોકો ખેતી પર નિર્ભર છે. રાજ્યમાં ધાનના પાકો વધુ પ્રમાણમાં થાય છે. બાગાયતી ક્ષેત્રમાં હવે આ રાજ્યનો વિકાસ થઈ રહ્યો છે. રાજ્યમાં કુલ ૩૯.૪૪ લાખ હેક્ટર જમીનમાં ખેતીવાડી છે જેમાં ૨૭ ટકા જમીન પર વિશુદ્ધ ખેતી થાય છે. કેન્દ્ર સરકાર આસામમાં આર્થિક મદદ કરે છે પરંતુ રાજ્ય સરકાર તેને સમયસર ખર્ચી શકતી નથી. શ્રી નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકારે રાજ્યોના ૧૪ કરોડ ખેડૂતો માટે સ્વાસ્થ્ય કાર્ડ આપવાની ઘોષણા કરી છે. આસામ માટે પણ આ યોજના માટે આર્થિક સહાય આપી છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ઊભા કરીને પણ મદદ કરવામાં આવી છે.

સજીવ ખેતી એટલે એવી ખેતી જેમાં કોઈ જ પ્રકારનું રાસાયણિક ખાતર કે રાસાયણિક જંતુનાશક દવા વગર કરાતી ખેતી, જેમાં કુદરતી સ્ત્રોતોનો ઉપયોગ કરાય છે. જેમ કે, છાણિયું ખાતર, લીમડાના પાનનો અર્ક વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારની ખેતીમાં ઉત્પાદન જળવાઈ રહે છે. જેથી તંદુરસ્તી પણ જળવાઈ રહે છે. સજીવ ખેતી એ વર્તમાન સમયની આવશ્યકતા છે.

સજીવ ખેત પેદાશોની માંગ વિશ્વભરમાં ૪૦ ટકાના વાર્ષિક દરથી વધી રહી છે જેથી ભારત સરકાર દ્વારા સજીવ ખેતીને પ્રોત્સાહન આપવાનું શરૂ કરાયું છે અને ચાલુ વર્ષના બજેટમાં સજીવ ખેતીના પ્રસાર માટે વિશેષ રકમ ફાળવવામાં આવી છે. આ અંગે ૧૦ રાજ્યોએ સજીવ ખેતીની નીતિ બનાવેલી છે. દેશના બીજા રાજ્યો આવી નીતિ બનાવે તે માટે સરકાર પ્રયત્નશીલ છે.

એક ભારત સમૃદ્ધ ભારત માટે ઉત્તર પૂર્વના રાજ્યો સિમાચિહ્નરૂપ છે. ઉત્તર પૂર્વના રાજ્યો આંતરરાષ્ટ્રીય સરહદોથી ઘેરાયેલાં છે. આ વિસ્તારના ખેડૂતો અને કલાકારો પરિશ્રમ અને સંઘર્ષ દ્વારા નિપૂણ બને છે. અંગ્રેજી ભાષામાં લખાતા નમસ્તે શબ્દના કુલ સાત અક્ષરોમાં ઉત્તર-પૂર્વના તમામ રાજ્યોના પ્રથમ અક્ષરોનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર આ આઠ રાજ્યોમાં બીજી હરિત ક્રાન્તિના બીજ રોપી રહી છે.

**લેખક અમદાવાદ સ્થિત ફ્રિલાન્સ પત્રકાર છે.**

# ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સ્ત્રીની પરિસ્થિતિ – એક સરખામણી

**ડૉ. ઋચા શાહ**



*ઉત્તરપૂર્વીય રાજ્યોની સ્ત્રીઓની પરિસ્થિતિ ભારતના બીજા રાજ્યોની સરખામણીએ ચડિયાતી છે. ઉદાહરણ તરીકે, ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સ્ત્રી-પુરુષ જાતિ દર ભારતીય સરેરાશ કરતા સારો છે. જો કે, સ્ત્રીઓમાં બાળ મૃત્યુ દરનું પ્રમાણ આસામમાં સહુથી વધુ છે. તે જ રીતે આ રાજ્યોમાં શિક્ષણ દર ઊંચો છે, પરંતુ તેની સાથે શાળા છોડી જનાર બાળકોનો દર આ રાજ્યોમાં નબળી પરિસ્થિતિનું સૂચન કરે છે. આસામ અને નાગાલેન્ડમાં સ્ત્રી શિક્ષણ દર સરેરાશ કરતા ઊંચો છે. પણ, સ્ત્રીઓમાં શાળા પ્રવેશ દર આ રાજ્યોમાં ભારતીય સરેરાશ કરતા નીચો છે.*

આપણે વાત સ્ત્રીની કરવાની છે, એટલે કે ઈશ્વરના શ્રેષ્ઠતમ સર્જનની. વિશ્વનો કોઈપણ દેશ વિકસિત હોય કે અલ્પવિકસિત, પણ સ્ત્રી પ્રત્યેનો સમાજનો દષ્ટિકોણ હંમેશાં અલગ રહ્યો છે. એક જ ભૌગોલિક વાતાવરણ અને સામાજિક રચનામાં ઉછરતા હોય છતાં સમાજ સ્ત્રી પ્રત્યે ક્યારેય ઉદાર રહ્યો નથી. શિક્ષણની તકો, સામાજિક અને કૌટુંબિક જવાબદારીઓ, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસની તકો, ઘરની બહાર નીકળવાની પરવાનગી જેવા સેંકડો પરિમાણોમાં સ્ત્રી સાથે સદીઓથી અન્યાય થતો રહ્યો છે. વિશ્વના દરેક રાષ્ટ્રમાં દરેક વ્યવસાય કે કામમાં જોતરાયેલી સ્ત્રીને તે જ વ્યવસાય કે કામમાં રહેલ પુરુષ કરતાં ઓછું વેતન ચૂકવવામાં આવે છે. વિકસતા દેશોમાં અપૂરતા વેતન ઉપરાંત ઉત્પાદક સ્ત્રોતો જેવા કે આરોગ્ય, શિક્ષણ વગેરેની અપૂરતી પ્રાપ્યતા એ પણ સ્ત્રીની મોટી સમસ્યા છે. ભારતમાં આ અસમાનતાઓ વધુ જોવા મળે છે. આજે આપણે ભારતના સૌથી વંચિત રહી ગયેલા હિસ્સાની એટલે કે ઉત્તરપૂર્વીય રાજ્યોની સ્ત્રીઓની પરિસ્થિતિ વિશે વાત કરીએ છીએ.

ઉત્તરપૂર્વીય રાજ્યો એટલે અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરા – એ આઠ રાજ્યોનો સમૂહ. આર્થિક દષ્ટિએ આ રાજ્યો ભારતના બીજા રાજ્યો કરતાં ઘણા પાછળ છે. ૨૦૦૭-૦૮ના આંકડા મુજબ દેશની માથાદીઠ આવક રૂ. ૩૩,૭૩૧ હતી, ત્યારે ઉત્તરપૂર્વીય રાજ્યોની માથાદીઠ આવક માત્ર રૂ. ૨૦,૨૭૯ હતી. આ રાજ્યોમાં આદિવાસી પ્રજાનો વસવાટ વધારે છે. મોટાભાગની વસ્તી અનુસૂચિત જનજાતિઓની છે. મિઝોરમની ૯૪.૭૫ ટકા વસ્તી અનુસૂચિત જનજાતિ છે. જ્યારે નાગાલેન્ડમાં ૮૭.૭૦ ટકા, મેઘાલયમાં ૯૪.૭૫ ટકા, અરૂણાચલ પ્રદેશમાં ૬૩.૬૬ ટકા, મણિપુરમાં ૩૪.૪૧ ટકા, ત્રિપુરામાં ૩૦.૯૫ ટકા અને આસામમાં ૧૨.૮૨ ટકા અનુસૂચિત જનજાતિઓ વસે છે.

અસમાનતાઓ આ પ્રદેશોમાં જેટલી જોવા મળે છે તેટલી બીજે ક્યાંય નથી. અહીં ૪૪૨ જેટલી ભાષાઓ અને બોલીઓ બોલાય છે. અનેક જાતની જાતિઓ અને પેટા જાતિઓ છે. દરેકની પોતાની અલગ સંસ્કૃતિ, અલગ ઐતિહાસિક વારસો અને અલગ રીતરિવાજો છે.

ભારત મોટેભાગે પુરુષ પ્રધાન દેશ છે. આર્થિક નિર્ણયો અને સામાજિક નિર્ણયોમાં પુરુષનું પહેલેથી વર્ચસ્વ રહ્યું

છે. પુરુષોનો સ્ત્રીઓ પર હંમેશાં અંકુશ રહ્યો છે. તેની પસંદગીની સ્વતંત્રતા, વર્તન અને નિર્ણયોની સ્વતંત્રતા, ત્યાં સુધી કે વિચારોની સ્વતંત્રતા પણ ક્યારેય જળવાઈ નથી. આ પરિસ્થિતિથી તદ્દન વિરુદ્ધ ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વસતિ મોટાભાગની પ્રજાતિઓ માતૃપ્રધાન સમાજવ્યવસ્થા ધરાવે છે. માતાનો વારસો સહુથી મોટી દીકરીને મળે છે અને એ રીતે પેઢી-દર પેઢી સમાજની રચના થાય છે. ત્યાં સુધી કે સંતાનોને અટક પણ માતાની મળે છે. પણ છતાંયે આ સમાજમાં પણ કેટલાક અંશે પુરુષોનું પ્રભુત્વ હોય જ છે, એ વાસ્તવિકતા સ્વીકારવી જ રહી.

જો કે અન્ય રાજ્યોની સરખામણીએ પરિસ્થિતિ ઘણી સુધરી છે. ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સ્ત્રીઓને પુરુષો જેટલો જ મહત્ત્વનો દરજ્જો અને સ્થાન મળે છે. સામાજિક, ધાર્મિક કે રાજકીય જૂથોમાં સ્ત્રીઓ પણ પુરુષો જેટલું જ સ્થાન મેળવે છે. છતાં વરવું સત્ય એ છે કે નિર્ણયોની પ્રક્રિયામાં સ્ત્રીઓને ફાળે બહુ ઓછી ભૂમિકા ભજવવાની આવે છે. એટલે છેલ્લે તેમના ભાગે ઘર સંભાળવાનું અને બાળકોને ઉછેરવાનું જ કામ આવતું હોય છે.

આજે સ્ત્રીઓ સમાજની સહુથી વધુ હીનભાવનાનો સામનો કરે છે. તેઓ પોતાની માનવીય સ્વતંત્રતા, સમાન હકો અને જીવનના દરેક ક્ષેત્રે ન્યાય મળે તે માટે ઝઝૂમી રહી છે. પ્રાચીન સમયમાં સ્ત્રીઓ સામાજિક અને રાજકીય નિર્ણયીકરણની પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવતી અને પુરુષો જેટલું જ સન્માન મેળવતી પણ હવે પરિસ્થિતિ બદલાઈ છે અને સ્ત્રીએ પોતાના અલગ અસ્તિત્વ અને વ્યક્તિત્વને સાબિત કરવા માટે હજારો સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સ્ત્રી કરતા પુરુષ ચડિયાતો છે એ વિચારસરણીને બદલવા માટે સ્ત્રીએ સતત સંઘર્ષ કરતા રહેવું પડે છે.

કેટલાક પરિમાણો, દરો અને ગુણોત્તરો પરથી અન્ય રાજયની સરખામણીએ ઉત્તરપૂર્વીય રાજ્યોની સ્ત્રીઓની પરિસ્થિતિ વધુ સ્પષ્ટ કરી શકાશે.

**૧. સ્ત્રી શિક્ષણ અને જાતિગત ભેદભાવ**

નીચે કોષ્ટક-૧માં સ્ત્રી શિક્ષણ અને જાતિગત ભેદભાવની પરિસ્થિતિ વર્ણવી છે. ઉત્તરપૂર્વીય રાજ્યો ઉપરાંત ભારતના અન્ય રાજ્યોની પરિસ્થિતિ પણ અહીં જોવા મળે છે.

**કોષ્ટક-૧ : સ્ત્રી શિક્ષણ અને શિક્ષણ દરમાં જાતિગત ભેદભાવ**

| રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ | સ્ત્રી-શિક્ષણમાં ક્રમ | શિક્ષણદરમાં જાતિગત ભેદભાવમાં ક્રમ |
|---|---|---|
| કેરળ | ૧ | ૨ |
| મિઝોરમ | ૨ | ૩ |
| લક્ષદ્વીપ | ૩ | ૫ |
| ત્રિપુરા | ૪ | ૭ |
| અંદામાન-નિકોબાર | ૫ | ૬ |
| ગોવા | ૬ | ૮ |
| નાગાલેન્ડ | ૭ | ૪ |
| મહારાષ્ટ્ર | ૮ | ૧૨ |
| મેઘાલય | ૯ | ૧ |
| મણિપુર | ૧૦ | ૧૦ |
| ઉત્તરાખંડ | ૧૧ | ૧૬ |
| ગુજરાત | ૧૨ | ૧૪ |
| આસામ | ૧૩ | ૯ |
| ભારત | ૧૪ | ૧૫ |
| ઓરિસ્સા | ૧૫ | ૧૭ |
| છત્તીસગઢ | ૧૬ | ૨૧ |
| મધ્યપ્રદેશ | ૧૭ | ૨૦ |
| આંધ્રપ્રદેશ | ૧૮ | ૧૩ |
| અરૂણાચલ પ્રદેશ | ૧૯ | ૧૧ |
| ઉત્તરપ્રદેશ | ૨૦ | ૧૮ |
| જમ્મુ-કાશ્મીર | ૨૧ | ૧૯ |
| ઝારખંડ | ૨૨ | ૨૨ |
| બિહાર | ૨૩ | ૨૩ |

સ્રોત : ભારતની વસ્તી ગણતરી, ૨૦૧૧

આ કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અરૂણાચલ પ્રદેશ સિવાયના તમામ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સ્ત્રી શિક્ષણનો દર ઊંચો છે અને સ્ત્રી તથા પુરુષના શિક્ષણદર વચ્ચેનો ભેદભાવ પણ આ રાજ્યોમાં અન્ય રાજ્યોની સરખામણીએ ઓછો છે.

**૨. સ્ત્રીઓની કામમાં ભાગીદારીનો દર:**

નીચે કોષ્ટક-૨માં અન્ય રાજ્યોની સરખામણીએ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સ્ત્રી કામદારોની ભાગીદારીનો દર આપ્યો છે.

**કોષ્ટક-૨ : સ્ત્રી કાર્યકરોની ભાગીદારીનો દર**

| રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ | ક્રમ | સ્ત્રી કાર્યકરોની ભાગીદારીનો દર |
|---|---|---|
| છત્તીસગઢ | ૧ | ૬૨.૭ |
| હિમાચલ પ્રદેશ | ૨ | ૫૮.૮ |
| નાગાલેન્ડ | ૩ | ૫૬.૫ |
| આંધ્રપ્રદેશ | ૪ | ૫૨.૭ |
| મેઘાલય | ૫ | ૫૧.૪ |
| રાજસ્થાન | ૬ | ૪૬.૨ |
| મિઝોરમ | ૭ | ૪૫.૪ |
| અરૂણાચલ પ્રદેશ | ૮ | ૪૫.૧ |
| કર્ણાટક | ૯ | ૪૩ |
| મહારાષ્ટ્ર | ૧૦ | ૪૨.૯ |

| | | |
|---|---|---|
| સિક્કિમ | ૧૧ | ૪૧.૨ |
| મધ્યપ્રદેશ | ૧૨ | ૪૧.૧ |
| ઝારખંડ | ૧૩ | ૩૯.૮ |
| જમ્મુ-કાશ્મીર | ૧૪ | ૩૮.૪ |
| ગુજરાત | ૧૫ | ૩૭.૯ |
| ઓરિસ્સા | ૧૬ | ૩૭.૮ |
| ઉત્તરાખંડ | ૧૭ | ૩૬.૬ |
| ભારત | ૧૮ | ૩૫.૬ |
| મણિપુર | ૧૯ | ૩૧.૫ |
| કેરલ | ૨૦ | ૨૭.૩ |
| પંજાબ | ૨૧ | ૨૬.૩ |
| આસામ | ૨૨ | ૨૦.૮ |

સ્રોત : એન.એસ.એસ.ઓ.ની ગણતરીને આધારે (૨૦૧૦)

આ કોષ્ટક પરથી ફલિત થાય છે કે કામમાં સ્ત્રીઓની ભાગીદારીનો દર અન્ય રાજ્યોની સરખામણીએ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ઊંચો છે. કેરળ કરતાં પણ પરિસ્થિતિ ચડિયાતી છે. આસામ, મણીપુર અને ત્રિપુરા સિવાયના પાંચ ઉત્તરપૂર્વીય રાજ્યોનો દર ભારતના તમામ સાધારણ રાજ્યો કરતાં સારો છે. આ રાજ્યોમાં કામની ભાગીદારીમાં જાતિગત ભેદભાવ ઓછો જોવા મળે છે. એવું કહી શકાય કે જીવનધોરણ ટકાવી રાખવા માટે સ્ત્રી કામદારોની ભાગીદારી જરૂરી બને છે. ઊંચા શિક્ષણદરને કારણે જ આ શક્ય બને.

**૩. શાળા પ્રવેશ ગુણોત્તર :**

નીચે કોષ્ટક-૩માં અન્ય રાજ્યોની સરખામણીએ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં શાળાપ્રવેશનું પ્રમાણ દર્શાવ્યું છે. અહીં ભારતના જુદાજુદા રાજ્યોમાં શાળાના ૧ થી ૮ ધોરણ સુધીમાં થતા શાળાપ્રવેશ ગુણોત્તરની સરખામણી કરવામાં આવી છે.

| રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ | ધોરણ ૧ થી ૮ (૬ થી ૧૩ વર્ષ) | | |
|---|---|---|---|
| | છોકરીઓ | છોકરાઓ | કુલ |
| આંધ્રપ્રદેશ | ૯૦.૧૧ | ૯૦.૧૮ | ૯૦.૧૫ |
| અરૂણાચલ પ્રદેશ | ૧૩૮.૧ | ૧૪૬.૩૧ | ૧૪૨.૨૬ |
| આસામ | ૮૪.૯ | ૮૨.૨૧ | ૮૩.૫૪ |
| બિહાર | ૮૬.૦૩ | ૧૦૦.૭૯ | ૯૩.૭૨ |
| ગોવા | ૮૬.૧૩ | ૮૮.૭૫ | ૮૭.૫ |
| ગુજરાત | ૧૦૬.૦૪ | ૧૦૮.૮૮ | ૧૦૭.૫૬ |
| હરિયાણા | ૮૭.૫૮ | ૮૪.૩૧ | ૮૫.૭૯ |
| હિમાચલ પ્રદેશ | ૧૦૯.૩૮ | ૧૧૦.૩૭ | ૧૦૯.૯ |
| જમ્મુ-કાશ્મીર | ૧૦૪.૨૭ | ૧૦૪.૬૭ | ૧૦૪.૪૮ |
| કર્ણાટક | ૯૭.૬૬ | ૯૯.૮૧ | ૯૮.૭૬ |
| કેરળ | ૯૭.૧૧ | ૯૮.૫૮ | ૯૭.૮૬ |
| મધ્યપ્રદેશ | ૧૦૩.૧૮ | ૧૩૩.૩૨ | ૧૩૧.૮૧ |
| મહારાષ્ટ્ર | ૯૬.૪ | ૯૯.૮૨ | ૯૮.૧૮ |
| મણીપુર | ૧૪૭.૭૩ | ૧૫૫.૪૪ | ૧૫૧.૬૪ |
| મેઘાલય | ૧૪૧.૮૬ | ૧૩૫.૧૫ | ૧૩૮.૪૯ |
| મિઝોરમ | ૧૩૩.૫૮ | ૧૪૨.૯૮ | ૧૩૮.૩૩ |
| નાગાલેન્ડ | ૮૩.૪૫ | ૮૩.૨ | ૮૩.૩૨ |
| ઓરિસ્સા | ૧૦૪.૬૮ | ૧૦૫.૬૨ | ૧૦૫.૧૬ |
| પંજાબ | ૧૦૦.૬ | ૧૦૨.૮૪ | ૧૦૧.૮૩ |
| રાજસ્થાન | ૯૮.૭૧ | ૧૦૯.૯૭ | ૧૦૪.૬૩ |
| સિક્કિમ | ૧૨૩.૩૭ | ૧૧૮.૮૨ | ૧૨૧.૦૮ |
| તમિલનાડુ | ૧૧૪.૦૭ | ૧૧૪.૩૨ | ૧૧૪.૨ |
| ત્રિપુરા | ૧૨૧.૭૪ | ૧૨૩.૫૬ | ૧૨૨.૬૬ |
| ઉત્તરપ્રદેશ | ૯૬.૨૭ | ૯૪.૬૫ | ૯૫.૪૨ |
| પશ્ચિમબંગાળ | ૧૧૦.૭૪ | ૧૦૭.૧૬ | ૧૦૮.૯૨ |
| અંદામાન-નિકોબાર | ૭૩.૦૪ | ૭૫.૬૨ | ૭૪.૩૪ |
| ચંદીગઢ | ૬૪.૭૧ | ૬૨.૬૨ | ૬૩.૫૫ |
| દાદરાનગર હવેલી | ૧૦૧.૯૮ | ૧૦૫.૨૪ | ૧૦૩.૬૯ |
| દમણ અને દીવ | ૮૩.૪૮ | ૭૨.૩૫ | ૭૭.૧ |
| દિલ્હી | ૧૧૬.૩૫ | ૧૧૬.૩૧ | ૧૧૬.૩૩ |
| લક્ષદ્વીપ | ૭૫.૬૮ | ૭૩.૯૯ | ૭૪.૮૩ |
| પોંડીચેરી | ૧૦૦.૩૯ | ૯૫.૬ | ૯૭.૮૭ |
| ભારત | ૧૦૧.૦૯ | ૧૦૩.૭૫ | ૧૦૨.૪૭ |

સ્રોત : ભારત સરકાર (૨૦૧૨), આયોજન પંચ માટે તૈયાર કરેલ માહિતી.

કોષ્ટક પરથી સ્પષ્ટ દેખાય આવે છે કે અન્ય રાજ્યોની સરખામણીએ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં શાળા પ્રવેશ ગુણોત્તર ઘણો ઊંચો છે, જે સ્ત્રીઓના સન્માનનીય સ્થાનનું ચિહ્ન છે. આસામ અને નાગાલેન્ડ સિવાયના છ રાજ્યોમાં આ ગુણોત્તર ખૂબ જ ઊંચો છે, જે આવકારદાયક છે.

**૪. શાળા છોડી જનાર વિદ્યાર્થીઓનો દર :**

નીચે આપેલા કોષ્ટક-૪માં ભારતના ઉત્તર પૂર્વીય રાજ્યો અને બીજા રાજ્યોમાં પ્રાથમિક શિક્ષણ દરમ્યાન શાળા છોડી જનાર વિદ્યાર્થીઓનો દર આપેલો છે અને તે દર મુજબ ક્રમાંક આપેલો છે.

**કોષ્ટક-૪ : ધોરણ ૧ થી ૧૦ (૬ થી ૧૬ વર્ષ) દરમ્યાન શાળા છોડી જનાર વિદ્યાર્થીઓનો દર**

| રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ | કુલ દર | છોકરીઓનો દર | ક્રમાંક |
|---|---|---|---|
| સિક્કિમ | ૮૦.૭૩ | ૭૯.૩૬ | ૧ |
| આસામ | ૭૭.૬ | ૭૭.૮૨ | ૨ |
| મેઘાલય | ૭૭.૮૯ | ૭૬.૪૬ | ૩ |
| બિહાર | ૭૭.૫૬ | ૭૬.૦૬ | ૪ |
| નાગાલેન્ડ | ૭૪.૮૬ | ૭૩.૯૭ | ૫ |
| રાજસ્થાન | ૭૧.૬૪ | ૭૩.૪૨ | ૬ |
| મધ્યપ્રદેશ | ૬૫.૭૧ | ૭૧.૩૨ | ૭ |
| પશ્ચિમ બંગાળ | ૭૧.૮૩ | ૭૦.૭૦ | ૮ |
| ઓરિસ્સા | ૬૮.૧૯ | ૬૫.૯૧ | ૯ |
| ગુજરાત | ૬૨.૧૪ | ૬૪.૪૧ | ૧૦ |
| અરૂણાચલ પ્રદેશ | ૬૪.૮૬ | ૬૪.૭ | ૧૧ |
| દાદરાનગર હવેલી | ૫૮.૮૩ | ૬૩.૪૮ | ૧૨ |
| ત્રિપુરા | ૬૨.૯ | ૬૨.૩૪ | ૧૩ |
| મિઝોરમ | ૬૨.૮૭ | ૬૦.૭૨ | ૧૪ |
| મણીપુર | ૫૬.૭૯ | ૫૫.૭૧ | ૧૫ |
| આંધ્રપ્રદેશ | ૫૩.૩૬ | ૫૪.૦૨ | ૧૬ |
| ભારત | ૫૨.૭૬ | ૫૧.૯૭ | – |
| કર્ણાટક | ૪૬.૬૨ | ૪૬.૩૩ | ૧૭ |
| જમ્મુ-કાશ્મીર | ૪૪.૩ | ૪૦.૬૩ | ૧૮ |
| પંજાબ | ૪૦.૪૨ | ૩૯.૪૫ | ૧૯ |
| ગોવા | ૩૪.૩ | ૩૨.૬૩ | ૨૦ |
| તમિલનાડુ | ૩૪.૦૬ | ૩૦.૨૮ | ૨૧ |
| દમણ-દીવ | ૩૫.૯૩ | ૨૯.૭૫ | ૨૨ |
| અંદામાન-નિકોબાર | ૩૦.૦૬ | ૨૭.૦૭ | ૨૩ |
| લક્ષદ્વીપ | ૨૫.૧૩ | ૨૨.૬૭ | ૨૪ |
| હરિયાણા | ૧૯.૮૪ | ૧૯.૪૬ | ૨૫ |
| હિમાચલ પ્રદેશ | ૨૦.૬૫ | ૧૮.૯૩ | ૨૬ |
| ઉત્તરપ્રદેશ | ૨૩.૮૩ | ૧૫.૦૯ | ૨૭ |
| દિલ્હી | ૧.૯૭ | ૯.૧૫ | ૨૮ |
| ચંદીગઢ | ૩.૭૮ | ૭.૮૬ | ૨૯ |
| પોંડીચેરી | ૭.૩૪ | ૧.૩૯ | ૩૦ |
| કેરળ | -૪.૦૬ | -૫.૨ | ૩૧ |

સ્રોત : ભારત સરકાર (૨૦૧૨), આયોજન પંચ માટે તૈયાર કરેલ માહિતી.

કોષ્ટક પરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે ભારતના અન્ય રાજ્યોની સરખામણીએ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં શાળા છોડી જનાર વિદ્યાર્થીઓનો દર ઘણો ઊંચો છે. છોકરીઓ ઉપર નાના ભાઈબહેનની સારસંભાળની જવાબદારી, માતાને ઘરકામમાં મદદ કરવાની ફરજ, ખેતીકામ અને અન્ય કામોમાં કરાવવી પડતી મદદ અને એના જેવા અનેક કારણોને લીધે તેમને શાળાકીય અભ્યાસ છોડવો પડે છે. છોકરીઓનો અભ્યાસ પ્રાથમિક શાળામાંથી જ અટકી જાય છે અને તે માધ્યમિક શાળા કે કૉલેજના અભ્યાસ સુધી પહોંચી શકતી નથી. નીચા શિક્ષણ દરને લીધે સ્ત્રીઓ પોતાના જ આરોગ્ય પ્રત્યે અભાન બને છે અને તે રીતે સામાજિક સમૃદ્ધિનો લાભ તેમના સુધી પહોંચતો નથી. કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે બધા જ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં શાળા છોડી જનાર વિદ્યાર્થીઓનો દર સમગ્ર ભારતની સરેરાશ કરતા નીચો છે.

**૫. સ્ત્રીપુરુષ જાતિ દર :**

નીચે કોષ્ટક-૫માં ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યો તથા અન્ય રાજ્યોમાં દર હજાર પુરુષ બાળકોની સરખામણીએ સ્ત્રી બાળકોની સંખ્યા દર્શાવી છે, જેને સ્ત્રીપુરુષ જાતિ દર કહે છે. આ જ દરના આધારે રાજ્યનો ક્રમ પણ દર્શાવેલ છે.

**કોષ્ટક-૫ : ભારતના રાજ્યોમાં બાળકોમાં સ્ત્રીપુરુષ જાતિ દર**

| રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ | સ્ત્રી બાળકોની સંખ્યા | ક્રમ |
|---|---|---|
| આંધ્રપ્રદેશ | ૯૯૨ | ૩ |
| અરૂણાચલ પ્રદેશ | ૯૨૦ | ૧૯ |
| આસામ | ૯૫૪ | ૧૪ |
| બિહાર | ૯૧૬ | ૨૧ |

| | | |
|---|---|---|
| છત્તીસગઢ | ૯૯૧ | ૪ |
| ગોવા | ૯૬૮ | ૧૦ |
| ગુજરાત | ૯૧૮ | ૨૦ |
| હરિયાણા | ૮૭૭ | ૨૬ |
| હિમાચલ પ્રદેશ | ૯૭૪ | ૯ |
| જમ્મુ-કાશ્મીર | ૮૮૩ | ૨૫ |
| ઝારખંડ | ૯૪૭ | ૧૫ |
| કર્ણાટક | ૯૬૮ | ૧૧ |
| કેરળ | ૧૦૮૪ | ૧ |
| મધ્યપ્રદેશ | ૯૩૦ | ૧૭ |
| મહારાષ્ટ્ર | ૯૨૫ | ૧૮ |
| મણીપુર | ૯૮૭ | ૬ |
| મેઘાલય | ૯૮૬ | ૫ |
| મિઝોરમ | ૯૭૫ | ૮ |
| નાગાલેન્ડ | ૯૩૧ | ૧૬ |
| ઓરિસ્સા | ૯૭૮ | ૭ |
| પંજાબ | ૮૯૩ | ૨૩ |
| રાજસ્થાન | ૯૨૬ | ૧૭ |
| સિક્કિમ | ૮૮૯ | ૨૪ |
| તમિલનાડુ | ૯૯૫ | ૨ |
| ત્રિપુરા | ૯૬૧ | ૧૩ |
| ઉત્તરપ્રદેશ | ૯૦૮ | ૨૨ |
| ઉત્તરાખંડ | ૯૬૩ | ૧૨ |
| પશ્ચિમબંગાળ | ૯૪૭ | ૧૫ |

સ્રોત : ભારતની વસ્તી ગણતરી, ૨૦૧૧.

ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે પંજાબ, ગુજરાત, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ જેવા વિકસિત રાજ્યોમાં પણ સ્ત્રીપુરુષ જાતિ દર ખૂબ નીચો છે. તેવા સમયે ઉત્તરપૂર્વીય રાજ્યોમાં આ દર વધુ સારો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વના ઘણા દેશોમાં પુરુષોની સરખામણીએ સ્ત્રીઓની વસ્તી ઘટી રહી છે. લોકો જન્મ, આરોગ્યની સંભાળ, પોષક ખોરાક, પૂરતો ખોરાક જેવી કેટલીયે બાબતોમાં સ્ત્રી બાળકોની સરખામણીએ પુરુષ બાળકોને વધુ પ્રાધાન્ય આપે છે, જેના કારણે સ્ત્રીઓની સંખ્યા સતત ઘટી રહી છે. સ્ત્રી બાળકના જન્મ પહેલા ગર્ભ પરિક્ષણ કરાવીને સ્ત્રી ભ્રૂણહત્યા જેવા અજગરે સમગ્ર સમાજનો ભરડો લીધો છે. પરંતુ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં મોટા ભાગની પ્રજાતિઓમાં માતૃપ્રધાન સમાજ વ્યવસ્થાને લીધે આ રાજ્યોમાં સ્ત્રીપુરુષ જાતિ દર અન્ય રાજ્યોની સરખામણીએ તેમ જ ભારતીય સરેરાશ કરતા ઊંચો છે.

**૬. લગ્ન સમયે સ્ત્રીની વય :**

નીચે કોષ્ટક-૬માં ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યો અને અન્ય રાજ્યોમાં સ્ત્રીઓની લગ્ન સમયે સરેરાશ ઉંમર અને તે દષ્ટિએ રાજ્યોનો ક્રમ દર્શાવ્યો છે.

**કોષ્ટક-૬ : સ્ત્રીઓની લગ્ન સમયે સરેરાશ ઉંમર**

| રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ | ક્રમ | સ્ત્રીઓની લગ્ન સમયે સરેરાશ ઉંમર |
|---|---|---|
| રાજસ્થાન | ૨૦ | ૧૬.૬ |
| મધ્યપ્રદેશ | ૧૯ | ૧૭.૦ |
| બિહાર | ૧૮ | ૧૭.૨ |
| આંધ્રપ્રદેશ | ૧૭ | ૧૭.૫ |
| ઉત્તરપ્રદેશ | ૧૭ | ૧૭.૫ |
| હરિયાણા | ૧૬ | ૧૮.૦ |
| ભારત | | ૧૮.૩ |
| પશ્ચિમબંગાળ | ૧૫ | ૧૮.૪ |
| મહારાષ્ટ્ર | ૧૪ | ૧૮.૮ |
| કર્ણાટક | ૧૩ | ૧૮.૯ |
| ઓરિસ્સા | ૧૩ | ૧૮.૯ |
| ગુજરાત | ૧૨ | ૧૯.૨ |
| ત્રિપુરા | ૧૧ | ૧૯.૩ |
| અરૂણાચલ પ્રદેશ | ૧૦ | ૧૯.૬ |
| આસામ | ૯ | ૧૯.૭ |
| તમિલનાડુ | ૮ | ૧૯.૯ |
| સિક્કિમ | ૭ | ૨૦.૨ |
| મેઘાલય | ૬ | ૨૦.૫ |
| પંજાબ | ૬ | ૨૦.૫ |
| કેરળ | ૫ | ૨૦.૮ |
| મણીપુર | ૪ | ૨૧.૫ |
| નાગાલેન્ડ | ૩ | ૨૧.૬ |
| મિઝોરમ | ૨ | ૨૧.૮ |
| ગોવા | ૧ | ૨૨.૨ |

સ્રોત : ભારતની વસ્તી ગણતરી, ૨૦૧૧.

સરકારે કાયદેસર ૧૮ વર્ષની ઉંમરને સ્ત્રીઓ માટે લગ્નની લઘુત્તમ ઉંમર જણાવી છે છતાં હજુ છોકરીઓને એના કરતા વધુ નાની વયે પરણાવવામાં આવે છે. આવા રાજ્યોમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, આન્ધ્રપ્રદેશ, બિહાર અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે. ભારતના તમામ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સ્ત્રીઓની લગ્ન સમયે સરેરાશ વય ૧૯ વર્ષ કરતા વધુ છે જે અન્ય રાજ્યોની સરખામણીએ વધુ સારી પરિસ્થિતિનું સૂચન કરે છે.

**૭. સ્ત્રીઓમાં એનીમિયા (લોહતત્ત્વની ઉણપ)નું પ્રમાણ :**

મણીપુરને બાદ કરતા ભારતના તમામ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ૧૫થી ૪૯ વર્ષની વય ધરાવતી સગર્ભા સ્ત્રીઓમાંથી ૫૦ ટકા સ્ત્રીઓ લોહતત્ત્વની ઉણપથી પીડાય છે, જે અન્ય રાજ્યોની સરખામણીએ ઘણી કથળેલી પરિસ્થિતિનું સૂચન કરે છે. અપૂરતો ખોરાક, ખોરાકમાં પોષક તત્ત્વોનું નહીવત પ્રમાણ, સ્ત્રીઓના આરોગ્ય પ્રત્યેની બેદરકારી આ બધા જ કારણો અહીં ધ્યાનમાં લઈ શકાય.

**૮. સ્ત્રીઓમાં બાળ મૃત્યુ દર :**

કોષ્ટક-૮માં ભારતના જુદા જુદા રાજ્યોમાં સ્ત્રીઓમાં બાળ મૃત્યુ દર અને એ દષ્ટિએ નોંધાયેલા ક્રમ દર્શાવ્યા છે.

**કોષ્ટક-૮ : સ્ત્રીઓમાં બાળ મૃત્યુ દર (પ્રતિ હજાર જન્મેલ બાળકો)**

| રાજ્યનું નામ | સ્ત્રીઓમાં બાળમૃત્યુ દર | ક્રમ |
|---|---|---|
| કેરળ | ૧૪ | ૨૧ |
| ગોવા | ૧૫ | ૨૦ |
| મણીપુર | ૧૬ | ૧૯ |
| તમિલનાડુ | ૨૪ | ૧૮ |
| નાગાલેન્ડ | ૨૮ | ૧૭ |
| ત્રિપુરા | ૨૯ | ૧૬ |
| મહારાષ્ટ્ર | ૨૯ | ૧૬ |
| દિલ્હી | ૩૧ | ૧૫ |
| પશ્ચિમબંગાળ | ૩૨ | ૧૪ |
| અરૂણાચલ પ્રદેશ | ૩૨ | ૧૪ |
| સિક્કિમ | ૩૨ | ૧૪ |
| પંજાબ | ૩૫ | ૧૩ |
| મિઝોરમ | ૩૯ | ૧૨ |
| કર્ણાટક | ૩૯ | ૧૨ |
| ઝારખંડ | ૪૪ | ૧૧ |
| જમ્મુ-કાશ્મીર | ૪૫ | ૧૦ |
| ગુજરાત | ૪૭ | ૯ |
| આંધ્રપ્રદેશ | ૪૭ | ૯ |
| હિમાચલપ્રદેશ | ૪૭ | ૯ |
| ભારત | ૪૯ | |
| હરિયાણા | ૪૯ | ૮ |
| બિહાર | ૫૦ | ૭ |
| છત્તિસગઢ | ૫૪ | ૬ |
| મેઘાલય | ૫૬ | ૫ |
| રાજસ્થાન | ૫૭ | ૪ |
| આસામ | ૬૦ | ૩ |
| ઓરિસ્સા | ૬૧ | ૨ |
| ઉત્તરપ્રદેશ | ૬૩ | ૧ |

સ્રોત : નિદર્શ નોંધણી તંત્ર (એસ.આર.એસ.), ૨૦૧૨

જીવવિજ્ઞાનની દૃષ્ટિએ જોવામાં આવે તો સ્ત્રી બાળકો કરતા પુરુષ બાળકોમાં મૃત્યુની સંભાવના વધુ રહેલી છે. પરંતુ આશ્ચર્યજનક રીતે ભારતમાં પુરુષ બાળકોની સરખામણીએ સ્ત્રી બાળકોનો મૃત્યુ દર ઊંચો રહે છે. આસામ અને મેઘાલયને બાદ કરતા ભારતના તમામ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સ્ત્રીઓમાં બાળ મૃત્યુ દર ભારતની સરેરાશ કરતા ઓછો છે, જે આવકારદાયક પરિસ્થિતિનું સૂચન કરે છે.

### ૯. નિર્ણયીકરણમાં સ્ત્રીઓની ભાગીદારી/સ્ત્રી સશક્તિકરણ :

નીચે કોષ્ટક-૯માં સ્ત્રીઓની નિર્ણયીકરણમાં ભાગીદારી વિશેની માહિતી દર્શાવી છે. સ્ત્રીઓ ઘરેલું નિર્ણયોમાં કેટલી ભૂમિકા ભજવે છે, તેઓ બજારમાં, દવાખાને કે સમાજની બહાર એકલી જઈ શકે છે કે નહિ અને તેમનું બેંક બચતખાતું તેઓ ઉપયોગમાં લે છે કે નહિ તેના આધારે તેમની ભાગીદારીને નિશ્ચિત કરે છે. ભારતના જુદા જુદા રાજ્યોમાં આ અંગેની પરિસ્થિતિ નીચે વર્ણવી છે.

**કોષ્ટક ૯ : નિર્ણયીકરણમાં સ્ત્રીઓની ભાગીદારી**

| રાજ્યનું નામ | હાલમાં ઘરેલું નિર્ણયોમાં ભાગ લઈ શકતી પરિણીત સ્ત્રીઓ (%) | ૧૫-૪૯ વર્ષ વચ્ચેની સ્ત્રીઓ જે બજારમાં, દવાખાને કે પોતાના સમાજની બહાર નીકળી શકતી હોય (%) | બેંક બચતખાતું કે જે પોતે ઉપયોગમાં લેતી હોય તેવી સ્ત્રીઓ (%) |
|---|---|---|---|
| આંધ્રપ્રદેશ | ૪૦.૪ | ૩૭.૩ | ૧૮ |
| અરૂણાચલ પ્રદેશ | ૫૩.૫ | ૪૦.૨ | ૧૯ |
| આસામ | ૬૦.૯ | ૫૩.૩ | ૧૧.૭ |
| બિહાર | ૩૨.૭ | ૨૫.૨ | ૮.૨ |
| છત્તીસગઢ | ૨૬.૮ | ૧૭.૯ | ૮.૧ |
| દિલ્હી | ૫૨ | ૩૬.૬ | ૩૦.૪ |
| ગોવા | ૪૭ | ૫૬.૮ | ૪૨.૪ |
| ગુજરાત | ૩૬.૬ | ૪૭.૩ | ૧૯.૯ |
| હરિયાણા | ૪૧.૭ | ૪૦.૭ | ૧૨.૪ |
| હિમાચલપ્રદેશ | ૩૯.૨ | ૬૦.૪ | ૨૨.૨ |
| જમ્મુ-કાશ્મીર | ૨૫.૨ | ૫૧ | ૨૧.૯ |
| કર્ણાટક | ૩૫.૨ | ૩૦.૬ | ૨૨.૧ |
| કેરળ | ૪૭.૨ | ૩૪.૭ | ૨૭ |
| મધ્યપ્રદેશ | ૨૯.૪ | ૨૫.૭ | ૮.૯ |
| મહારાષ્ટ્ર | ૪૫.૪ | ૪૦.૨ | ૨૦,૩ |
| મણિપુર | ૬૯.૪ | ૫૩.૫ | ૮ |
| મેઘાલય | ૭૭.૩ | ૨૮.૧ | ૧૬.૯ |
| મિઝોરમ | ૭૦.૪ | ૭૫.૪ | ૮.૧ |

| | | | |
|---|---|---|---|
| નાગાલેન્ડ | ૭૩.૧ | ૨૫.૪ | ૭.૪ |
| ઓરિસ્સા | ૪૧.૮ | ૧૮.૭ | ૯.૮ |
| પંજાબ | ૩૭.૪ | ૩૯ | ૧૪.૬ |
| રાજસ્થાન | ૨૨.૮ | ૩૧.૬ | ૭.૬ |
| સિક્કિમ | ૫૮.૭ | ૫૦.૯ | ૨૦.૯ |
| તમિલનાડુ | ૪૮.૮ | ૫૪.૨ | ૧૫.૯ |
| ઉત્તરપ્રદેશ | ૩૩.૭ | ૨૩.૪ | ૧૩.૨ |
| પશ્ચિમબંગાળ | ૨૩.૯ | ૫૨.૩ | ૧૪.૧ |
| ભારત | ૩૬.૭ | ૩૬.૮ | ૧૬.૨ |
| ત્રિપુરા | ૩૦.૨ | ૩૬.૮ | ૧૮.૭ |
| ઉત્તરાંચલ | ૩૬ | ૪૨.૮ | ૨૦.૧ |
| ઝારખંડ | ૪૧.૮ | ૩૬.૬ | ૧૪.૪ |

સ્રોત : એન.એફ.એચ.એસ. ૩

છેલ્લી ચાર સામાન્ય ચૂંટણીઓમાં સ્ત્રીઓ દ્વારા મતદાનનું પ્રમાણ ૫૧% થી ૫૯% જેટલું રહ્યું છે. તેમજ કેટલીક સ્ત્રી ઉમેદવારો પુરુષ ઉમેદવારો કરતાં વધુ સરસાઈથી વિજય મેળવી શકી છે. તેથી જાહેર નિર્ણાયીકરણમાં સ્ત્રીઓની ભાગીદારી ક્રમશઃ વધી રહી છે. તાજેતરમાં પરણેલી સ્ત્રીઓ નિર્ણયની પ્રક્રિયામાં ભાગ લઈ શકતી હોય તેની ટકાવારી ભારતની સરેરાશ કરતા ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વધુ છે. એકલા બહાર જવાની પરવાનગી મળતી હોય તેવી પરિસ્થિતિ આસામ, મેઘાલય અને નાગાલેન્ડ સિવાયના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ભારતીય સરેરાશ કરતાં વધારે છે. આસામ, મણીપુર, મિઝોરમ અને નાગાલેન્ડ સિવાયનાં ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પોતાનું બેંક ખાતું ધરાવતી હોય અને ઉપયોગમાં લેતી હોય તેવી સ્ત્રીઓની ટકાવારી સમગ્ર ભારતની ટકાવારી કરતા વધુ છે.

**ઉપસંહાર :**

ઉપરની ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે કેટલાક પરિમાણોમાં ઉત્તરપૂર્વીય રાજ્યોની સ્ત્રીઓની પરિસ્થિતિ ભારતના બીજા રાજ્યોની સરખામણીએ ચડિયાતી છે. ઉદાહરણ તરીકે, ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સ્ત્રીપુરુષ જાતિ દર ભારતીય સરેરાશ કરતા સારો છે. જો કે, સ્ત્રીઓમાં બાળ મૃત્યુ દરનું પ્રમાણ આસામમાં સહુથી વધુ છે. તે જ રીતે આ રાજ્યોમાં શિક્ષણ દર ઊંચો છે, પરંતુ તેની સાથે શાળા છોડી જનાર બાળકોનો દર આ રાજ્યોમાં નબળી પરિસ્થિતિનું સૂચન કરે છે. આસામ અને નાગાલેન્ડમાં સ્ત્રી શિક્ષણ દર સરેરાશ કરતા ઊંચો છે. પણ, સ્ત્રીઓમાં શાળા પ્રવેશ દર આ રાજ્યોમાં ભારતીય સરેરાશ કરતા નીચો છે.

સમાજમાં સ્ત્રીઓને મજબૂત બનાવવા માટે સ્ત્રીની કામમાં ભાગીદારીનો દર મહત્ત્વનું પરિબળ બની રહ્યો છે. સ્ત્રીઓની વધુ રોજગારીને લીધે પાણીની પ્રાપ્યતા, આરોગ્યની સંભાળ, રોજગારી જેવી પ્રાથમિક જરૂરિયાતો સંતોષવી સરળ બની છે અને સાથે જ સત્તા અને અંકુશ, ઘરેલું હિંસા સામે રક્ષણ, સમાન વેતન જેવી ગૌણ બાબતો પ્રત્યે પણ સમાજ સભાન બન્યો છે. શું રસોઈ કરવી તેનો નિર્ણય, પોતાના માતાપિતા કે ભાઈબહેન સાથે રહેવાનો નિર્ણય, બહાર એકલા જવાની પરવાનગી, મિત્રોને હળવા-મળવાની છૂટ જેવા પાસા પણ મહત્ત્વના છે. ઘરેલું નિર્ણયમાં ભાગીદારીનો હક મળતો હોય તેવી સ્ત્રીઓનું પ્રમાણ ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં અન્ય રાજ્યોની સરખામણીએ અને ભારતીય સરેરાશ કરતા સારું છે. જો કે સ્ત્રીઓને એકલા બહાર જવાની પરવાનગી અને પોતાના બેંક ખાતાનો ઉપયોગ કરવાની દૃષ્ટિએ ઘણા ઉત્તરપૂર્વીય રાજ્યોમાં નકારાત્મક પરિસ્થિતિ જોવા મળે છે. આર્થિક વિકાસ એટલે સ્ત્રીપુરુષ સમાનતા હોય તેવું જરૂરી નથી. માત્ર ઉચ્ચ કક્ષાએ થતું નીતિઘડતર અને લોકોની માનસિકતામાં બદલાવ દ્વારા જ આ પરિસ્થિતિ નિવારી શકાય.

ભારતના કેટલાક ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સ્ત્રીઓની કામમાં ભાગીદારીનો દર સુધર્યો છે તેમ છતાં સ્ત્રીઓ કયા પ્રકારના કામમાં જોડાયેલી છે એ એક મોટો પ્રશ્ન છે. માત્ર ઉચ્ચ શિક્ષિત લોકોને જ સન્માનજનક કામોમાં જોડાવાની તક મળે છે. આમ, સ્ત્રીઓની પરિસ્થિતિ સુધારવા માટે સ્ત્રી વિકાસ અને સ્ત્રીપુરુષની સમાનતા અંગેના કાયદાઓ અને નીતિઓનું ઘડતર થવું જોઈએ. આવા કાયદા અને નીતિ અંગેની સભાનતા સ્ત્રીઓ કેળવી શકે તે માટે સામાજિક સહકાર પણ જરૂરી છે.

**લેખિકા પી.ડી. પંડ્યા મહિલા કોમર્સ કોલેજ, ઘોડાસર, અમદાવાદમાં અધ્યાપક છે.**

# ભારતના ઉત્તર-પૂર્વી રાજ્યની વિકાસયાત્રા

**પ્રા. મનુભાઈ બી. શાહ**



*સિક્કિમમાં ખાદ્ય-પરીક્ષણ, ડિસ્ટિલરી વૉટર, HMT ઘડિયાળો, રોલર ફ્લૉર મિલ (પૌષ્ટિક ખોરાક બનાવીને, શાળાના બાળકોને માટે 'યુનિસેફ' દ્વારા ૧૯૮૩થી એક ખાદ્ય-સંસાધન કારખાનું સ્થાપવામાં આવેલ છે.) વગેરે થોડાક ઉદ્યોગો અહીં કાર્યરત છે. ઉપરાંત હાથબનાવટનો કાગળ, લાકડા ઉપર નકશીકામ, શેતરંજીઓ બનાવવી, ચાંદીનાં અલંકારો, સિગારેટ, ચર્મ-ઉદ્યોગની ચીજવસ્તુઓ, ફળોમાંથી જામ, જેલી, રસ બનાવવાનાં તેમજ બેકરી-ઉદ્યોગની ચીજો બનાવવાના ઉદ્યોગો પણ વિકસ્યા છે. અહીં સીસુ, તાંબું અને જસત (બોક્સાઈટ) મુખ્ય ખનિજો પ્રાપ્ત થાય છે; તેથી ખાણ-ઉદ્યોગ પણ વિકસ્યો છે. સિક્કિમ મણિપાલ યુનિવર્સિટી ઑફ હેલ્થ, ગંગટોકમાં મેડિકલ એન્ડ ટેક્નોલૉજિકલ સાયન્સ કૉલેજો તથા ઈન્સ્ટિટ્યૂટો આવેલા છે.*

ભારતનાં ઉત્તર-પૂર્વી રાજ્યોમાં સિક્કિમ, આસામ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાનો સમાવેશ થાય છે. આ રાજ્યોની ઐતિહાસિક પૂર્વભૂમિકાની સાથે સાથે ત્યાંની સાહિત્યિક, કલાવિષયક અને સાંસ્કૃતિક વિકાસયાત્રાને અવલોકવાનો પ્રયાસ અત્યંત આવશ્યક છે.

**સિક્કિમ**

૧૬ મે, ૧૯૭૫ના રોજ સિક્કિમની પાર્લામેન્ટે ઠરાવ કરીને 'ભારતીય સંઘ'માં સ્થાન મેળવવા કરેલી અપીલને માન્ય રાખી. એ જ દિવસથી, તે ભારતનું ૨૨મું રાજ્ય બનેલું અને તેની રાજધાની ગંગટોક ચાલુ રખાઈ. ૭૦૯૬ ચો.કિમી. ક્ષેત્રફળ અને ૬,૦૭,૬૮૮ જનસંખ્યા ધરાવતું સિક્કિમનું રાજ્ય ઉત્તર, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ એમ ચાર જિલ્લાઓ ધરાવે છે. સૌથી મોટો જિલ્લો જનસંખ્યાની દૃષ્ટિએ પૂર્વી છે; જે ૨,૮૧,૨૯૩ વસતિ ધરાવે છે અને તેનું મુખ્ય મથક રાજધાની ગંગટોક છે, જ્યારે વિસ્તારની દૃષ્ટિએ ઉત્તરી જિલ્લો છે, જેનું ક્ષેત્રફળ ૪,૨૨૬ ચો.કિમી. છે. આમ તો સિક્કિમ (જે અગાઉ એક નાનકડો દેશ હતો.) એ હિમાલયની પૂર્વ તરફ આવેલું એક નાનું પર્વતીય રાજ્ય છે. તેની ઉત્તરે તિબેટ, પશ્ચિમમાં નેપાળ અને પૂર્વમાં ભૂતાન નામના દેશો આવેલા છે.

આ પહાડી રાજ્ય પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર છે અને વનરાજીઓથી રમણીય બન્યું છે ! અહીંના વનોમાં સાલ, સિંબા, વાંસ અને અન્ય વૃક્ષોનું ગીચ પ્રમાણ છે. કેટલાંક સર્વોત્તમ જંગલો આ રાજ્યના સૌથી ઉત્તર ભાગમાં - 'લચે-લુચંગ' વિસ્તારમાં આવેલા છે. હિમાલયનું ત્રીજા નંબરનું ઊંચું શિખર કાંચનજંઘાનો આરંભ અહીંથી જ થાય છે. અહીં રાજ્યમાંથી પસાર થતી તિસ્તા નદી અને તેની સહાયક નદીઓ બારેમાસ જળરાશિથી ભરપૂર હોવાથી, તેનાં નીર તેના કુદરતી સૌંદર્યમાં ઑર વધારો કરે છે.

સિક્કિમ રાજ્યમાં આર્કેડ નામના સેંકડો પ્રકારના ફૂલોના છોડ આવેલા છે; તેથી વનસ્પતિ-વિજ્ઞાનના તજજ્ઞો માટે તે 'સ્વર્ગ' સમાન છે. સમગ્ર ભારતભરના ૧/૩ ભાગની વનસ્પતિઓ અહીંથી પ્રાપ્ત થાય છે, જેની અંદાજે સંખ્યા ૫,૦૦૦થી પણ વધુ છે. અહીં સુંદર રંગબેરંગી પુષ્પોથી શોભતા ૪,૫૦૦ છોડ; ૩૬૨ ફર્ન અને એલ્ગી છોડ; ૫૮ પ્રાઈમલ અર્થાત્ વાંસની પ્રજાતિઓ; ૫૦૦ આર્કેડની પ્રજાતિઓ, ૩૬ રોકેન્ડ્રાનેની જાતિઓ અને ૧૧ ઓક વૃક્ષોની જાતિઓ નિહાળવા મળે છે. વનરાજીની સુંદરતાથી શોભતું આ રાજ્ય અતિમનોહર છે.

સસ્તન જીવોની સંખ્યા ૧૫૦ જેટલી છે, તો ૬૦૦ જેટલાં પંખીઓની જાતો, ૭૦૦ પ્રકારનાં પતંગિયાં અને ૮૦ જેટલાં સરિસૃપો નિહાળવા મળે છે. વૃક્ષો, વેલાઓ, લતાઓ, પર્ણો, પુષ્પો, પક્ષીઓ, પ્રાણીઓ અને લાલ પાંડા જેવા પશુઓને કારણે સિક્કિમનું રાજ્ય જાણે કે એક 'પ્રાણી સંગ્રહાલય' રૂપે નજરે પડે છે. અહીં યાક નામનું ભારવહન કરતું પ્રાણી, રાજ્ય-પશુરૂપે નજરે પડતું લાલ પાંડા, તિબેટિયન મિસટિફ અને દુર્લભ જોવા મળતી બ્લ્યૂ શીપ પણ અહીં જ જોવા મળે છે.

સિક્કિમ રાજ્યમાં વસતા લોકો મુખ્યત્વે લેપચા, ભૂટિયા અને તેને મળતી આવતી જાતિનાં લોકો તેમજ નેપાળી લોકો સવિશેષ છે. અહીંના લોકો લશ્કરી સેવાઓ તેમજ વૉચમેન તરીકેની સેવાઓમાં જોડાઈને રોજગારી મેળવે છે, જ્યારે બાકીના લોકો ખેતી, બગીચાની ખેતી, પશુપાલન તેમજ ઔદ્યોગિક કારખાનાઓમાં રોજગારી મેળવે છે.

સિક્કિમ રાજ્યની મુખ્ય કૃષિ-પેદાશ ઈલાયચી છે. કેમ કે ત્યાંની સ્થાનિક જમીન તથા આબોહવા તેને વધુ અનુકૂળ આવે છે. ઈલાયચી ઉપરાંત મકાઈ, જુવાર, ઘઉં અને જવ અહીંની મુખ્ય ખેત-પેદાશો છે, જ્યારે ફળોમાં સંતરાં, અને ચેરી પુષ્કળ થાય છે. બટાટા, રિંગણ, બક-હ્વીટ જેવી કંદમૂળ પ્રકારની શાકભાજી પણ અહીં થાય છે. રશિયા, જર્મની વગેરે દેશોમાં અહીંથી ઈલાયચી અને ચાની નિકાસ થાય છે. સિક્કિમના તેગી અને ક્યુજિંગ વિસ્તારોમાં ૫૦૦ એકર પહાડી-ભૂમિમાં પુષ્કળ ચાના બગીચાઓ આવેલા છે.

અહીં ખાદ્ય-પરીક્ષણ, ડિસ્ટિલરી વૉટર, HMT ઘડિયાળો, રોલર ફ્લૉર મિલ (પૌષ્ટિક ખોરાક બનાવીને, શાળાના બાળકોને માટે 'યુનિસેફ' દ્વારા ૧૯૮૩થી એક ખાદ્ય-સંસાધન કારખાનું સ્થાપવામાં આવેલ છે.) વગેરે થોડાક ઉદ્યોગો અહીં કાર્યરત છે. ઉપરાંત હાથબનાવટનો કાગળ, લાકડા ઉપર નકશીકામ, શેતરંજીઓ બનાવવી, ચાંદીનાં અલંકારો, સિગારેટ, ચર્મ-ઉદ્યોગની ચીજવસ્તુઓ, ફળોમાંથી જામ, જેલી, રસ બનાવવાનાં તેમજ બેકરી-ઉદ્યોગની ચીજો બનાવવાના ઉદ્યોગો પણ વિકસ્યા છે. અહીં સીસુ, તાંબું અને જસત (બોક્સાઇટ) મુખ્ય ખનિજો પ્રાપ્ત થાય છે; તેથી ખાણ-ઉદ્યોગ પણ વિકસ્યો છે. સિક્કિમ મણિપાલ યુનિવર્સિટી ઑફ હેલ્થ, ગંગટોકમાં મેડિકલ એન્ડ ટેક્નોલૉજિકલ સાયન્સ કૉલેજો તથા ઈન્સ્ટિટ્યૂટો આવેલા છે.

અહીંનો મુખ્ય વ્યવસાય પર્યટકોની સરભરા છે. પેમાયાંગ્ટસીથી યુક્સમ સુધી યુક્સમથી જોન્ગરી સુધીનો મુખ્ય માર્ગ બનાવવામાં આવતાં, પર્યટકોની સંખ્યા વધી છે; સાથે સાથે વિદેશી પ્રવાસીઓ માટે પરમીટ આપવાનાં નિયમો ખૂબ ઉદાર બનાવાયા છે. ઉપરાંત અહીંની પર્વતાળ રમણીય ભૂમિમાં આવેલા ઘાટો (રસ્તાઓ) - દચિલા, કિંગરીલા, ચોરત્રેન, એનઈમાલા, નાથુલા, જેલાપલા, સિંગલીલા વગેરે વિદેશી પ્રવાસીઓની અવરજવર માટે ખૂબ સાનુકૂળ છે.

અહીંનાં જોવાલાયક સ્થળોમાં પ્રાકૃતિક ઉદ્યાન બાખિમ, ત્રણ મહાન બૌદ્ધ ભિક્ષુઓનું મિલન સ્થળ ચાક્સૂય, ધુદ્દી મઠ, તાશિવિંગ મઠ, રૂમટેક બૌદ્ધ મઠ, ફોડોંગ મઠ, ડબડી, વાર્સે વગેરેનો સમાવેશ થાય છે. અહીં રવંગચેંદ જોંગ અર્થાત્ દેવરાલી રાષ્ટ્રીય પાર્કની મુલાકાત લેવા જેવી છે.

**અરૂણાચલ પ્રદેશ**

જે પ્રદેશ પહેલાં NEFA અર્થાત્ 'નોર્થ-ઈસ્ટ ફ્રન્ટીયર એજન્સી'ને નામે ઓળખાતો હતો, તેને ૧૯૪૮માં કેન્દ્ર સરકારના સીધા શાસન હેઠળ ૨૦ જાન્યુઆરી, ૧૯૭૨થી 'અરૂણાચલ પ્રદેશ' નામથી કેન્દ્રશાસિત પ્રદેશ અને ડિસેમ્બર, ૧૯૮૬થી એક અલગ રાજ્યના રૂપે અરૂણાચલ પ્રદેશ અસ્તિત્વમાં આવ્યું.

૮૩,૭૪૩ ચો.કિમી. વિસ્તાર અને ૩,૮૨,૬૧૧ની જનસંખ્યા ધરાવતા આ રાજ્યની રાજધાની **ઈટાનગર** છે. અને આ રાજ્યમાં ૧૬ જિલ્લાઓ આવેલા છે. વસ્તીની દૃષ્ટિએ પાઉમ પારે (જેમાં ઈટાનગર આવેલ છે) સૌથી મોટો જિલ્લો (વસ્તી : ૧,૭૬,૩૮૫) છે, જ્યારે સૌથી નાનો જિલ્લો અપર દિબાંગ ઘાટી (મુખ્ય મથક : અનિની) છે. ૧૪મી સદી પહેલાં ઈંટોમાંથી બનાવેલ કિલ્લા ઉપરથી ઈટાનગર નામ પડેલું છે, એ નોંધવું રહ્યું.

અરૂણાચલ પૂર્ણપણે પર્વતીય રાજ્ય છે. માત્ર આસામ રાજ્ય તરફનો તેનો ભાગ એ સમતળ મેદાનોનો બનેલો છે. આ રાજ્યમાં ૨/૩ ભાગમાં તો ગીચ જંગલો આવેલા છે. અહીં મુખ્યત્વે આદિવાસી જનજાતિઓ વસે છે અને તેમાં અદિ, નિશી, અપતાની, તગિન, મિશ્મી, ખમ્પટી, નોક્ટે, વાન્ચૂ, તંગશા, સિંગફૂ, મોંપા, શર્દૂકપેન, અકા વગેરે કબીલાઓ મુખ્ય છે.

અહીંની પ્રજાનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને અહીંના લોકો જંગલો સાફ કરી, તેની ફળદ્રુપ જમીનમાં 'ઝૂમ ખેતી' કરે છે. આથી સરકાર જંગલો સાફ કરીને કરાતી આ ઝૂમ ખેતી છોડી દે, તેવો આગ્રહ રાખે છે. અહીંની પહાડી પ્રજા ચોખા (ડાંગર), મકાઈ, ઘઉં અને સરસવ મુખ્યત્વે પકવે છે. ઉપરાંત આદુ, મરચાં, કપાસ તથા ફળોની ખેતીમાં અનાનાસ, સંતરા, લીંબુ, લીચી, પપૈયાં, કેળાં, જામફળ, બોર, નાસપતી, ચેરી, આડૂ, જૈતૂન અને બદામ પણ ખેતીમાં પકવે છે.

અરૂણાચલ પ્રદેશ રાજ્યમાં થતી મુખ્ય ખનિજોમાં કોલસો, ખનિજ તેલ, ડોલેમાઇટ, ચૂનાના પથ્થરો સવિશેષ છે. અહીં કોલસાની ખૂબ જ ખાણો આવેલી છે. રાજ્યમાં ઉદ્યોગો મુખ્યત્વે જંગલ-પેદાશો પર આધારિત છે. ઉપરાંત સુતરાઉ કાપડનું વણાટકામ એ ગૃહઉદ્યોગ જોવા મળે છે. આ સિવાય ફળોના રસ, જામ, જેલી વગેરે બનાવવાના ઉદ્યોગો, સાબુ, મીણબત્તી, સરસવમાંથી તેલની મિલો તેમજ લાકડાં વહેરવાના ઉદ્યોગ આ રાજ્યમાં ખાસ જોવા મળે છે. ઠંડી આબોહવા અને પહાડી પ્રદેશ હોવાથી હસ્તકલા-કારીગરીનાં ઉદ્યોગો ખાસ વિકસ્યા છે; જેમ કે આરા મિલો, પ્લાયવુડ અને મુલમ્મા, ચોખા છડવાની મિલો, ફળ-પરીક્ષણ અને ધાતુ પર નકશીકામના ઉદ્યોગો અહીં સવિશેષ નિહાળવા મળે છે.

અહીં ગેંડો નામનું પશુ એ રાજ્ય આશ્રિત છે અને હાર્નબિલ પંખી એ રાજ્યનું સત્તાવાર પક્ષી છે. અહીંના જોવાલાયક સ્થળોમાં ઈટાનગરના પ્રાચીન કિલ્લાના અવશેષો, તવાંગનો પ્રાચીન બૌદ્ધ મઠ, મલિનિતન અને વિસ્માક નગરના પુરાતત્ત્વીય કેન્દ્રો અને નન્દપા વન્યજીવન વિહાર વગેરેનો સમાવેશ કરી શકાય.

**લેખક બી.ડી. આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ ફોર ગર્લ્સ અમદાવાદના નિવૃત્ત પ્રાધ્યાપક છે. તેઓએ ૪૫ વર્ષ સુધી અધ્યાપન કાર્ય કર્યું છે.**

# ઉત્તર-પૂર્વમાં જનસંખ્યાના વલણો

તુષાર હાથી



*કોઈપણ વિસ્તારના વિકાસ માટેનું એક અતિ મહત્ત્વનું પાસું તે તેની જનસંખ્યા છે. જનસંખ્યાનું પ્રમાણ, જનસંખ્યાનું સ્વરૂપ, જન સંખ્યાનું પ્રવૃત્તિ પ્રમાણે વિભાજન, વયજૂથ વિભાજન વગેરે પાસાંઓ જે તે પ્રદેશના કુલ વિકાસમાં નિર્ણાયક બળ છે. વિકાસના વિજ્ઞાનમાં જનસંખ્યાને માનવમૂડી તરીકે ઓળખવામાં આવે છે. કોઈપણ પ્રદેશ તેની કુલવસ્તીનું માનવમૂડી સ્વરૂપે કેટલા પ્રમાણમાં રૂપાંતર કરી શકે, તેના ઉપર તે પ્રદેશના વિકાસનો વિશેષ આધાર જોવા મળે છે. આ સંદર્ભમાં ઉત્તર પૂર્વના પ્રાંતોનું રાષ્ટ્રીય સંદર્ભમાં પૃથ્થકરણ કરવું રસપ્રદ બની રહે છે.*

ભારત વર્ષમાં જે ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે તેની એક અનેરી તાસીર એક નવું જ સ્વરૂપ ભારતના ઉત્તર-પૂર્વના પ્રાંતોમાં જોવા મળે છે. આ પ્રાંતોને ઉત્તર પૂર્વના નામે ઓળખવામાં આવે છે. જે મોટા ભાગે ભારતની પૂર્વ સરહદ સાથે જોડાયેલા છે. સિમાંકનના સંદર્ભમાં ભારતના બે પડોશી દેશો ભૂતાન અને બાંગ્લાદેશની વચ્ચે એક સાંકડી પટ્ટીમાં ભારતની સીમાએ આ પ્રાંતો આવેલા છે. ઘણી વખત સાત ભગીની તરીકે ઓળખવામાં આવ્યા. જેમાં અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ અને ત્રિપુરાનો પ્રથમ સમાવેશ થયો હતો. અને પાછળથી હિમાલયનો એકનો એક ભાગ સિક્કિમ પણ ઉમેરવામાં આવ્યો છે.

વ્યૂહાત્મક દૃષ્ટિએ આ પ્રાંતો ભારતને માટે ખૂબ જ મહત્ત્વનું છે અને પડકારરૂપ છે. આ વિસ્તાર અંશતઃ ત્રાસવાદીઓના હુમલાના સંદર્ભે પડકારરૂપ બને છે. ખાસ કરીને આસામ બોડો અને નાગાલેન્ડમાં કેટલાક વિસ્તાર અલગતાવાદી વલણ ધરાવતા હોવાથી વિશેષ સાવધાની માંગી લે છે. આ વિસ્તારોમાં તિબેટો બર્મરને લગતી એવી ભાષાનું મહત્ત્વ વધારે જોવા મળે છે. વિસ્તારની દૃષ્ટિએ ભારતના કુલ વિસ્તારનો લગભગ ૮ ટકા હિસ્સો ઉત્તરપૂર્વનો ગણાવી શકાય અને ૨૦૧૧ પ્રમાણે ભારતની કુલ જન સંખ્યામાં ઉતર પૂર્વનો હિસ્સો લગભગ પોણાચાર ટકા ગણાવી શકાય.

કોઈપણ વિસ્તારના વિકાસ માટેનું એક અતિ મહત્ત્વનું પાસું તે તેની જનસંખ્યા છે. જનસંખ્યાનું પ્રમાણ, જનસંખ્યાનું સ્વરૂપ, જન સંખ્યાનું પ્રવૃત્તિ પ્રમાણે વિભાજન, વયજૂથ વિભાજન વગેરે પાસાંઓ જે તે પ્રદેશના કુલ વિકાસમાં નિર્ણાયક બળ છે. વિકાસના વિજ્ઞાનમાં જનસંખ્યાને માનવમૂડી તરીકે ઓળખવામાં આવે છે. કોઈપણ પ્રદેશ તેની કુલવસ્તીનું માનવમૂડી સ્વરૂપે કેટલા પ્રમાણમાં રૂપાંતર કરી શકે, તેના ઉપર તે પ્રદેશના વિકાસનો વિશેષ આધાર જોવા મળે છે. આ સંદર્ભમાં ઉતર પૂર્વના પ્રાંતોનું રાષ્ટ્રીય સંદર્ભમાં પૃથ્થકરણ કરવું રસપ્રદ બની રહે છે. (કોષ્ટક-૧)

કોષ્ટક-૧માં દર્શાવેલ છે તે મુજબ ભારતની જનસંખ્યામાં ૧૯૬૧ થી ૨૦૧૧ દરમિયાન દાયકાના વૃદ્ધિદરમાં ચઢાવ- ઉતાર જોવા મળેલ છે. ૨૦૦૧ થી ૨૦૧૧ દરમિયાન તો જનસંખ્યા વૃદ્ધિદર છેલ્લા ૬૦ વર્ષમાં સહુથી ઓછો નોંધાયેલ છે. ભારતની કુલ જનસંખ્યાના સંદર્ભમાં ઉત્તરપૂર્વના પ્રાંતો નગણ્ય

**કોષ્ટક-૧**

**ઉત્તર પૂર્વીય પ્રાંતોની જનસંખ્યા ૧૯૬૧ થી ૨૦૧૨ (મિલિયનમાં)**

| પ્રાંત | ૨૦૧૧ | દાયકાનો વૃદ્ધિદર (૨૦૦૧ થી ૧૧) | ૨૦૦૧ | દાયકાનો વૃદ્ધિદર (૯૧ થી ૦૧) | ૧૯૯૧ | દાયકાનો વૃદ્ધિદર (૭૧ થી ૮૧) | ૧૯૮૧ | દાયકાનો વૃદ્ધિદર (૭૧ થી ૮૧) | ૨૦૦૧ | દાયકાના વૃદ્ધિદર (૬૧ થી ૭૧) | ૧૯૬૧ | દાયકાના વૃદ્ધિદર (૫૧ થી ૬૧) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભારત | ૧૨૧૦.૧૯ | (૧૩.૬) | ૧૦૨૮.૩૪ | ૨૧.૫ | ૮૪૬.૩૯ | ૨૩.૯ | ૬૮૩.૮૩ | ૨૪.૦૭ | ૫૪૮.૧૬ | ૨૪.૮ | ૪૩૯.૨૩ | ૨૧.૬ |
| અરૂણાચલ | ૧.૩૮ | (૨૫.૭) | ૧.૧૦ | ૨૭.૨ | ૦.૮૭ | ૩૬.૯ | ૦.૬૩ | ૩૫.૦ | ૦,૪૭ | ૩૮.૯ | ૦.૩૪ | - |
| આસામ | ૩૧.૧૩ | (૧૬.૯) | ૨૬.૬૬ | ૧૮.૯ | ૨૨.૪૧ | ૨૪.૨ | ૧૮.૦૪ | ૨૩.૭ | ૧૪.૬૩ | ૩૫.૦ | ૧૦.૮૪ | ૩૫.૦ |
| મણિપુર | ૨.૭૨ | (૧૮.૯) | ૨.૨૯ | ૨૪.૯ | ૧.૮૪ | ૨૩ | ૧.૪૨ | ૩૨.૪ | ૧.૦૭ | ૩૭.૬ | ૦.૭૮ | ૩૪.૯ |
| મેઘાલય | ૨.૯૬ | (૨૭.૮) | ૨.૩૨ | ૩૦.૭ | ૧.૭૮ | ૩૨.૯ | ૧.૩૪ | ૩૨.૦ | ૧.૦૧ | ૩૧.૬ | ૦.૭૭ | ૨૬.૯ |
| મિઝોરમ | ૧.૦૯ | ૨૨.૬ | ૦.૮૯ | ૨૮.૮ | ૦.૬૯ | ૩૯.૭ | -૦.૪૯ | ૪૮.૮ | ૦.૩૩ | ૨૪.૮ | ૦.૨૭ | ૩૫.૬ |
| નાગાલેન્ડ | ૧.૯૮ | -૦.૫ | ૧.૯૯ | ૬૪.૫ | ૧.૨૧ | ૫૬.૧ | ૦.૭૮ | ૫૦.૨ | ૦.૫૨ | ૩૯.૮ | ૦.૩૭ | ૭૩.૨ |
| સિક્કિમ | ૦.૬૧ | ૧૨.૪ | ૦.૫૪ | ૩૩.૩ | ૦.૪૧ | ૨૮.૫ | ૦.૩૨ | ૫૦.૫ | ૦.૨૧ | ૨૯.૬ | ૦.૧૬ | ૧૭.૪ |
| ત્રિપુરા | ૩.૬૭ | ૧૪.૭ | ૩.૨૦ | ૧૬.૦ | ૨.૭૬ | ૩૪.૨ | ૨.૦૩ | ૩૧.૭ | ૧.૫૬ | ૩૬.૬ | ૧.૧૪ | ૭૮.૭ |
| | ૪૫.૫૮ | | ૩૮.૯૯ | | ૩૨.૦૭ | | ૨૫.૫૮ | | ૨૦.૨૦ | | ૧૪.૬૭ | |

ગણાવી શકાય તેમ છે. ૧૯૬૧ થી ૨૦૧૧ દરમિયાન ઉત્તરપૂર્વનું કુલ જનસંખ્યાનું ટકાવારી પ્રમાણ ભારતના સંદર્ભમાં ૩.૧૯%, ૩.૬૫%, ૩.૬૬%, ૩.૭૮%, ૩.૬૯% અને ૩.૭૨% નોંધાયેલ છે.

ઉત્તરપૂર્વના ૭ પ્રાંતો પૈકી આસામ સહુથી વધુ જનસંખ્યા ધરાવે છે. આસામની જનસંખ્યામાં દાયકાના વૃદ્ધિદરમાં એકંદરે ઘટાડાનું વલણ જોવા મળેલ છે. છેલ્લા દાયકામાં નાગાલેન્ડમાં નકારાત્મક વૃદ્ધિદર નોંધાયેલ છે જ્યારે સિક્કિમ અને ત્રિપુરાનો વૃદ્ધિદર પ્રમાણમાં ઓછો રહ્યો છે. જ્યારે મેઘાલય તથા મિઝોરમમાં છેલ્લા દાયકાથી જનસંખ્યામાં વૃદ્ધિદર પ્રમાણમાં ખૂબ વધારે રહ્યો છે. ઉલ્લેખનીય છે કે મેઘાલય અને મિઝોરમમાં પ્રત્યેક દાયકા દરમિયાન વૃદ્ધિદર ઊંચો જોવા મળેલ છે.

કુલ જનસંખ્યાના સંદર્ભમાં ઈ.સ. ૨૦૧૧ની છેલ્લી ગણતરીને ધ્યાનમાં લઈએ તો સમગ્ર ભારતમાં શહેરી જનસંખ્યાની ટકાવારી ૩૧.૨ છે. જ્યારે ઉત્તરપૂર્વના પ્રાંતોમાં શહેરી જનસંખ્યાની ટકાવારી ૫.૩૫ મિલિયન (૧૦.૯૮%) જ નોંધાયેલ છે. રાષ્ટ્રીય આંક કરતા ઉત્તરપૂર્વના મિઝોરમને બાદ કરતા કોઈપણ પ્રાંતની શહેરી જનસંખ્યાનો આંક ઊંચો નથી. મિઝોરમમાં આ આંક ૫૨ ટકા જેટલો ઊંચો છે. ભારતના રાજ્યોમાં મિઝોરમમાં શહેરી જનસંખ્યાનું ૩ ટકાવારી પ્રમાણ ગોવા પછી બીજા ક્રમે છે.

ઉત્તર પૂર્વના પ્રાંતોમાં દર હજાર પુરુષોએ મહિલાઓનું પ્રમાણ ભારતીય આંક ૯૪૦ કરતા ૫ પ્રાંતોના વધારે જોવા મળ્યું છે જ્યારે સિક્કિમ અને અરૂણાચલમાં આ પ્રમાણ ભારતીય આંક કરતા ઓછું નોંધાયેલ છે. અલબત્ત છેલ્લા ૩ દાયકાના વલણો પ્રત્યેક પ્રાંતમાં સતત સુધારો સૂચવે છે. જે ઉલ્લેખનીય છે.

ઉત્તરપૂર્વના પ્રાંતોને વ્યૂહાત્મક વિકાસમાં નબળા ગણવામાં આવે છે, પરંતુ જો અક્ષરજ્ઞાનના પ્રમાણને ધ્યાનમાં લેવામાં આવે તો ઉત્તરપૂર્વના ૫ પ્રાંતો રાષ્ટ્રીય સાક્ષરતા દર કરતા વધારે આંક ધરાવે છે, એટલું જ નહિ ભારતના વિકસિત પ્રાંતોની લગભગ લગોલગ જોવા મળે છે. અરૂણાચલ-આસામ પ્રમાણમાં પાછળ છે પરંતુ ભારતના સામાન્ય શ્રેણીનું પછાત રાજ્યોની સરખામણીમાં તો આ બે પ્રાંતો પણ સારી સ્થિતિમાં છે. પુરુષ અને મહિલાઓના અક્ષરજ્ઞાન પ્રમાણ વચ્ચેનો તફાવત રાષ્ટ્રીય કક્ષાએ ઈ.સ. ૨૦૧૧માં ૧૬.૬ ટકાનો છે. જ્યારે ઉત્તરપૂર્વના સાતેય પ્રાંતોમાં આ તફાવતનું પ્રમાણ રાષ્ટ્રીય આંક કરતા ઓછું છે એટલે કે મહિલાઓના અક્ષરજ્ઞાનના સંદર્ભમાં પણ આ પ્રાંતો પ્રગતિશીલ જોવા મળે છે. મિઝોરમ-મેઘાલય જેવા પ્રાંતોમાં તો આ તફાવત ઘણો ઓછો જોવા મળેલ છે. છેલ્લા દાયકા દરમિયાન રાષ્ટ્રીય સાક્ષરતામાં જે વૃદ્ધિ જોવા મળેલ છે તેની સરખામણીમાં આ વૃદ્ધિનું પ્રમાણ સાત પૈકી પાંચ પ્રાંતોમાં વધારે નોંધાયું છે.

### કોષ્ટક-૨
### ઉત્તરપૂર્વમાં બાળ વસતિનું ટકાવારી પ્રમાણ
### ઉત્તરપૂર્વમાં સાક્ષરતા (૨૦૦૧ તથા ૨૦૧૧)

| પ્રાંત | ૨૦૦૧ | | | ૨૦૧૧ | | |
|---|---|---|---|---|---|---|
| | કુલ | પુરુષ | મહિલા | કુલ | પુરુષ | મહિલા |
| ભારત | ૧૫.૯૩ | ૧૫.૯૭ | ૧૫.૮૮ | ૧૩.૧૨ | ૧૩.૩૦ | ૧૨.૯૩ |
| અરૂણાચલ | ૧૮.૭૫ | ૧૮.૦૮ | ૧૯.૫૦ | ૨૪.૬૬ | ૧૪.૩૬ | ૧૫.૦૫ |
| આસામ | ૧૬.૮૩ | ૧૬.૬૨ | ૧૭.૧૫ | ૧૪.૪૭ | ૧૪.૪૫ | ૧૪.૫૦ |
| મણિપુર | ૧૪.૨૩ | ૧૪.૩૫ | ૧૪.૧૦ | ૧૨.૯૮ | ૧૩.૩૪ | ૧૨.૬૧ |
| મેઘાલય | ૨૦.૧૮ | ૨૦.૧૭ | ૨૦.૧૯ | ૧૮.૭૫ | ૧૮.૯૧ | ૧૮.૬૦ |
| મિઝોરમ | ૧૬.૧૮ | ૧૫.૯૪ | ૧૬.૪૩ | ૧૫.૧૭ | ૧૫.૨૦ | ૧૫.૯૪ |
| નાગાલેન્ડ | ૧૪.૫૬ | ૧૪.૦૯ | ૧૫.૦૮ | ૧૪.૪૪ | ૧૪.૩૪ | ૧૪.૫૪ |
| સિક્કિમ | ૧૪.૪૬ | ૧૭.૮૧ | ૧૫.૨૦ | ૧૦.૦૫ | ૯.૭૭ | ૧૦.૩૭ |
| ત્રિપુરા | ૧૬.૬૪ | ૧૩.૫૨ | ૧૩.૭૭ | ૧૨.૧૦ | ૧૧.૧૫ | ૧૨.૦૪ |

કોષ્ટક સ્પષ્ટ કરે છે કે ભારતમાં અને ઉત્તરપૂર્વના બધા જ પ્રાંતોમાં ૨૦૦૧ની સરખામણીમાં ૨૦૧૧માં બાળવસતિનું ટકાવારી પ્રમાણ ઘટવા પામ્યું છે. ઉત્તરપૂર્વના ૭ પ્રાંતો પૈકી ૨૦૧૧ની જનસંખ્યામાં બાળ વસતિનું ટકાવારી પ્રમાણ સિક્કિમમાં સહુથી ઓછું અને મેઘાલયમાં સહુથી વધુ નોંધાયેલ છે. ૨૦૧૧ પ્રમાણે બાળવસતિનું ટકાવારી પ્રમાણ ભારતીય આંક કરતા ઉત્તરપૂર્વના મણિપુર, સિક્કિમ અને ત્રિપુરામાં તે આંક ઓછો જોવા મળે છે.

અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ તથા સિક્કિમમાં ૨૦૧૧માં બાળવસતિમાં કુમારની સરખામણીમાં કન્યાઓનું ટકાવારી પ્રમાણ થોડું વધારે નોંધાયેલ છે.

દાયકાના તફાવતને ધ્યાનમાં લઈએ તો પણ સિક્કિમમાં બાળવસતિના ટકાવારી પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે.

બાળજન્મના ટકાવારી પ્રમાણે જેમ ધ્યાનમાં લઈએ છીએ તેમ જો બાળમૃત્યુના પ્રમાણને પણ ધ્યાનમાં લેવું જરૂરી છે. ઈ.સ. ૨૦૧૧ના અધિકૃત અહેવાલ પ્રમાણે સમગ્ર ભારતમાં બાળમૃત્યુનું પ્રમાણ દર હજારે ૪૨નું નોંધાયેલું હતું. ભારતના આ આંકની સાથે ઉત્તરપૂર્વના પ્રાંતોમાં અરૂણાચલમાં આ પ્રમાણ ૩૩, આસામમાં ૫૫, મણિપુર-૧૦, મેઘાલય-૪૯, મિઝોરમ-૩૫, નાગાલેન્ડ-૧૮, સિક્કિમ-૨૪ તથા ત્રિપુરામાં ૨૮ નોંધાયેલ હતું. આમ એકંદરે આસામ તથા મેઘાલયને બાદ કરતા બાળમૃત્યુના સંદર્ભે બાકીના પ્રાંતોમાં ભારતીય આંક કરતા ઘણો સુધાર જોવા મળેલ છે. મણિપુર બાળમૃત્યુના સંદર્ભમાં સમગ્ર ભારતમાં ગોવાની સાથે સમગ્ર ભારતમાં સહુથી નીચા પ્રમાણ સાથે મોખરે છે. જ્યારે આસામનું બાળમૃત્યુનું પ્રમાણ મધ્યપ્રદેશ - ૫૬ને બાદ કરતા ભારતમાં સહુથી વધુ જોવા મળેલ છે. બાળમૃત્યુને જો કુમાર/કન્યાના સંદર્ભમાં તપાસવામાં આવે તો કન્યાઓમાં મૃત્યુનું પ્રમાણ કુમાર કરતા વધારે નાગાલેન્ડ તથા સિક્કિમમાં નોંધપાત્ર છે. અલબત્ત એકંદર ભારત તેમજ ઉત્તરપૂર્વના પ્રાંતોમાં કુમારના મૃત્યુ કરતા કન્યાઓના મૃત્યુનું પ્રમાણ વધારે નોંધાયેલ છે. આ સંદર્ભમાં મણિપુરમાં આ તફાવત પણ માત્ર ૧નો જ છે.

**શ્રમ હિસ્સેદારી**

ભારતના જનગણના વિભાગ દ્વારા કુલ જનસંખ્યા પૈકી કામ કરી શકે તેવી જનસંખ્યા અને તે પૈકી ખરેખર કેટલા શ્રમિકો આર્થિક પ્રવૃત્તિઓમાં હિસ્સેદાર છે તેની પણ ગણના કરવામાં આવે છે. જનસંખ્યાના સંદર્ભમાં આ બહુ મોટી ઉપયોગી આર્થિક ગણત્રી છે જેના દ્વારા વસવાટ, જાતિના સંદર્ભમાં આર્થિક પ્રવૃત્તિ ક્ષેત્રોનું માપન પણ જાણવા મળે છે. સમગ્ર દેશમાં અને દેશના વિવિધ પ્રાંતોમાં ખરેખર શ્રમની હિસ્સેદારીનું ટકાવારી પ્રમાણ પુરુષ અને મહિલાઓમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં - કુલ કામદારો પૈકી મુખ્ય સીમાંત કામદારો કેટલા તે પૈકી ખેડૂત કેટલા ? ખેતમજૂર કેટલા ? ઘરગથ્થુ ક્ષેત્રમાં કેટલા તથા અન્ય ઉદ્યોગોમાં કેટલા તેના આંક કાઢવામાં આવે છે જે શ્રમ અર્થકારણનો સ્પષ્ટ સુરેખ પ્રાથમિક પરિચય આપે છે. આ સંદર્ભમાં ઈ.સ. ૨૦૦૧ તથા ઈ.સ. ૨૦૧૧માં એકંદર ભારત તથા ઉત્તરપૂર્વના રાજ્યોમાં કેવા વલણો જોવા મળ્યા છે તેની વિગતો નીચેના કોષ્ટકથી પ્રાપ્ત થશે.

**કોષ્ટક-૩**
**ગ્રામ્ય-શહેરી વિસ્તારમાં શ્રમહિસ્સેદારી દર**

| પ્રાંત | ૨૦૦૧ | | | ૨૦૧૧ | | |
|---|---|---|---|---|---|---|
| | કુલ | પુરુષ | મહિલા | કુલ | પુરુષ | મહિલા |
| ભારત | ૩૯.૧ | ૪૧.૭ | ૩૨.૩ | ૩૯.૮ | ૪૧.૮ | ૩૫.૩ |
| અરૂણાચલ | ૪૪.૦ | ૪૬.૨ | ૩૫.૫ | ૪૨.૫ | ૪૪.૧ | ૩૭.૦ |
| આસામ | ૩૫.૮ | ૩૬.૨ | ૩૩.૨ | ૩૮.૪ | ૩૮.૭ | ૩૬.૪ |
| મણિપુર | ૪૩.૬ | ૪૫.૫ | ૩૮.૬ | ૪૫.૧ | ૪૬.૯ | ૪૧.૪ |
| મેઘાલય | ૪૧.૮ | ૪૪.૧ | ૩૨.૫ | ૪૦.૦ | ૪૧.૦ | ૩૫.૬ |
| મિઝોરમ | ૫૨.૬ | ૫૭.૧ | ૪૭.૯ | ૪૪.૪ | ૪૮.૦ | ૪૧.૦ |
| નાગાલેંડ | ૪૨.૬ | ૪૫.૦ | ૩૧.૦ | ૪૯.૨ | ૪૪.૦ | ૩૭.૪ |
| સિક્કિમ | ૪૮.૬ | ૪૯.૭ | ૪૦.૨ | ૫૦.૫ | ૫૩.૩ | ૪૧.૨ |
| ત્રિપુરા | ૩૬.૨ | ૩૭.૦ | ૩૨.૫ | ૪૦.૦ | ૪૧.૧ | ૩૬.૦ |

ઈ.સ. ૨૦૦૧ તથા ઈ.સ. ૨૦૧૧માં રાષ્ટ્રીય કક્ષાએ શ્રમ હિસ્સેદારીમાં સતત સુધારો નોંધાયો છે. મિઝોરમને બાદ કરતા ઉત્તરપૂર્વના અન્ય પ્રાંતોમાં પણ તેવું વલણ જોવા મળેલ છે. આસામ તથા આ સંદર્ભમાં ભારતીય આંક કરતા પણ બંને દાયકામાં પાછળ છે જયારે ત્રિપુરાએ ૨૦૦૧ની સરખામણીએ ૨૦૧૧માં ઉલ્લેખનીય પ્રગતિ કરેલ છે.

સમગ્ર ભારતમાં નોંધાયેલા કુલ કામદારો પૈકી મુખ્ય કામદારોનું પ્રમાણ ૨૦૦૧માં ૭૭.૮ ટકા હતું જે ઘટીને ઈ.સ. ૨૦૧૧માં ૭૫.૨ ટકા નોંધાયું છે. મુખ્ય કામદારોમાં જોવા મળેલ આ ઘટાડો ગ્રામ્યવિસ્તારમાં શહેરી વિસ્તાર કરતા થોડો વધુ જોવા મળેલ છે. આ ચિત્ર ભારતના સંદર્ભમાં ઉત્તરપૂર્વના પ્રાંતોમાં તપાસીએ તો ઉત્તરપૂર્વના પ્રાંતોનું ચિત્ર નીચેના કોષ્ટકમાં દર્શાવેલ મુજબ જોવા મળેલ હતું.

**કોષ્ટક-૪**
**ઉતર પૂર્વમાં મુખ્ય કામદારોનું પ્રમાણ**

| | ઈ.સ. ૨૦૦૧ | ઈ.સ. ૨૦૧૧ | દાયકાનો તફાવત |
|---|---|---|---|
| ભારત | ૭૭.૮ | ૭૫.૨ | -૨.૬ |
| અરૂણાચલ | ૮૫.૯ | ૮૧.૫ | -૪.૫ |
| આસામ | ૭૪.૬ | ૭૨.૬ | -૨.૦ |
| મણીપુર | ૬૯.૮ | ૭૩.૮ | ૪.૦ |
| મેઘાલય | ૭૮.૦ | ૭૭.૭ | -૦.૩ |
| મીઝોરમ | ૭૭.૬ | ૮૫.૩ | +૭.૭ |
| નાગાલેંડ | ૮૩.૦ | ૭૬.૧ | -૬.૯ |
| સીકકીમ | ૮૦.૯ | ૭૪.૮ | -૬.૧ |
| ત્રિપુરા | ૭૮.૭ | ૭૩.૩ | -૫.૪ |

૨૦૦૧ તથા ૨૦૧૧ના ચિત્રને તપાસતા એવું સ્પષ્ટ જોવા મળે છે કે, દાયકા દરમિયાન રાષ્ટ્રીય કક્ષાએ મુખ્ય કામદારોના પ્રમાણમાં જે તફાવત જોવા મળેલ છે તેની સરખામણીમાં ઉત્તરપૂર્વના આસામને બાદ કરતા અન્ય તમામ પ્રાંતોમાં આ તફાવત ઘણો વધારે જોવા મળેલ છે. મિઝોરમ તથા મણિપુરમાં આ વલણ વિપરિત એટલે કે વૃદ્ધિનું જોવા મળેલ છે જયારે બાકીના પ્રાંતોમાં આ વલણ નકારાત્મક જોવા મળેલ છે.

સ્વાભાવિક રીતે જ જયાં મુખ્ય કામદારોનું પ્રમાણ ઘટ્યું છે ત્યાં તેટલા પ્રમાણમાં સિમાંત કામદારોનું પ્રમાણ વધેલું હોય. પ્રાંતોમાં સિમાંત કામદારોમાં થતી વૃદ્ધિ જે તે વિસ્તારમાં કામદારોની આર્થિક અસ્થિરતા, અનિશ્ચિતતાનો નિર્દેશ કરે છે.

રાષ્ટ્રીય અર્થકારણમાં મુખ્ય કામદારોનું પ્રમાણ નહિ પરંતુ કામનું સ્વરૂપ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. અર્થકારણમાં મુખ્ય કે સિમાંત કામદારો કયા ક્ષેત્રમાંથી રોજી મેળવે છે ? આજીવિકાનો આધાર કયા ક્ષેત્ર ઉપર છે ? તે જાણવું-તપાસવું પણ મહત્ત્વનું છે.

વૈશ્વિક સ્તરે જેમ ખેડૂતનું પ્રમાણ ઘટતું જાય છે તેવી જ રીતે સમગ્ર ભારતમાં અને ઉત્તરપૂર્વના સઘળા પ્રાંતોમાં પણ પ્રત્યક્ષ રીતે ખેડૂતની સંખ્યા ઘટતી જાય છે. આ ઘટાડાનો દર ભારતમાં જે જોવા મળે છે, (-૭.૧) તેની સરખામણીમાં

ઉત્તરપૂર્વ પૈકી નાગાલેન્ડમાં (-૯) સિક્કિમમાં (-૧૧.૧) તથા મિઝોરમમાં (-૭.૭)નો જોવા મળેલ છે. તો મણિપુરમાં પ્રત્યક્ષ ખેડૂતોના પ્રમાણમાં નજીવો માત્ર (-૦.૭) નો જ ઘટાડો નોંધાયો છે. ખેડૂતોની રકમમાં ઘટાડો થયો છે પરંતુ ખેતમજૂરની સંખ્યામાં રાષ્ટ્રીય કક્ષાએ (+૩.૫ ટકા)નો વધારો નોંધાયો છે. જ્યારે ઉત્તરપૂર્વના પ્રાંતો પૈકી મણિપુર તથા મેઘાલયમાં વિપરિત ખેતમજૂરમાં ઘટાડાનું વલણ નોંધાયેલ છે. મિઝોરમ તથા નાગાલેન્ડમાં (+૨.૮૨)નો વધારો નોંધાયો છે.

આર્થિક પ્રવૃત્તિના સંદર્ભમાં ઘરગથ્થુ ધંધામાં રોકાયેલ કામદારોનું ટકાવારી પ્રમાણ સમગ્ર ભારતમાં નહિવત્ છે તો ઉત્તરપૂર્વના પ્રાંતો પૈકી મણિપુરને બાદ કરતા અન્ય પ્રાંતોમાં પણ તે નહિવત્ જોવા મળેલ છે. જ્યારે અન્ય ઉદ્યોગ ક્ષેત્રે રોકાયેલા કામદારોનું કુલ પ્રમાણ એકંદર ભારતમાં દાયકા દરમિયાન વધીને ૩૭.૬ થી ૪૧.૬ નોંધાયેલ છે, ઉત્તરપૂર્વના પ્રાંતો પૈકી સિક્કિમ તથા ત્રિપુરા આ સંદર્ભમાં વિશેષ ધ્યાન ખેંચે છે. દાયકા દરમિયાન આ પ્રાંતોમાં અનુક્રમે (+૯.૮ ટકા) તથા (+૬.૮ ટકા) વધેલ છે.

સમગ્ર રીતે કામદારોનું ક્ષેત્રીય વિભાજન તપાસતા ખેતીક્ષેત્રનું પ્રભુત્વ ઘટતું હોવા છતા કુલ પ્રમાણ વધારે જોવા મળે છે. ઉત્તરપૂર્વના પ્રાંતો પૈકી સિક્કિમ ત્રિપુરાને બાદ કરતા બધા જ પ્રાંતોમાં ખેડૂત અને ખેતમજૂરોનું કુલ ટકાવારી પ્રમાણ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે, રાષ્ટ્રીય આંક કરતા અરૂણાચલ, નાગાલેન્ડ, આસામ, મેઘાલયમાં આ પ્રમાણ ઘણું વધારે છે જે પરોક્ષ રીતે ઉત્તરપૂર્વના પ્રાંતોમાં આર્થિક સંદર્ભમાં મર્યાદિત વૈવિધ્યનો સ્પષ્ટ નિર્દેશ કરે છે.

**સામાજિક જૂથ :**

રાષ્ટ્રની કુલ જનસંખ્યામાં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિનું પ્રમાણ ઘણું મહત્ત્વ ધરાવે છે. એકંદર સામાજિક આર્થિક પછાતપણાને ધ્યાનમાં લઈને ભારતના બંધારણમાં આ વર્ગના ઉત્કર્ષ માટે વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવી છે. રાષ્ટ્રના અંદાજપત્રમાં તથા જે તે રાજ્યોના અંદાજપત્રમાં આ વર્ગના ઉત્કર્ષ માટે વિશેષ સાધનોની ફાળવણી પણ કરવામાં આવે છે. આ દિશા માટેના પ્રયત્નો લાંબાગાળે સામાજિક આર્થિક ગતિશિલતામાં પરિણમે છે, તેથી રાષ્ટ્રમાં આ જનસંખ્યાનું પ્રમાણ આર્થિક, સામાજિક અને રાજકીય મહત્ત્વ ધરાવે છે.

નીચેના કોષ્ટકમાં સમગ્ર ભારત તથા ઉત્તર-પૂર્વના પ્રાંતોમાં ૨૦૦૧ તથા ૨૦૧૧માં અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિનું કુલ જનસંખ્યામાં ટકાવારી પ્રમાણ દર્શાવેલ છે.

કોષ્ટકમાં દર્શાવેલ છે તે મુજબ સમગ્રદેશમાં જનસંખ્યામાં દાયકા દરમ્યાન અનુસૂચિત જાતિ ૦.૪૩%નો અને અનુસૂચિત જનજાતિની વસ્તીમાં ૦.૪૧%નો વધારો નોંધાયો છે. આ સંદર્ભમાં ઉત્તર પૂર્વના પ્રાંતોની સરખામણી કરવામાં આવે તો અનુસૂચિત જાતિમાં જે તે પ્રાપ્ત કુલ જન સંખ્યામાં તેનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળ્યું છે. કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ઉત્તરપૂર્વના ૭ પ્રાંતો પૈકી ત્રિપુરાની જનસંખ્યામાં ૨૦૧૧માં અનુસૂચિત જાતિની સંખ્યાની ટકાવારી પ્રમાણે સૌથી ૧૭.૮૩% હતું. મિઝોરમમાં આ પ્રમાણ માત્ર ૦.૦૧૧%નું નોંધાયું હતું. અનુસૂચિત જાતિના પ્રમાણમાં ઉત્તરપૂર્વમાં બધા જ પ્રાંતોમાં ભારતીય સરેરાશ કરતા કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિ પ્રમાણ ઘણું ઊંચું જોવા મળ્યું છે. અપવાદ રૂપ આસામ, સિક્કિમને બાદ કરતા બાકીના પ્રાંતોમાં કુલ જનસંખ્યામાં અનુસૂચિત જનજાતિ બહુ જ પ્રભુત્વ ધરાવે છે. ખાસ કરીને મિઝોરમમાં ૨૦૧૧ના આંક પ્રમાણે કુલ જનસંખ્યામાં ૯૪.૩૩% જનસંખ્યા આદિવાસીની છે જે પ્રમાણ નાગાલેન્ડમાં ૮૬.૪૮%, મેઘાલયમાં ૮૬.૧૫% અને અરૂણાચલમાં ૬૮.૭૯% જોવા મળ્યું છે. આમ ભારતમાં કુલ આદિવાસીઓ જનસંખ્યામાં ઉત્તરપૂર્વ બહુ મોટો હિસ્સો ધરાવે તેમ કહી શકાય.


જનસંખ્યાનાં વિવિધ પાસાઓની જેમ કે કુલ જનસંખ્યા, બાળવસ્તી, જાતિ ગુણોતર, અક્ષરજ્ઞાન, શ્રમદળ વિભાજન વગેરેનું પૃથક્કરણ ઉત્તરપૂર્વના સંદર્ભમાં કરવામાં આવ્યું છે. સમગ્ર ચિત્ર તપાસતા એમ કહી શકાય કે ઉત્તર પૂર્વના પ્રાંતોમાં જનસંખ્યાનો વૃદ્ધિદર રાષ્ટ્રીય ક્ષમતા કરતા અંકેદરે થોડો વધારે રહ્યો છે. ઉલ્લેખનીય એ છે કે છેલ્લી વસ્તી ગણતરીમાં ભારતમાં જે બાળવસ્તીનું ટકાવારી પ્રમાણ છે તેની અપેક્ષા એ ઉત્તરપૂર્વના પ્રાંતોમાં સિક્કિમને બાદ કરતા બાળવસ્તીનું ટકાવારી પ્રમાણ થોડું વધારે રહ્યું છે. મેઘાલય તેમાં સૌથી વધુ પ્રમાણ ધરાવે છે. જાતિ ગુણોત્તરને ધ્યાનમાં લઈએ તો ઉત્તર પૂર્વના પ્રાંતો પ્રમાણમાં જાતિ ગુણોત્તર ઊંચો ધરાવે છે. મિઝોરમ અને મેઘાલય જેવા પ્રાંતોમાં તથા મણિપુરમાં જાતિ ગુણોત્તર પ્રમાણ ઘણો ઊંચો છે એ ઉલ્લેખનીય હકીકત છે. મેઘાલય તથા મિઝોરમમાં આદિવાસી વસ્તી હોવા છતાં જાતિ ગુણોત્તર ઊંચો રહ્યો છે.

ઉત્તરપૂર્વના આ પ્રાંત પછાત ગણવામાં આવે છે. આર્થિક રીતે નબળા પણ ગણાય છે. પરંતુ ભારતીય સરેરાશ કરતા અરૂણાચલને બાદ કરતા બાકીના બધા જ પ્રાંતો અક્ષરજ્ઞાનમાં ખૂબ જ સારું પરિણામ ધરાવે છે. અહિંયા પુરુષ અને મહિલાઓના અક્ષરજ્ઞાનમાં બહુ મોટો તફાવત જોવા મળ્યો નથી. વિકાસની પ્રક્રિયાનું અવલોકન કરવામાં આવે તો સ્વાતંત્રતા પછીના વર્ષમાં આ વિસ્તારમાં વખતોવખત યોજનાકીય સાધનોની ફાળવણી થતા આજીવિકાના સંદર્ભે ખૂબ જ મર્યાદિત જોવા મળી છે. અક્ષર જ્ઞાનનું પ્રમાણ આટલું ઊંચું હોવા છતાં ખેત મજૂર અને ખેડૂતની સંખ્યાનું પ્રભુત્વ જોવા મળે છે. તે દર્શાવે છે કે ભૂપૃષ્ઠ તેમજ હવામાનને કારણે અહિંયા ધંધા ઉદ્યોગોનો વિકાસ પ્રમાણ ખૂબ જ મર્યાદિત રહ્યો છે.

**સંદર્ભ :**

રજિસ્ટાર જનરલ સેન્સસ ઓફ ઇન્ડિયા, ઈકોનોમિક સર્વે ૨૦૧૪-૧૫

**લેખક એમ.એસ.ડબલ્યુ. ડિપાર્ટમેન્ટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટમાં એડજંક્ટ પ્રોફેસર છે.**


Publications Division
Ministry of Information and Broadcasting
Government of India
website: publicationsdivision.nic.in
Prestigious
INDIA 2016
Reference Annual
now
available
ONLINE
भारत 2016
INDIA 2016
Buy at flipkart
www.flipkart.com
Buy eBooks at kobo
www.kobo.com


Subscribe Online NOW
बाल भारती
कुरुक्षेत्र
Kurukshetra
आजकल
YOJANA
योजना
Log on to
http://publicationsdivision.nic.in/,
in collaboration with bharatkosh.gov.in

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ માર્ચ, ૨૦૧૬
પોસ્ટિંગ તા. ૧ એપ્રિલ, ૨૦૧૬

**YOJANA (GUJARATI), April 2016** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭


## પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ગાંધી - સચિત્ર જીવનકથા | ૧૨૫.૦૦ | ગુરુનાનક થી ગુરૂગ્રંથ સાહેબ સુધી | ૧૬૦.૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦.૦૦ | તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| લાલ બહાદુર શાસ્ત્રી | ૭૦.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફૂલે | ૧૫૦.૦૦ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| કાલિદાસ કહાની | ૩૨.૦૦ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ | દૃષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ઠક્કરબાપા | ૮૦.૦૦ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ | | કુલ રૂ. ૨૪૭૮.૦૦ |
| ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ | | |


Printed & Published by Dr. (Ms) Sadhana Rout, A.D.G. and Head on behalf of Publication Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003.
Printed by Sahitya Mudrnalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022. Phone : (079) 25469101

**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**
For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 24367260 / 24365609 / 24365610**